June, 2019
Volume-8, Issue-30

ISSN 2278-4381

# SHANTI E JOURNAL OF RESEARCH

Most Referred & Peer Reviewed
Multi Disciplinary E Journal of Research

CHIEF EDITOR
**Dr. Rajeshkumar A. Shrimali**
Assistant Professor
Shree H. S. Shah College of Commerce, Modasa.

EXECUTIVE EDITOR
**Rambhai V. Baku**

CO-EDITOR
**P. R. Sharma**

# SHANTI E JOURNAL OF RESEARCH

ISSN 2278-4381

## Multi Disciplinary and Peer-Reviewed Research Journal in India

**Chief Editor**

**Dr. RAJESHKUMAR A. SHRIMALI**

ASSISTANT PROFESSOR

Shree H.S.Shah College Of Commerce, Modasa Dist- Arrvalli

**CO-Editor**

**P R SHARMA**

ASSISTANT PROFESSOR

SHRI M.B.PATEL SCIENCE COLLEGE, ANAND

**EXECUTIVE Editor**

**RAMBHAI V. BAKU**

**PUBLISHED BY**

http://www.shantiejournal.com/

JUNE-2019, VOLUME-8, ISSUE-30

# EDITORIAL BOARD

# MANAGING EDIORS

| Name | Designation | University | Place -College |
|---|---|---|---|
| Pro. Parimal M.Upadhyay | Assistant Professor Ges Class-2 | Guj Uni, Ahmedabad. | Government Commerce College-Ahmedabad. |
| Pro.D.K.Bhoya | Assistant Professor | HNGU PATAN | Mahila Arts College Motipur,Himmtnagar. |
| Dr. Bhavinbhai S.Shah | Associate Professor Ges Class-2 | Guj Uni, Ahmedabad | Gujarat Arts & Commerce College- Ahmedabad. |
| Dr.Omparakash H.Shukla | Associate Professor Ges Class-2 | Guj Uni, Ahmedabad | Gujarat Arts & Commerce College- Ahmedabad |
| Pro.Dr.Priteshkumar S.Rathod | Assistant Professor Ges Class-2 | S P University, v v nagar, anand | Government Gujarat Arts & Commerce College-Naswadi. |
| Pro.Dr.Rajesh. M. Sosa | Assistant Professor | Krishnkumarsinhji Uni. Bhavangar. | Valiya Arts & Commerce College Bhavangar. |

# SHANTI E JOURNAL OF RESEARCH- A PEER REVIEWED AND REFFERED JOURNAL (PEER REVIEWED COMMITTEE)

**The following Experts are working as a guide in M.Phil and Ph.D Degree. They are provide their service in our shanti e journal of research at free of cost. Papers published only after review through their important guidance, advice correction and required instructions.**

| Name | Designation |
|---|---|
| ❖ Dr.Devjibhai maru<br>( Assistant Professor Government Arts College-Talaja.Dis-Bhavnagar.) | Chief in sociology |
| ❖ Dr.Mahendrakumar A.Dave<br>(Associate Professor, Shree Somanath Sanskrit University-Veraval) | Chief in Sanskrit |
| ❖ Dr.Parvinsinh R.Chauhan<br>(Associate Professor, Bosmiya Arts & Commerce College-Jetpur.) | Chief in Hindi |
| ❖ Dr. Bhaveshbhai L.Dodiya<br>(Assistant Professor, R.R.Lalan College-Bhuj-Kachchh) | Chief in Chemistry |
| ❖ Dr. Nareshkumar Yayantilal Parikh<br>(Associate Professor, P.S.Scince & H.D. Arts College-Kadi.) | Chief in History |
| ❖ Dr.Nimeshkumar D.Chaudhari<br>(Associate Professor, Faculty of physical education and sports science, Gujarat vidyapith, sadara, Gandhinagar) | Chief in Physical Education |
| ❖ Dr.C.M.Thakkr<br>(Principal, T.A. Chatvani Arts & J.V Gokal Trust Commerce College,Radhanpur,Patan.) | Chief in Commerce |
| ❖ Dr.Samyak M Makwana<br>(Associate Professor, R.R.Lalan College-Bhuj-Kachchh) | Chief in Psychology |
| ❖ Dr.IROS Vaja<br>(Associate Professor, M.V.M Arts College Rajkot) | Chief in English |
| ❖ Dr.Hemaben Jikadra<br>(Associate Professor, Gujarat Arts & Science College(Aft) Ellishbredge Ahemdabad) | Chief in Political Science |
| ❖ Pro. Ramesh L.Deshmukh<br>(Associate Professor, Tolani Arts & Science College Aadipur) | Chief in Gujarati |
| ❖ Dr.C.S.Zala<br>(Associate Professor, R.R.Lalan College-Bhuj-Kachchh) | Chief in Economics |

**"Shanti E Journal Of Research" is a Quarterly based Research Journal**

**Copy Right, JUNE- 2019, All Rights Reserved**

- **No part of this publication may be reproduced or copied in any form by any means without prior written permission**
- **"Shanti E Journal Of Research" holds the copyright to all articles contributed in this publication. In case of reprinted articles "Shanti E Journal Of Research" holds the copyright for the selection, sequence, introduction material, summaries and other value additions**
- **The view expressed in this publication are purely personal judgments of the authors and do not reflect the view of "Shanti E Journal Of Research". The views expressed by external authors represent their personal views and not necessarily the views of the organizations they represent.**
- **All efforts are made to ensure that the published information is correct. "Shanti E Journal Of Research" is not responsible for any errors caused due to oversight or otherwise.**

ISSN 2278-4381

## Editor's Column

The blast of knowledge at the universal hut due to scientific dynamics has without doubt redefined the very concept of new Era. The main set-up of education especially higher education-has become a subject of study and scrutiny for the scholars and practitioners who have a hunger desire to face change and challenges. It is because we, the creature beings, are brilliant with the faculty of option and a liberated will.

Unlike other type, we are not planned. We can make choices and use our free will to act and get our objectives. Inequities in learning opportunities, quality of educational military and level of learning success persist by gender, rural/town locality, ethnic backdrop, and socioeconomic status.

The quality of education and the aptitude to define and monitor this quality is absent in most upward countries. The means and span of education continue to be fine and curbed to past models of delivery, and the use of other channels continues to be informal and subsidiary. The increase in quantitative and qualitative demand for education is not in step by an raise in funds.

At this point in time, it is safe to situation that the split of views on the risk of change is marvelous. We, the publishers of Research Genius E Journal, are very much eager to view some aspect of these changes through academic article contributed by impressive scholar and social group. The nearby issue contains papers with decisive coming and scrutiny as well as orderly argument and reflection on various theme of language, prose, information technology, commerce and so on. We trust this will positively be helpful for the community who desire transform.

**Chief-Editor**

Dr. Rajeshkumar A. Shrimali

http://www.shantiejournal.com/ ISSN : 2278-4381

SHANTI E JOURNAL OF RESEARCH JUNE : - 2019, VOLUME-8, ISSUE-30

# INDEX

| Sr. | Title | Page |
|---|---|---|
| 1. | બાંધકામ શ્રમિકોની સમસ્યાઓનો એક અભ્યાસ<br>- લલિત એમ હાલારી | 1-7 |
| 2. | રંગ રસાયણ ઉદ્યોગમાં કામ કરતા શ્રમિકોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ<br>- કલ્પેશ વી. જાની | 8-11 |
| 3. | વેદનાથી ઉભરાતો અછાંદસ કાવ્યસંગ્રહ: 'સૂરજ થવાનું શમણું'<br>- *હાર્દિકકુમાર રૂપાભાઈ પ્રજાપતિ **પંડ્યા ભૂમિ આશિષભાઈ | 12-16 |
| 4. | ગુજરાતમાં બાળકોનું પોષણસ્તર<br>-દિનેશભાઇ એમ. રોહિત | 17-22 |
| 5. | વીર પસલી'ના ગાંધી<br>-પ્રા. ચૈતાલી એન. ઠક્કર | 23-29 |
| 6. | સંસ્કૃત નાટકમાં જીવનદર્શન<br>- હીરલ. ડી. પટેલ | 30-34 |
| 7. | મહાકવિ કાલિદાસની કૃતિઓમાં નિરૂપિત રાષ્ટ્રભાવના.<br>-ડૉ. યોગિની એચ. વ્યાસ | 35-37 |

*8.* જાહેરપસંદગીનાં સિધ્ધાંતો

**-Mr. BhardwajbhaiPrahladbhai Vyas** *38-41*

*9.* "सूत्रात्मको मन्त्रांशः" ।

-अंकितः जे. रावलः *42-45*

*10.* शैक्षणिकविज्ञानदृष्ट्यापरिभाषेन्दुशेखरग्रन्थः

-उदितः जितेन्द्र शर्मा *46-49*

# બાંધકામ શ્રમિકોની સમસ્યાઓનો એક અભ્યાસ

1

- લલિત એમ હાલારી,

રિસર્ચ સ્કોલર, સમાજ શાસ્ત્ર વિભાગ,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

માનવીની સ્થળાંતરની લાક્ષણીકતા ઐતિહાસિક તબક્કા અનુસાર પરિવર્તન પામતી રહી છે. આદિમાનવ ખોરાકની શોધમાં નિરંતર પરિભ્રમણ કરતા ખેતીની શોધ બાદ સ્થાયી સામુદાયિક જીવન જીવતા મનુષ્યે અન્ય સમુદાયનાં પ્રદેશ પર આક્રમણ શરુ કર્યા, અને નવા પ્રદેશોમાં સ્થાયી થયા. પુરાતનકાળથી લોકો ભોજન રહેઠાણ સુરક્ષા અર્થે એક જગ્યાએથી બીજી જગ્યાએ કુટુંબ, જાતિ, કબીલા, બીજા દળના રૂપમાં સ્થળાંતર કરતા રહ્યા છે. સ્થાયી થવા માટે લોકોએ અપનાવેલી આ રીતે સ્થળાંતર કરવામાં આવે છે. આ એક શાશ્વત પ્રક્રિયા છે.

સ્થળાંતરને ઘણા અર્થોમાં સમજવામાં આવે છે. સાહીત્યક રૂપે એનો અર્થ વ્યક્તિ અથવા વ્યક્તિઓનું એક જગ્યાએથી બીજી જગ્યાએ તેમજ એક રહેઠાણથી બીજા રહેઠાણમાં પરિણમે છે. New Webster's Dictionary ના અનુસાર સ્થળાંતર એટલે ૧) એક જગ્યાએથી બીજી જગ્યા, વિસ્તાર, રાષ્ટ્ર અથવા દેશની ફેરબદલી. ૨) કામની શોધમાં એક જગ્યાએથી બીજી જગ્યાની ફેરબદલી.

ઔદ્યોગિકરણ પ્રવેશ બાદ આકાર લેતું સ્થળાંતર મોટે ભાગે વૈયક્તિક પ્રકારનું હોય છે. એટલે કે વ્યક્તિ પોતાના અંગત વિકાસની તકો સુલભ હોય તે સ્થળે વસવાટ બદલાતો જણાય છે. આ ઉપરાંત યુધ્ધ કે રાજકીય અસ્થિરતાના પરિસ્થિતિમાં મોટી સંખ્યાને કરવી પડતી હિજરતને પણ સ્થળાંતરનો એક પ્રકાર છે. વિકાસ પરિયોજનાને કારણે સમગ્ર વસાહત પાસે ફરજિયાત પણે કરાવાતા સ્થળાંતરનો પણ ઉલ્લેખ અનિવાર્ય છે. (પટેલ અર્જુન અને દેસાઈ કિરણ, ૧૯૯૨) સ્થળાંતરની પ્રક્રિયામાં બે બાબત મુખ્ય જણાય છે. શ્રમિક એક સ્થળેથી બીજા સ્થળે જાય છે. બીજું કે તેમના રોજિંદા નિવાસ સ્થાનને ને બદલે નવા સ્થળે નિવાસ કરે છે. (જોષી મહેશ, ૧૯૮૯)

<u>**સ્થળાંતરીતોના રોજગારીના ક્ષેત્રો-**</u>ભારતમાં સ્થળાંતરીતોના રોજગારી ક્ષેત્રો કૃષિ અને બાંધકામની સાથે સાથે, અન્ય ક્ષેત્રો જેવાકે પેટ્રોલિયમ, ઓઇલ એન્ડ ગેસ, શીપીંગ, સિમેન્ટ, ધાતુશાસ્ત્ર, પેપર, કેમિકલ, ફર્ટિલાઇઝર, ઓએનજીસી, ગેઇલ, શિપયાર્ડ, સિમેન્ટ, એનટીપીસી પાવર પ્લાન્ટ, સ્ટીલ, રાસાયણિક, તેલ, સમુદ્રી આવાગમનના પીવીસી, ઓઇલ શારકામ અને એક્સપ્લોરેશન જાયન્ટ, કાપડ, હીરા, એલએનજી, પેપર મિલ વગેરે માં રોજગારી મેળવે છે.

<u>**ભારતમાં બાંધકામ ક્ષેત્ર-**</u>વિશ્વમાં ભારત બીજા ક્રમનું સૌથી વધુ ઝડપથી વિકાસ પામી રહેલું અર્થતંત્ર છે. ભારતમાં બાંધકામ ઉધોગ ભારતીય અર્થતંત્રમાં વિકાસ માટેના મૂડી રોકાણનો ગણનાપાત્ર હિસ્સો ધરાવે છે. અને ઔધોગિકીકરણ, શહેરીકરણ, આર્થિક વિકાસ અને ઉચ્ચ જીવન ધોરણ માટે લોકોની વધતી જતી અપેક્ષાઓને કારણે આ ક્ષેત્રમાં વધુ વિકાસ થવાની શક્યતા છે.

ભારતમાં કૃષિ ક્ષેત્ર પછીના ક્રમે બાંધકામક્ષેત્ર બીજા ક્રમની સૌથી મોટી આર્થિક પ્રવૃતિ છે. ઈન્ડો- ઈટાલીયન ચેમ્બર ઓફ કોમર્સના ભારતમાં બાંધકામ ક્ષેત્ર અંગેના અહેવાલ મુજબ ૨૦૦૮-૦૯ દરમ્યાન ભારતમાં માળખાગત સવલતોમાં થયેલા કુલ મૂડી રોકાણનો ૬૫ ટકા ભાગ બાંધકામ ક્ષેત્રમાં થયો હતો. અને ભવિષ્યમાં પાયાની સુવિધાઓ અંગેના મૂડીરોકાણમાં બાંધકામક્ષેત્ર સૌથી મોટો ભાગ ભજવે એવી અપેક્ષા છે. ભારતના કુલ ઘરેલુ પેદાશનો લગભગ ૧૧ ટકા ભાગ બાંધકામમાં મૂડીરોકાણ સ્વરૂપે છે. ભવિષ્યના આવનારા વર્ષો દરમ્યાન ઉર્જા, એરપોર્ટ વગેરેમાં થનારા મૂડીરોકાણને કારણે સમગ્ર બાંધકામ ઉધોગનો માટા પાયે વિકાસ થનાર છે.

વૃધ્ધિ પામતા મધ્યમ વર્ગની વધતી જતી આવક, વિભક્ત કુટુંબોની સંખ્યામાં વધારો, નીચા વ્યાજ દરો, યુવા વર્ગમાં ઘરની માલિકી માટે વધતુ જતું વલણ વગેરે પરિબળોને કારણે રહેઠાણ અંગેની માંગમાં તીવ્ર વધારો થઇ રહ્યો છે. Indicus Analytics નાં એક અભ્યાસ મુજબ ૨૪.૩ મિલિયન નવા આવાસોની માંગ થશે. જેને માટે આવનારા વર્ષો દરમ્યાન ૧૬ બિલિયન યુરો જેટલું મૂડી રોકાણ જરૂરી બનશે. આ સાથે જ વ્યાપાર ક્ષેત્રની જરૂરીયાતો જેવી કે આધુનિક ઓફિસો, હોટેલો, શોપીંગ સેન્ટરો વગેરે માટે વ્યાપારી મિલ્કતોની પણ માંગ વધશે. નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ૨૦૦૮ ના અહેવાલ મુજબ છેલ્લા આઠ વર્ષોમાં બાંધકામ ક્ષેત્રનું ઉત્પાદન લગભગ ૧૧.૧ ટકાના ચક્રવૃધ્ધિ વાર્ષિક દરે વધ્યુ છે. કુલ ઘરેલુ પેદાશમાં બાંધકામક્ષેત્રનો ફાળો ૯ ટકાની આસપાસ રહ્યો છે.

ભારતની કુલ ઘરેલુ પેદાશમાં જુદા જુદા ક્ષેત્રના હિસ્સામાં છેલ્લા વર્ષો દરમ્યાન દ્વિતીય ક્ષેત્ર અને પ્રાથમિક ક્ષેત્રની તુલનામાં પણ બાંધકામ ક્ષેત્રનો વૃદ્ધિ દર વધુ રહ્યો છે. વર્ષ ૧૯૭૨-૭૩ થી ૧૯૭૭-૭૮ દરમ્યાન પ્રાથમિક ક્ષેત્ર ૪.૩૪, દ્વિતીય ક્ષેત્ર ૪.૯૧, તુતિય ક્ષેત્ર ૪.૭૦, બાંધકામ ક્ષેત્ર ૪.૫૭ હતો.વર્ષ ૧૯૭૭-૭૮ થી ૧૯૮૩ દરમ્યાન પ્રાથમિક ક્ષેત્ર ૨.૪૭, દ્વિતીય ક્ષેત્ર ૪.૩૮, તુતિય ક્ષેત્ર ૫.૧૫, બાંધકામ ક્ષેત્ર ૧.૩૪ હતો. વર્ષ ૧૯૮૩ થી ૧૯૮૭-૮૮ દરમ્યાન પ્રાથમિક ક્ષેત્ર ૦.૦૩, દ્વિતીય ક્ષેત્ર ૪.૯૮, તુતિય ક્ષેત્ર ૬.૯૦, બાંધકામ ક્ષેત્ર ૪.૩૦ હતો. ૧૯૮૮-૧૯૮૯ થી ૧૯૯૯-૨૦૦૦ દરમ્યાન પ્રાથમિક ક્ષેત્ર ૩.૩૧, દ્વિતીય ક્ષેત્ર ૬.૬૨, તુતિય ક્ષેત્ર ૮.૩૫, બાંધકામ ક્ષેત્ર ૬.૩૬ હતો. વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૪-૦૫ દરમ્યાન પ્રાથમિક ક્ષેત્ર ૧.૫૬, દ્વિતીય ક્ષેત્ર ૬.૭૪, તુતિય ક્ષેત્ર ૭.૫૮, બાંધકામ ક્ષેત્ર ૯.૧૭ હતો. વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૦૯-૧૦ દરમ્યાન પ્રાથમિક ક્ષેત્ર ૩.૧૦, દ્વિતીય ક્ષેત્ર ૮.૮૨, તુતિય ક્ષેત્ર ૧૧.૧૫, બાંધકામ ક્ષેત્ર ૯.૨૩ હતો. તેમજ ૧૧ મી પંચવર્ષીય યોજના દરમ્યાન બાંધકામક્ષેત્રનો વૃદ્ધિ દર ૭.૮ કુલ ઘરેલુ પેદાશના વૃદ્ધિ દર ૮.૨ કરતા થોડો ઓછો રહ્યો છે. ૧૨મી પંચવર્ષીય યોજનાના બે લક્ષ્યાંકો ૯ ટકા અને ૯.૫ ટકા ના સંદર્ભમાં જોઇએ તો આ બંને કિસ્સામાં બાંધકામક્ષેત્રનો વૃદ્ધિ દર કુલ ઘરેલુ પેદાશના વ્રુધ્ધિ દર કરતાં વધુ રહેવાની ધારણા છે. (NSSO various round)

**<u>બાંધકામ ક્ષેત્રમાં રોજગારી-</u>** ભારત દેશમાં કૃષી ક્ષેત્રને બાદ કરતા બાંધકામક્ષેત્રમાં રોજગારીનું પ્રમાણ સૌથી વધુ છે. અને રોજગારી આપવામા બાંધકામક્ષેત્રનો ફાળો બીજા નંબરે આવે છે. બાંધકામક્ષેત્રના કામદારો મુખ્યત્વે તેઓ કૃષિક્ષેત્ર માંથી બાંધકામક્ષેત્રમાં આવતા હોય છે.આ કામદારો માં મોટાભાગના શ્રમિકો સ્થળાંતરીત કામદારો છે. તેઓમાં રોજગારીનું પ્રમાણ ઉંચુ હોય છે.

સરકારશ્રી દ્વારા પણ બાંધકામક્ષેત્રમાં રોજગારીને મહ્ત્વ આપવામાં આવે છે. સરકારશ્રી પાકની લણણી એટલે કે મોસમ સિવાયના સમયે અને બેકારી દુર કરવા માટે બાંધકામક્ષેત્રે રોજગારી પુરી પાડે છે.

વર્ષ ૨૦૨૨ સુધીમાં બાંધકામક્ષેત્રમાં લગભગ ૯૨ મિલિયન વ્યક્તિઓ રોજગારી મેળવતી હશે એવી અપેક્ષા છે. એટલે કે હવે પછીનાં ૧૦ વર્ષમાં લગભગ ૫૦ મિલિયન વધારાની રોજગારીની તકો ઉભી થશે. ૧૨મી પંચવર્ષીય યોજના મુજબ વર્ષ ૨૦૨૨ સુધીમાં ૩.૭૨ મિલિયન ઈજનેરો, ટેકનીશીયનો ૪.૩૨ મિલિયન, સહાયરૂપ સ્ટાફ ૩.૬૫ મિલિયન, કુશળ શ્રમિકો ૨૩.૩૫ મિલિયન, અકુશળ/અર્ધકુશળ શ્રમિકો ૫૬.૯૬ મિલિયન, કુલ માનવ શક્તિ ૯૨ મિલિયન રોજગારીની તકો ઉભી થશે.

સમગ્ર અર્થતંત્રમાં છેલ્લા ૪ દાયકામાં રોજગારીનો લાંબા ગાળાનો વાર્ષિક વૃદ્ધિ દર ફક્ત ૨ ટકાની આસપાસ રહ્યો છે. જેમાં ૧૯૭૨-૭૩ થી ૧૯૮૩ દરમ્યાન તે ૨.૪૪ ટકા, ત્યાર પછીનાં ૧૦ વર્ષ દરમ્યાન ૨.૦૨ ટકા અને વર્ષ ૧૯૯૩-૯૪ થી ૨૦૦૪-૦૫ દરમ્યાન ૧.૮૪ ટકા જેટલો રહ્યો છે. જે દર્શાવે છે કે દરેક દાયકામાં રોજગારીનો વૃધ્ધિ દર સમય અનુસાર ઘટતો રહ્યો છે. જો કે બાંધકામક્ષેત્રમાં આ તમામ સમયગાળા દરમ્યાન રોજગારીનો ટકાવારી વૃધ્ધિ દર સરેરાશ કરતા ઘણા ઊંચો રહ્યો છે. આમ ઔધોગિકક્ષેત્રમાં બાંધકામ પ્રવૃત્તિઓમાં રોજગારીનો વૃદ્ધિ દર તુલનાત્મક રીતે ઉંચો અને વધતા દરે વધી રહ્યો છે. વર્ષ ૧૯૯૯ થી ૨૦૦૫ દરમ્યાન તે ૭ ટકા જેટલો હતો. જયારે

છેલ્લા ૫ વર્ષોમાં તે ૧૧ ટકા જેટલો રહ્યો હતો. જેની સામે અર્થતંત્રમાં કુલ રોજગારી લગભગ સ્થિર થઇ ગઇ હતી. (NSSO various round)

**સુરત શહેરમાં બાંધકામ-**

પ્રસ્તુત સંશોધનમાં સુરત શહેરની પસંદગી કરવામાં આવી છે. જે સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા શહેરોમાંનું એક છે. સુરત શહેર એ ગુજરાત રાજયના અમદાવાદ બાદ બીજા વ્યાવસાયીક કેન્દ્ર તરીકે આવે છે. સુરત શહેરના ઝડપથી થઇ રહેલા સુરતનો ઔધોગિક વિકાસ ખૂબ જ ઝડપથી રહ્યો છે. સુરત શહેર મુખ્યત્વે કાપડ ઉધોગ અને હીરા ઉધોગ માટે જાણીતું શહેર છે. રોજગારી અને વિકાસની દ્રષ્ટીએ સુરત શહેરમાં બાંધકામક્ષેત્ર અગત્યનું સ્થાન ધરાવે છે.ઔધોગિક વિકાસની એક આગવી લાક્ષણિકતાને કારણે શહેરની વસ્તીમાં મોટુ પ્રમાણ સ્થળાંતરીત વસ્તીનું છે.

સુરત સીટી ડેવલપમેન્ટ પ્લાન, ૨૦૦૬-૨૦૧૫ મુજબ સુરતમાં બાંધકામક્ષેત્રનો રોજગારીમાં ફાળો ૭.૧૦ ટકા જેટલો છે. તેની સરખામણીમાં સેવાક્ષેત્રનો ફાળો ૧૦.૬ ટકા અને મેન્યુફેકચરીંગ ક્ષેત્રનો ફાળો ૫૩ ટકા જેટલો છે. સ્વભાવિક રીતે વસ્તી વૃદ્ધિ અને આર્થિક પ્રવૃત્તિના વ્યાપને લીધે બાંધકામક્ષેત્રનો વિકાસ પણ ખુબ ઝડપથી થઇ રહ્યો છે. સુરત શહેરમાં ચાલી રહેલ બાંધકામ પ્રવૃત્તિઓને બે વિભાગ હેઠળ વહેંચી શકાય છે. જેમાં ખાનગી ક્ષેત્રની બાંધકામ પ્રવૃત્તિઓ અને જાહેર ક્ષેત્ર એટલે કે સુરત મહાનગરપાલિકા અને રાજય કે કેન્દ્ર સરકાર દ્વારા થતી બાંધકામની પ્રવૃત્તિઓ. આ બંને ક્ષેત્રો દ્વારા થતી બાંધકામની પ્રવૃત્તિમાં એક સામાન્ય બાંધકામ પ્રવૃત્તિએ રહેઠાણો ( મકાનો/ઊંચી અને મધ્યમ ઇમારતો) વગેરેનો સમાવેશ થાય છે.

**સ્થળાંતરીત કામદારો પર થયેલા અભ્યાસોનું વિહંગાવલોકન-**

Surabhi K.S.(૨૦૦૭) એ કોચીમાં તામિલ સ્થળાંતરિત શ્રમિકોની સામાજિક -આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો અને સ્થળાંતર માટે પ્રોત્સાહિત કરતા અને દબાણ કરતાં પરિબળો જાણવા વગેરે હતા. Mukherjee (૨૦૦૯) એ ભારતનાં શહેરી વિસ્તારના સ્થળાંતરિત શ્રમિકોના જીવન- ધોરણ અને કાર્ય પરિસ્થિતિ મા સાર્થક ફેરફાર ની તપાસ કરવામાં આવી હતી. N. Parveen & Patil (૨૦૧૦) એ આ અભ્યાસમા સ્ત્રી બાંધકામ શ્રમિકોની સમસ્યાઓની તપાસ કરવામાં આવી હતી. Poongodi R. (૨૦૧૨) એ સંશોધનમા તામિલનાડુના શહેરના બાંધકામ કામદારોની સામાજિક- આર્થિક અને કામની સ્થિતિ નો અભ્યાસ કરવો. તેમજ નડતી મુશ્કેલીઓનો અભ્યાસ કર્યો હતો.

ILO(૨૦૦૧) ના અહેવાલ મુજબ તેમાં જણાવ્યા મુજબ ગુજરાતમાં બાંધકામ ઉધોગમાં Reputed Construction Companies & Multinational Companies ને બાદ કરતાં બાંધકામમાં અકસ્માતો નિવારવા સલામત કામની સ્થિતિ સર્જવા કે સાવચેતીના પગલાઓ લેવાનો ખ્યાલ હજુ વિકસ્યો નથી. મોટાભાગનાં બાંધકામોમાં જૂની પૂરાણી પરંપરાગત કામની પધ્ધતિથી જ કામ કરવામા આવે છે. માલિકો અને કોન્ટ્રાકટરો કામદારોની સલામતી પ્રત્યે બેજવાબદારભર્યુ વર્તન અને લાપરવાહી દાખવતા હોવાથી અકસ્માતોનું પ્રમાણ ઊંચુ છે. મોટાભાગના અકસ્માતો સલામતીના સાધનોનો અભાવ અને સલામતી પ્રત્યેની જાગૃતિના અભાવે સર્જાય છે.

M.Dilipkumar (૨૦૦૬) એ પુના શહેરની ૮૨ જેટલી બાંધકામ સાઇટો પરથી શ્રમિકો પાસેથી પ્રત્યક્ષ વ્યક્તિગત મુલાકાત દ્વારા માહિતી એકત્ર કરેલ હતી. આ માહિતી પરથી નિષ્કર્ષો પ્રાપ્ત કરવા માટે વર્ગીકરણની પધ્ધતિનો ઉપયોગ કરવામા આવ્યો હતો. આ સંશોધનના અગત્યના નિષ્કર્ષો જોઈએ તો, આ શ્રમિકોના રહેઠાણો જર્જરીત અવસ્થામાં હતાં અને તેઓ પતરા અને રબરની સીટ દ્વારા બનાવાયેલા ઘરોમાં રહેતા હતા. ખુબજ ઓછી બાંધકામ કંપનીઓ પોતાના શ્રમિકો માટે રહેઠાણની સગવડ આપતી હતી. આ રહેઠાણોમાં વીજળી, ગટરવ્યવસ્થા, બાથરુમ, ટોયલેટ કે પીવાના પાણીની સગવડો ખુબ જ મર્યાદિત પ્રમાણમાં હતી. મોટાભાગની કંપનીઓ શ્રમિકોને કોઈપણ પ્રકારની વૈદકીય સારવાર પૂરી પાડતી ન હતી. ઉપરાંત સ્ત્રી શ્રમિકોને મેટરનીટીની રજાનો લાભ પણ મળતો ન હતો. જો કામના સમય દરમીયાન કોઇ અકસ્માત બને અને ઇજાઓ થાય ત્યારે સારવાર ખર્ચ પુરુ પાડતી ન હતી. જીવન

વિમો પણ આપવામાં આવેલ નથી. સેફ્ટી સાધનો જેવા કે હેલમેટ, ગ્લોઝ, સેફ્ટી સુઝ વગેરે બાંધકામ ક્ષેત્રના શ્રમિકોને પુરા પાડવામાં આવતા ન હતા. આ ક્ષેત્રમાં થયેલા શ્રમની સરખામણીમાં શ્રમિકોનું વેતન ઘણું ઓછુ હોય છે. ઉપરોક્ત અભ્યાસના આધારે નીચેના હેતુઓની પસંદગી કરવામાં આવી છે.

૧) શહેરોમાં સ્થળાંતરિત બાંધકામ કામદારોનું સામાજિક પ્રુષ્ઠભુમી જાણવી. ૨)બાંધકામ કામદારોના સ્થળાંતરના કારણોની તપાસ કરવી. ૩) બાંધકામ કામદારોના વતનની તેમજ શહેરી બાંધકામ સાથે સંકળાયેલ સ્થળાંતરિત કામદારોના પ્રશ્નો/સમસ્યાઓ અંગેની જાણકારી મેળવવી.

**અભ્યાસમાં સંશોધન પદ્ધતિ-**

અભ્યાસ ક્ષેત્રને અને અભ્યાસના વિષયને સમજવા માટે સંશોધકે સુરત શહેરની એક બાંધકામ સાઈટ પરના સ્થળાંતરીત બાંધકામ શ્રમિકો પૈકી ૩૦ ને પસંદ કરવામાં આવ્યા અને મુલાકાત અનુસુચીની મદદથી હેતુઓના સંદર્ભમાં પ્રશ્નો પુછી અનુસુચી ભરવામાં આવેલ છે.

**અભ્યાસ ક્ષેત્ર-**

સુરત શહેરમા વસતા ૪૫ લાખ લોકોને પાયાની સુવિધાઓ પૂરી પાડતી મહાનગરપાલિકા દેશભરની સૌથી સમૃદ્ધ મહાનગરપાલિકામાની એક છે. વેરા આવક અને કેપિટલ આવકને પરિણામે સુરત મહાનગરપાલિકા પાસે શહેર વિકાસના કાર્યો માટે તોતીંગ બજેટ છે. છેલ્લા દશ વર્ષમાં મહાનગરપાલિકાએ વિકાસ કામો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે અને નજીકના ભવિષ્યમાં જ સુરત મુંબઈનો વિકલ્પ બનશે એવી ભવિષ્યવાણી થઈ રહી છે. સુરત શહેરે ઔધોગિક ક્ષેત્રે હરણફાળ ભરી છે અને હાલમાં તે ગુજરાતનાં આર્થિક પાટનગર તરીકે બહાર આવ્યુ છે.

હીરા, મોતી, ઝવેરાત અને જરીના ઉધોગ ઉપરાંત આર્ટ સિલ્ક, પાવર લુમ્સ અને મિલોનો પણ ઘણો મોટો ઉધોગ અહી વિકસ્યો છે. કાપડ, રેયોન, ફર્ટીલાઈઝર, સિમેન્ટ, કેમિકલ્સ વગેરેના ઉધોગો વરાછા, ઉધના, મગદલ્લા વગેરેમાં ખુબ જ વિકસ્યા છે. ઉત્રાણનું પાવરહાઉસ અને સુમુલ ડેરીનો પણ તેમાં ફાળો છે. તો સુખડ અને લાકડાના નકશીકામ અને હજીરાનું ખાતરનું જંગી કારખાનું અને મગદલ્લા બંદરોનો વિકાસ સુરતને સમૃદ્ધ બનાવવામાં સહાયક નીવડયા છે.

છેલ્લા દશ વર્ષમાં સુરત શહેરે અદભુત વિકાસ સાધ્યો છે અને સમગ્ર એશિયામાં તે સૌથી ઝડપી વૃધ્ધિ દરે વધતુ શહેર છે.એમ કહેવાય છે કે સુરતમાં બેરોજગારી દર શુન્ય છે અને તેથી દર વર્ષે લગભગ ૬૦ હજાર લોકો ધંધા રોજગારીની શોધમાં સુરત આવે છે. સુરતમાં ઉધોગોમાં પરંપરાગત રીતે હીરા ઉધોગ અને કાપડ ઉધોગ મહત્વનાં મનાતા હતા પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં રિલાયન્સ, ક્રિભકો, એસ.આર, એલ.એન્ડ.ટી, એન.ટી.પી.સી., અને શેલ જેવા મહાકાય ઉધોગોની સ્થાપનાને કારણે સુરતનું ઔધોગિક ચિત્ર ઘણું બદલાઈ ગયુ છે.

**સુરત શહેરમાં બાંધકામ ક્ષેત્રે કામ કરતા સ્થળાંતરીત બાંધકામ શ્રમિકોની સ્થિતી-**

સુરત શહેરમાં બાંધકામ ક્ષેત્રે કામ કરતા સ્થળાંતરીત બાંધકામ શ્રમિકોની વિવિધ માહિતીમાંથી બહાર આવેલ કેટલાક તથ્યો સંશોધન અભ્યાસના હેતુઓને પાર પાડે છે.

પ્રસ્તુત સંશોધનમા અન્ય રાજ્યમાંથી સ્થળાંતર કરીને આવેલા કામદારોમા ૭૬.૩% અન્ય રાજ્યમાંથી સ્થળાંતર કરીને આવેલા જેમાં મધ્યપ્રદેશ, બિહાર, ઉત્તરપ્રદેશ, બિહાર રાજ્યના છે. જ્યારે ૨૩.૭% ગુજરાત રાજ્યના દાહોદ, ગોધરા, નર્મદા જિલ્લાના જોવા મળ્યા છે.

પ્રસ્તુત સંશોધનમાં બાંધકામ કામદારોને સ્થળાંતર કરવા કોઈની મદદ મળતી હોય છે જેમાં પરિવારના સભ્યોની મદદથી સ્થળાંતર કર્યું હોય તેવા ઉતરદાતા (૩૪%), મુકાદમની મદદથી સ્થળાંતર કર્યું તેવા ઉતારદાતા (૬૨%), ગામના લોકોની મદદથી સ્થળાંતર કરનાર ઉતરદાતા (૪%), જોવા મળ્યા છે.

પ્રસ્તુત સંશોધનમાં બાંધકામ કામદારોને મુકાદમ સાથે પૈસા બાબતમાં સંઘર્ષ થયો હોય તેવા ઉતરદાતા (૨૦%), કામ માટે સંઘર્ષ થયો હોય તેવા ઉતરદાતા (૨૫.૭%), વ્યક્તિગત સબંધોમાં સંઘર્ષ થયો હોય તેવા ઉતરદાતા (૨%),સામાજિક સબંધોમાં સંઘર્ષ થયો હોય તેવા ઉતરદાતા (૨%) જોવા મળે છે

સ્થળાંતર કરવા પાછળ કોઈ ને કોઈ કારણ રહેલું છે આ અભ્યાસમાં ૪૬% એ રોજગારી માટે સ્થળાંતર કર્યું, ૧૨%એ ખેતીમાં નુકશાની થયાથી, ૨% લગ્નના કારણે, ૧૪% એ ખેતીલાયક જમીનમાં નુકશાની અને ન હોવાથી, ૧૨% એ વતનમાં ઓછી મજૂરી હોવાથી,૧૪% એ પરિવાર સાથે સ્થળાંતર કર્યું.

પ્રસ્તુત સંશોધનમાં બાંધકામ કામદારોને મુકાદમ સાથે પૈસા બાબતમાં સંઘર્ષ થયો હોય તેવા ઉતરદાતા (૨૦%), કામ માટે સંઘર્ષ થયો હોય તેવા ઉતરદાતા (૨૫.૭%), વ્યક્તિગત સબંધોમાં સંઘર્ષ થયો હોય તેવા ઉતરદાતા (૨%),સામાજિક સબંધોમાં સંઘર્ષ થયો હોય તેવા ઉતરદાતા (૨%) જોવા મળે છે

સંશોધનમાં બાંધકામ કામદારોમાં એકલાપણુંની સમસ્યાઓથી પીડાતા ઉતરદાતા (૧૨%), સ્થળાંતર બાદ વાતાવરણ અનુકૂળ ન આવ્યું હોય તેવા ઉતરદાતા (૧૪%), ખાવાની સમસ્યા હોય તેવા ઉતરદાતા ૧૯.૭%,રહેવાની સમસ્યા હોય તેવા ઉતરદાતા (૪૪%), ભાષાકીય તકલીફ હોય તેવા ઉતરદાતા (૮%), કામની સમસ્યાથી પીડિત ઉતરદાતા (૨.૩%) જોવા મળ્યા છે.

પ્રસ્તુત સંશોધનમાં બાંધકામ કામદારોમાં પણ છૂટા છેડાનું પ્રમાણ જોવા મળે છે જેમાં અલગ અલગ કારણો જોવા મળ્યા છે. અણબનાવ થી છૂટા છેડા થયા હોય તેવા ઉતરદાતા (૨૪%), તેમનો પતિ દારુ પીને મારામારી કરતા હોવાથી છૂટા છેડા થયા હોય તેવા ઉતરદાતા (૧૪%), કોઈપણ પ્રકારે મારઝુડ કરતા હોવાથી છૂટા છેડા થયા હોય તેવા ઉતરદાતા (૧૫.૭%), અન્ય સાથેના અનૈતિક સંબધોના કારણે છૂટા છેડા થયા હોય તેવા ઉતરદાતા (૬.૩%) જોવા મળ્યા હતા.

પ્રસ્તુત સંશોધનમાં બાંધકામ કામદારોમાં વ્યસનનું પ્રમાણ વધુ જોવા મળે છે. તેઓ દર મહિને ૫૦ થી ૧૫૦ સુધીનો ખર્ચ કરતાં હોય તેવા ઉતરદાતા (૬%), ૧૫૧ થી ૨૫૦ સુધીનો ખર્ચ કરતાં હોય તેવા ઉતરદાતા (૨૫.૭%), જ્યારે ૨૫૧ થી વધુનો ખર્ચ કરતાં હોય તેવા ઉતરદાતા (૬૮.૩%)જોવા મળે છે.

પ્રસ્તુત સંશોધનમાં ઉતરદાતાઓમાના મોટાભાગના એટ્લે કે ઉતરદાતા (૮૪%) દેણાનો ભોગ બનેલા છે. જ્યારે માત્ર ઉતરદાતા ૫ર (૧૬%) કોઈ પણ પ્રકારનું લેણું નથી. આથી ફલિત થાય છે કે બાંધકામ કામદારોમાં દેણાનું પ્રમાણ વધુ જોવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનમાં આવરી લેવાયેલા ઉતરદાતાઓમાંના (૨૪%) બાંધકામના કારણે આંખને નુકશાન થાય છે એવું જણાવ્યુ હતું. જ્યારે ઉતરદાતાઓ (૧૭.૭%) હાથ પગને નુકશાન, ઉતરદાતા (૪૨.૩%), ઉતરદાતા (૨%) ને સ્વાથયને લગતી અન્ય તકલીફ, ઉતરદાતા (૬%) ને શ્વાસમાં તકલીફ થતી જોવા મળે છે. આમ આવી રીતે બાંધકામ કામદારોની તેમના આરોગ્ય પર અસર થતી જોવા મળે છે.

બાંધકામ સાઈટ પર કામ કરતા મજુર કામદારો પોતાના વતનથી દુર સ્થળાંતર કરીને આવેલા હોવાથી તેઓ કુટુંબના સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં હાજરી આપી શકતા નથી. મજુર કામદારોને ઘણીવાર બેકાર બેસી રહેવુ પડે છે. જેથી તેઓ દારુ, બીડી, તમાકુ ગુટકા વગેરે જેવા વ્યસન તરફ વળે છે. ઘણીવાર તેઓને આર્થિક- શારીરિક શોષણને કારણે માનસિક રોગોનો શીકાર બનવુ પડે છે. આખો દિવસ બે ટંકનું ભોજન કમાવવામાં આવા મજુર કામદારો સમય કાઢી નાખે છે. જેથી બાળકો પ્રત્યે પુરતું ધ્યાન આપી શકતા નથી. પરિણામે આવા કામદારોના બાળકો પૂરતુ શિક્ષણ મેળવીને સુશિક્ષીત બની શકતા નથી. મજુર કામદારોને રહેણાંક, આરોગ્ય, મનોરંજન વગેરે જેવી સમસ્યાઓથી લઈ અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આવા મજુર કામદારોની સ્ત્રીઓ આર્થિક મંદીને કારણે

અન્ય કોઇ વિકલ્પ ન મળતા ઘણીવાર વૈશ્યાવ્રુતિ તરફ ધકેલાઇ જાતી હોય છે. જેથી ઘણીવાર તેઓ એઇડસ અને જાતીય બિમારીઓનો ભોગ બનતી હોય છે. ઘણીવાર માલિકોના પ્રેશર નીચે મજુર કામદારોને કામ કરવુ પડતુ હોય છે. જેથી માલિકના સતત ટક-ટક ના કારણે કામદારોના સ્વભાવ ગુસ્સાવાળા અને ચીડીયા બની જતા હોય છે. જેમાં મોટાભાગના મજુરોની ઉધોગપતિઓ તરફથી સ્વાસ્થયને લગતી કોઇ ખાસ સુવિધા ઉપલબ્ધ થતી નથી. જેથી ઘણીવાર બિમારી વખતે આવા મજુરોને પોતાના માથા પર દેવુ કરવુ પડતુ હોય છે. સંશોધકે કરેલ નિરીક્ષણ મુજબ સુરત શહેરનાં બાંધકામ કામદારોને સ્થળાંતરને લીધે ઉભી થતી સમસ્યાઓ હોય છે. જેમાં આવાસ, બાળકોનું શિક્ષણ વગેરે જોવા મળે છે. તેઓને પોતાનાં ગામડામાં, વિસ્તારમાં રોજગારી ન મળતાં શહેરોમાં સ્થળાંતર કરવુ પડે છે આમ વિવિધ કાયદાઓ અમલમાં હોવા છતાં બાંધકામ મજુરોને અનેકવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ઉલ્લેખનીય બાબત એ છે કે બાંધકામ મજુરો સ્લેબ ભરવાના કામમાં રોકાયેલા મજુરો પોતાના સ્વખર્ચે સલામતી માટે હેન્ડગ્લોઝ અને સેફ્ટી બેલ્ટ ખરીદી ઉપયોગ કરે છે.

**ઉપસંહાર**

બાંધકામ નું ક્ષેત્ર એ ભારત દેશનું રોજગારી આપતું બીજું મોટું ક્ષેત્ર છે. બાંધકામનું કામ ગુજરાત રાજ્યમાં પણ સારા એવા પ્રમાણમાં વિકસી રહ્યું છે. આથી આ ક્ષેત્રમાં મજૂરીની તકો પણ વધુ પ્રમાણમાં ઉપલબ્ધ બની છે. ગામડાઓમાં રોજગારીની તકો ખુબજ ઓછી હોવાના કારણે આ ક્ષેત્રમાં રોજગારી મેળવવા માટે અકુશળ કામદારો તેમના ગામડા માથી શહેરો તરફ સ્થળાંતર કર્યું છે. આ કામદારો શહેરમાં આવતા તેમના રહેવાની સમસ્યા સર્જાઈ છે. આથી તેઓ ઝૂપડાઓ બનાવીને તેમાં વસવાટ કરે છે. તેમના વતનમાં આ લોકો ખેતીકામ સાથે સંકળાયેલા હતા. ખેતી પણ વરસાદ આધારિત હોવાથી આઠ થી દસ મહિના બેકાર રહેતા હોવાથી તેઓ સ્થળાંતર કરવા મજબૂર બને છે.

શહેરમાં અકુશળ અને અભણ અને ઓછું ભણેલા લોકો માટે સરળતાથી ફાવે તેવું કામ બાંધકામ મજૂરી છે. તેમાં સરળતાથી રોજગારી મળે છે પણ આ વ્યવસાય આકાશીરોજી છે.આથી તેઓ અનેક પ્રકારની આરોગ્ય, શિક્ષણ, કામની સમસ્યાઓથી પીડાય છે. તેઓ તેમના રૂઢિ-રિવાજોને વળગી રહે છે. બચતનું પ્રમાણ ઓછું અને વ્યસનનું પ્રમાણ વધુ જોવા મળે છે. આથી આ સ્થળાંતરીત બાંધકામ કામદારો તેમનું અને તેમના પરિવારનું ભવિષ્ય સુનિશ્ચિત કરી શકતા નથી. સરકારશ્રી દ્વારા પણ બાંધકામ શ્રમ યોગી બોર્ડ બનાવી તેમણે આઈડેન્ટિફાઈ કરી તેઓને લગતા કાયદાઓ અને યોજનાઓનો લાભ અપાવવા પ્રયત્નશીલ છે. પરંતુ સ્થળાંતરીત બાંધકામ કામદારોમાં તેમની માન્યતાઓ અને વ્યસનનું પ્રમાણ વધુ અને શિક્ષણનું પ્રમાણ નીચું હોવાથી તેમનામા કોઈ ખાસ પરીવર્તન જોવા મળતું નથી.

**સંદર્ભ સુચી-**

Poongoli, R. (૨૦૧૨) Socio-Economic characteristics of women construction workers in Tamilnadu - Some Evidence.

Nuzhat Parveen and patil, (૨૦૧૦) Women in Informal Sector; A case study of Construction Industry.

Mukherjee, Piu, (૨૦૦૯) Migrant Workers in Informal Sector: A Probe into Working Conditions.

Surbhi, K.S. (૨૦૦૭) Labour Migration to Kerala : A Study of tamil migrant labourers in Kochi.

Gillen Marion (૨૦૦૪) Constuction Workers Perceptions of Management Safety Practice A Qualitative Investigation Sage Publication New Delhi

SEWA Academy (૨૦૦૦) Labouring Brick by Brick, A Study of Construction Workers: SEWA Academy, Ahmedabad

Joshi Vidhyut (Editor) Migrant Labour and Related Issues, Ford and IBM Publishing Co. Pvt. Ltd. (૧૯૮૭)

ગુજરાતી

દવે, હર્ષિદા (૨૦૦૫) સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત અમદાવાદ

હિરવે ઈન્દિરા પ્રો., ડો. મહાદેવીયા દર્શીની (૨૦૦૪) ગુજરાત માનવ વિકાસ અહેવાલ, મહાત્મા ગાંધી આશ્રમ સંસ્થાન, અમદાવાદ

વેબસાઈટ

http://labourbureau.nic.in/Ninth_digest_Mar_2011.pdf

http://toolstep.com/idea/what-are-the-problems-that-construction-workers-face-in-indi

http://planningcommission.nic.in/aboutus/committee/wrkgrp11/wg11constrn.pdf

http://www.ilo.org/wcmsp5/groups/public/---eddialogue/---sector/documents

http://www.mospi.gov.in

# " રંગ રસાયણ ઉધોગમાં કામ કરતા શ્રમિકોનો સમાજશાસ્ત્રીય અભ્યાસ "

સંશોધક– કલ્પેશ વી. જાની
પીએચ.ડી. વિદ્યાથી,સમાજશાસ્ત્ર ભવન,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

2

વર્ષ ૨૦૧૧ ની વસ્તી પ્રમાણે ભારતમાં સ્થળાંતરીત લોકોની કુલ સંખ્યા ૪૫,૩૬,૪૧,૯૫૫ જેટલી જોવા મળે છે. જેમાં પુરૂષની સંખ્યા ૧૪,૦૯,૬૨,૨૮૦ અને સ્ત્રીની સંખ્યા ૩૧,૨૬,૭૯,૬૭૫ છે. સ્થળાંતરનાં કારણો પણ જુદા જુદા જોવા મળે છે. જેમાં રોજગારને લીધે સ્થળાંતર કરનારની સંખ્યા ૪,૬૩,૮૩,૭૬૬ વેપારને લીધે સ્થળાંતર કરનારની સંખ્યા ૪૩,૪૫,૦૧૮ શિક્ષણને લીધે સ્થળાંતર કરનારની સંખ્યા ૮૦,૦૯,૬૫૩ લગ્નને લીધે સ્થળાંતર કરનારની સંખ્યા ૨૨,૩૮,૮૨,૭૧૦ જન્મ બાદ સ્થળાંતર કરનારની સંખ્યા ૪,૭૯,૫૯,૧૯૪ ત્યારબાદ કુટુંબની હેરાફેરીને લીધે સ્થળાંતર કરનારની સંખ્યા ૬,૯૮,૦૨,૩૬૯ અને અન્ય કારણને લીધે સ્થળાંતર કરનારની સંખ્યા ૫,૩૨,૫૯,૨૪૫ જોવા મળે છે.

વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે ગુજરાતમાં સ્થળાંતરીત લોકોની કુલ સંખ્યા ૨,૬૯,૫૮,૧૩૪ જેટલી જોવા મળે છે. જેમાં પુરૂષ ૯૯,૨૭,૯૨૧ અને સ્ત્રી ૧,૭૦,૩૦,૨૧૩ છે. સ્થળાંતરનાં કારણો પણ જુદા જુદા જોવા મળે છે. જેમાં રોજગારને લીધે સ્થળાંતર કરનારની સંખ્યા ૩૩,૨૭,૪૩૭ વેપારને લીધે સ્થળાંતર કરનારની સંખ્યા ૬,૮૭,૪૩૫ શિક્ષણને લીધે સ્થળાંતર કરનારની સંખ્યા ૩,૫૭,૦૮૪ લગ્નને લીધે સ્થળાંતર કરનારની સંખ્યા ૧,૦૮,૬૭,૯૦૭ જન્મ બાદ સ્થળાંતર કરનારની સંખ્યા ૩૫,૮૨,૯૪૦ ત્યારબાદ કુટુંબની હેરાફેરીને લીધે સ્થળાંતર કરનારની સંખ્યા ૪૮,૭૫,૨૧૧ છે અને અન્ય કારણને લીધે સ્થળાંતર કરનારની સંખ્યા ૩૨,૬૦,૧૨૦ છે. (Source : Census of India 2011)

લોકો સ્થળાંતરીત થયા બાદ ઉધોગોની અંદર નાની મોટી રોજગારી મેળવે છે. આ ઉધોગમાં ગૃહ ઉધોગ, મધ્યમ કદનાં ઉધોગ, તથા મોટા કદનાં ઉધોગનો સમાવેશ કરવામાં આવે છે. ત્યારબાદ બાંધકામ ક્ષેત્રનો પણ સમાવેશ કરી શકાય. તેમાં પણ લોકોને સ્થળાંતરીત થયા બાદ સરળતાથી રોજગારી મેળવે છે. એવી જ રીતે સ્થળાંતરીત થયા બાદ કલર કામ, ટાઈલ્સનું કામ, ફર્નિચરનું કામ, અને માલ સામાન પેકીગનું કામમાં રોજગારી મેળવે છે.

**➢સ્થળાંતરીત લોકો ઉપર થયેલા અભ્યાસોનું વિહંગાવલોકન :–**

કિરણ દેસાઈ અને અર્જુન પટેલ (૧૯૯૨) દ્વારા લિખિત પુસ્તકમાં તેઓ જણાવે છે કે ગુજરાતમાં પણ અસાધારણ વિકાસની સાથે સાથે સામાજિક, આર્થિક અને પ્રાદેશિક વિષમતા પણ જન્મી છે. તેઓ પોતાનાં અભ્યાસમાં ગ્રામીણ ગુજરાતમાં સ્થળાંતર કયા વિસ્તારમાંથી કયા વિસ્તાર તરફ થાય છે? તે માટેનાં જવાબદાર પરિબળો કયા છે? સ્થળાંતરિત શ્રમિકોની સામાજિક–આર્થિક પરિસ્થિતિ અંગેની માહિતી તેમજ અસરો અને પ્રશ્નો જાણવાનો પ્રયાસ કર્યા છે.

અર્જુન પટેલ (૨૦૦૧) દ્વારા ડાંગ અને દાહોદ વિસ્તારમાંથી સ્થળાંતરિત થયેલ આદિવાસીઓની વાત કરવામાં આવી છે. જેમા શા માટે આદિવાસીઓને મજુરી કામ માટે સ્થળાંતર કરવુ પડે છે ? સ્થળાંતર કરનારા આદિવાસીઓનાં સામાજિક લક્ષણો કયા છે ? તેઓની કામનાં સ્થળે શી પરિસ્થિતિ છે ? સ્થળાંતરનાં પ્રશ્નને હળવો કે નાબુદ કરવા શું થઈ શકે વગેરે પ્રશ્નો અહી ચર્ચા કરવામાં આવી છે. તારણો પરથી જાણવા મળે છે કે આદિવાસી લોકો ગરીબી દુર કરવાં અને રોજગારી મેળવા સ્થળાંતર કરે છે.

બીસનુ બારિક (૨૦૦૩) એ કરેલા અભ્યાસમાં એવુ જોવા મળ્યું કે ૯૦% શ્રમિકો ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા હતા. જેઓ ઓરિસા, બિહાર, કાશ્મીર, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, બિહાર, આસામ, જેવા રાજયોમાંથી આવતા હતા. તેમજ ૭૫% શ્રમિકો અશિક્ષિત હતા. વતનમાં પુરતો રોજગાર મળતો ન હોવાથી, ઓછી જમીન હોવાથી, પુરતી આવક ન હોવાથી સ્થળાંતર કરતા માલુમ પડે છે. જેમાનાં ૮૦% શ્રમિકો તેઓના કુટુંબના સભ્યો અને નજીકના મિત્રોના પ્રોત્સાહનથી સુરત જેવા શહેરમાં રોજગારી મેળવવા આવતા હતાં. જેઓને વિવિધ પ્રકારની રજા, આરોગ્યની સેવા, અકસ્માતના લાભો મળતા ન હતા. તેમજ ગંદા વસવાટમાં ઓછા માસિક ભાડે રહેવુ પડતું હતું.

સેન બર્મન (૨૦૧૦) એ પોતાનાં પુસ્તકમાં ભારત, ચીન અને ઇન્ડોનેશિયાનાં સ્થળાંતરીત શ્રમિકો કઈ રીતે અસંગઠિત ક્ષેત્રમાં જોડાય છે તે અંગેનાં કારણો, તેનાં કામના કલાકો, ઓછા વેતનમાં કેવી રીતે કામ કરે છે? તેવી અનેક બાબતો અંગે જાણકારી મેળવી છે. શહેરી અને ઔદ્યોગિક પ્રકારના પર્યાવરણમાં કામ કરતાં શ્રમિકોની કામ કરવાની શૈલીને તપાસી વર્તમાનમાં થઈ રહેલ પરિર્વતનો તપાસી તેના તારણો રજુ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

રાજેન્દ્ર સેંજલીયા (૨૦૧૪) પોતાનાં સંશોધનમાં સૌરાષ્ટનાં અલગ અલગ જિલ્લાઓનાં ઔદ્યોગિક ક્ષેત્રના અસંગઠિત મજૂરોના પ્રશ્નો અને પડકારોનો અભ્યાસ કર્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્રના ઔદ્યોગિક માળખાની જાણકારી મેળવવા તેમજ શ્રમિકોની આર્થિક સ્થિતિ અને અન્ય પરિસ્થિતિ જાણવા અભ્યાસ હાથ ધરેલ. જેમાં તેઓ જોયુ કે શ્રમિકો પાસેથી વધુ કલાકો કામ લેવામાં આવે છે તથા મોટા ભાગનાં શ્રમિકોને યોગ્ય લાભો આપવામાં આવતા નથી. જેની તેઓ મળવાની અપેક્ષા રાખે છે.

**➢અભ્યાસનાં હેતુઓ :–**

ઉપર જોઈ ગયેલા અભ્યાસનાં આધારે પ્રસ્તુત સંશોધનનાં હેતુઓ આ મુજબ છે. સ્થળાંતરીર લોકો કયાં રાજયમાંથી આવે છે તે જાણવુ, તેની સામાજીક પૃષ્ઠ ભુમિકા જાણવી, સ્થળાંતરનાં કારણો જાણવા, વતનમાં કઈ કઈ સમસ્યાઓનો સામનો કરતા હતાં અને અહિ કઈ કઈ સમસ્યાઓનો સામનો કરવો પડે છે તે જાણવુ.

**➢અભ્યાસનું ક્ષેત્રઃ–**

સંશોધકે અભ્યાસનાં વિસ્તાર તરીકે દક્ષિણ ગુજરાતમાં આવેલી સૌથી મોટી ઔદ્યોગિક વસાહત એટલે વાપી જી.આઈ.ડી.સી.નો વિસ્તાર પસંદ કરેલ છે. કારણકે દક્ષિણ ગુજરાત તરફ ઔદ્યોગિક વિકાસ વધારે જોવા મળે છે. વાપીની અંદર ઔદ્યોગિક વસાહત માટે વર્ષના અંત સુધીમાં સંપાદન કરેલ કુલ જમીન ૧૧૬.૩૮ લાખ

ચો.મી. છે. વાપીની વર્ષ ૨૦૧૧ ની કુલ વસ્તી ૧૬૩૬૦૫ છે. તેમાં પુરૂષોની સંખ્યા ૯૪૩૩૮ છે તે કુલ વસ્તીનાં ૫૮ ટકા અને સ્ત્રીની સંખ્યા ૬૯૨૬૭ છે તે કુલ વસ્તીનાં ૪૨ ટકા થાય છે. (જિલ્લા આંકડકીય રૂપરેખા – વલસાડ જિલ્લો ૨૦૧૨ : ૫૮)

વલસાડ જિલ્લાની અંદર આવેલા ઉધોગની વાત કરીયે તો સૌથી વધારે રસાયણ અને રસાયણિક પેદાશના કારખાના જોવા મળે છે. તેની કુલ સંખ્યા ૬૩૪ છે. ઉન, રેશમ અને સીન્થેટીક ફાઈબરનાં કારખાના જેની કુલ સંખ્યા ૨૯૦ છે, કાગળ, કાગળની પેદાશ અને આનુંસાગિક ઉધોગની સંખ્યા ૨૮૧ તથા રબર,પ્લાસ્ટીકનાં ઉધોગની સંખ્યા ૧૬૫ છે. (જિલ્લા આંકડકીય રૂપરેખા – વલસાડ જિલ્લો ૨૦૧૨ : ૫૩)

➢ **માહિતી એકત્રીકરણની પદ્ધતિઓ :–**

પ્રસ્તુત અભ્યાસમાં સમષ્ટિ (નમુનો) પ્રતિનિધિત્વપૂર્ણ બને એ માટે યદચ્છ નિદર્શન પ્રદ્ધતિ દ્વારા ઉધોગમાં નિયમિત રીતે કામ પર આવતા કામદારને યદચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા પસંદ કર્યા હતા. વાપીમાં ગુજરાત બહારનાં સ્થળાંતરિત કામદારો આશરે ૪૫ ટકા કરતા વધારે જવા મળે છે. બાકીનાં ૨૫ ટકા ગુજરાતમાંથી સ્થળાંતરિત થઈને આવેલા કામદાર છે અને ૩૦ ટકા કામદારો આજુબાજુનાં વિસ્તારનાં જોવા મળે છે. (Source :– આકડાં શાખા, વાપી નગર પાલિકા, વાપી, જિલ્લો – વલસાડ ૨૦૧૧)

પ્રસ્તુત સંશોધન માટે મુલાકાત પધ્ધતિનો ઉપયોગ કરીને સમગ્ર ઉત્તરદાતાઓ પાસેથી તૈયાર કરેલ અનુસૂચિનાં આધારે પ્રાથમિક માહિતી મેળવવામાં આવી હતી. આ ઉત્તરદાતાઓને નિદર્શન પધ્ધતિનાં ઉપયોગ દ્વારા રંગ અને રસાયણ ઉધોગમાં કામ કરે છે તેવા ૨૫ કામદારોને વાાપી વિસ્તારમાંથી પસંદ કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાત નિરીક્ષણ, ગ્રંથાલય અને ઈન્ટરનેટ જેવા ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

➢ **મજૂરોની પરિસ્થિતિ :–**

આ અભ્યાસમાં કુલ ૨૫ શ્રમિકોમાંથી ૨૦ ટકા ઉત્તરદાતાઓ ઉતર પ્રદેશ, ૨૦ ટકા ઉત્તરદાતાઓ બિહાર, ૦૮ ટકા ઉત્તરદાતાઓ પશ્ચિમ બંગાળ, ૧૨ ટકા ઉત્તરદાતાઓ રાજસ્થાન, ૧૨ ટકા ઉત્તરદાતાઓ મધ્ય પ્રદેશ, ૦૮ ટકા ઉત્તરદાતાઓ મહારાષ્ટ, ૦૪ ટકા ઉત્તરદાતાઓ કેરલા, ૦૮ ટકા ઉત્તરદાતાઓ આધ્રં પ્રદેશ, ૦૮ ટકા ઉત્તરદાતાઓ ઝારખંડ વગેરેમાંથી આવે છે. તેમાં પણ કામદારો ઉતર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, રાજસ્થાનમાંથી આવતા હોય એવુ વધારે જોવા મળે છે. સ્થળાંતરનાં કારણો પુછતા જણાવે છે કે ૫૦ ટકા ઉત્તરદાતાઓ રોજગાર, ૧૨ ટકા ઉત્તરદાતાઓ વેપાર, ૩૦ ટકા ઉત્તરદાતાઓ નોકરી, ૦૮ ટકા ઉત્તરદાતાઓ લગ્ન જણાવે છે. ઉત્તરદાતાઓનાં વતનમાં ગરીબી, પુરતી રોજગારીનો અભાવ, ભષ્ટ્રાચાર, ગુનાહિત કાર્યોનું પ્રમાણ વધારે છે. જયારે અહિ રહેઠાણ, ભાષા અને બીજી અન્ય સમસ્યાઓ વધારે જોવા મળે છે. ઔધોગિક વિસ્તારમાં ગંદકીનું પ્રમાણ વધારે જોવા મળે છે. અમુક કંપનીમાં પાણીની વ્યવસ્થા, બાથરૂમની વ્યવસ્થા, પ્રકાશની વ્યવસ્થા બરાબર નથી. મજુરોનું લઘત્તુમ વેતન આજના દિવસે (ઈ.સ. ૨૦૧૯) દૈનિક રૂા. ૩૦૦/– છે. જે મહિને માત્ર રૂા.૯૦૦૦/– ની થાય છે. આ આવકમાં કુટુંબનું જીવન ગુજરાન મુશ્કેલ ભર્યુ છે. તે કુટુંબ કઈ રીતે ચલાવી શકે ? ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરમાં કામ રોજગાર માટે સ્થળાંતર થઈને આવતા મજૂરોને શહેરમાં વધારે ખરાબ

પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. જેમાં ખાસ તો આરોગ્યની સમસ્યા અને રહેઠાણની સમસ્યા તેઓને સતાવે છે. તેમનાં છોકરાને શૈક્ષણિક બાબતોમાં પણ ઘણી સમસ્યાનો સામનો કરવો પડે છે.

➢ **અભ્યાસના તારણો :–**

- સરકારી અધિકારીઓ કયારેક વર્ષ એક વાર અથવા બે વાર ચેકીંગમાં આવે છે.
- અમુક રંગ રસાયણની કંપનીમાં શ્રમિકોની સુરક્ષા માટેનાં સાધનનો અભાવ જોવા મળે છે અને જીવનનું જોખમ પણ વધારે છે.
- ઘણા બધા કામદારોને પી.એફ. અથવા કામદાર વિમા યોજનાં વિશે માહિતી જ નથી.
- સ્થળાંતરિત શ્રમિકો વતનમાં વારંવાર જઈ શકતા ન હોવાથી જાતિયતાનાં પ્રશ્નો વધારે ઉદ્દભવે છે.
- સ્થળાંતરિત શ્રમિકો પોતાનાં મુખ્ય તહેવારમાં (દિવાળી, હોળી, છઠ પુજા) વતન જવાનો આગ્રહ રાખે.
- અભ્યાસ દરમિયાન એક વાત સ્પષ્ટ થાય છે કે શ્રમિકોને પગાર તો મળે છે પણ સમયસર મળતો નથી. જેને લીધે શ્રમિકો ઘણીવાર મુશ્કેલીમાં પણ આવી જાય છે.

➢ **સંદર્ભ સૂચિ :–**


- રાવલ, ચંદ્રિકાબેન કે. (૧૯૯૩) અસંગઠિત વિભાગમાં સ્ત્રી કામદારો, પાશ્વ પ્રકાશન, અમદાવાદ.
- મણિયાર, બી.જી. (૧૯૯૮) મજૂરોનું અર્થશાસ્ત્રઃ મોર્ડન લો હાઉસ, અમદાવાદ.
- મર્ચન્ટ, આમ્રપાલી (૨૦૦૪) 'ક્રિયાનું સમાજશાસ્ત્ર' યુનિવસિટી ગંથ્ર નિમાર્ણ બોર્ડ,અમદાવાદ.
- કિરણ દેસાઈ અને અર્જુન પટેલ (૧૯૯૨) "ગ્રામીણ ગુજરાતમાં શ્રમ સ્થળાંતર" યુનિવસિટી ગંથ્ર નિમાર્ણ બોર્ડ,અમદાવાદ.
- અર્જુન પટેલ (૨૦૦૧) "ડાંગ અને દાહોદ વિસ્તારમાંથી સ્થળાંતરિત થયેલ આદિવાસીઓનો અભ્યાસ" પાશ્વ પ્રકાશન, અમદાવાદ.
- સેન બર્મન (૨૦૧૦) "Rural Contradiction and Changes in India" An Empirical Analysis. African Journal of Business Management, 4(10), 2042-2050, Retrieved from http://www.academicjournals.org/AJBM
- રાજેન્દ્ર સેંજલીયા (૨૦૧૪) " સૌરાષ્ટ્રમાં ઔદ્યોગિક ક્ષેત્રના અસંગઠિત મજૂરોના પ્રશ્નો અને પડકારોનો અભ્યાસ" એમ.ફીલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
- www.labour.gujarat.in
- www.IndustrialRelationsandContract-Labour-in-India.in
- www.Industrialgujrat.in

# વેદનાથી ઉભરાતો અછાંદસ કાવ્યસંગ્રહ: 'સૂરજ થવાનું શમણું'

3

હાર્દિકકુમાર રૂપાભાઈ પ્રજાપતિ (MA,SI)
પંડ્યા ભૂમિ આશિષભાઈ

**પ્રસ્તાવના:**

સર્જક અને સર્જન વિષે સૌથી મહત્વની બાબત સર્જકની સંવેદનશીલતા છે. સર્જક કોઈ ચિત્તની શાંત પળોમાં કશાક સંવેદનનો પ્રભાવ જીલતો હોય છે. પછી તે સર્જન પ્રક્રિયા તરફ વળતો હોય છે. સર્જન પ્રક્રિયા વખતે સર્જકની સામે બે બિંદુઓ હોય છે. એક બિંદુ એટલે તેની સંવેદના અને બીજું બિંદુ તે સ્વરૂપનું. સાહિત્યમાં એવું પણ કહેવાયું છે કે સર્જન પ્રક્રિયામાં સંવેદન પોતેજ એનું સ્વરૂપ નક્કી કરે છે. તો બીજી તરફ કેટલાક સર્જકો સ્વરૂપ ઉપર ધ્યાન આપ્યા વિના પોતાના સંવેદનો પ્રગટ કરવામાં માનતા હોય છે. આવા જ આ સર્જક દિપક પરમાર 'પથ્થર' તેમનો પ્રથમ અછાંદસ કાવ્યસંગ્રહ 'સૂરજ થવાનું શમણું'(૨૦૧૮) લઈને આવે છે.

**કવિ પરિચય:**

મા ઉમાનું સાનિધ્ય એટલે ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું ઉંઝા, ઉંઝામાં રહેતા ૬૨ વર્ષના કવિશ્રી દીપક પરમાર 'પથ્થર' પોતે  ધોરણ ૧૨ સુધી અભ્યાસ કર્યો છે, પોતાના જીવનમાં ખૂબ જ કપરા ઉતાર-ચઢાવ જોયા અને તેના જ અનુભવોથી પોતે રચનાઓ રચતા, કવિ હાલ કોન્ટ્રાક્ટ બેઝ ઉપર મહેસાણા ONGCમાં નોકરી કરે છે અને સાથે સાથે પોતાના અનુભવોની કલમ ચલાવી સાહિત્યની ઉપાસના કરી ખેડાણ કરે છે. કવિ કહે છે કે મેં મારી પ્રથમ રચના ઈ.સ. ૧૯૭૮માં રચી હતી. આજે તેમનો પ્રથમ અછાંદસ રચનાઓથી ભરેલો સંગ્રહ 'સૂરજ થવાનું શમણું' પુસ્તકનો પરિચય કરાવવાનો મારો ઉપક્રમ છે.

**પુસ્તક પરિચય:**

'સૂરજ થવાનું શમણું' કુલ ૯૬ પૃષ્ઠ ધરાવતું આ પુસ્તક કે જે અછાંદસ રચના સંગ્રહ છે, સંગ્રહના મુખપૃષ્ઠ ઉપર રણ અને ઉપર સૂર્યનું પ્રતિક સાથે બે પંખીની છબીઓ છે અને અંતિમપૃષ્ઠ ઉપર રણમાં કવિ પોતે સૂર્ય સામે આંગળી ચીંધીને ઉભેલા છે. કવિ પોતે સ્વીકારે છે કે, "મને છંદની સમજણ નથી અને મને છંદ જાણે બંધન જેવું લાગે છે." આમ કહી કવિ આ સંગ્રહ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ભાવકો સમક્ષ પ્રથમ આવૃત્તિ પ્રકાશિત કરે છે. મોટાભાગની રચનાઓમાં કવિની વેદના જોવા મળે છે, અને આ વેદના માત્ર કલ્પનો નથી પરંતુ સ્વઅનુભવેલી વેદનાની વ્યથા કંડારી છે. હવે તેમના આ સંગ્રહની કેટલીક રચનાઓ જોઈને સંગ્રહનો પરિચય મેળવીએ.

પોતે જોયેલા સ્વપ્નો કે પોતાને સૂરજ થવું હતું ને માત્ર એક દીવો બની ને રહી ગયા, જોઈએ તેમની રચના:

**'સૂરજ**
**થવાનું મને**
**શમણું હતું'**

**ને**

**દીપક બનીને રહી ગયો.** (પૃ.૨૫)

જીવનભર માણસે કોઈકનાં દર્શન કરવાની ઝંખના સેવી હોય, સર્જક પોતે પ્રિયાને હવે મન ભરીને વરસવાનું કહે છે છટક્યા વગર:

**મારા**
**હૈયાની કોર છે આળી**
**તું**
**વરસીનેકર ને હરિયાળી,**
**ખૂબ રાહ જોઈ છે તારી**
**હવે દે નહિ હાથતાળી.** (પૃ.૫૧)

કોઈપણ સર્જક એની નીજી અનુભૂતિને કલમના માધ્યમથી પ્રસ્તુત કરી ઉરના ઉધામાને હળવો કરી લેતો હોય છે, કવિ પોતાનું બધું જીવન પ્રિયપાત્રને અર્પણ કરવાનું સહજતાથી કહે છે:

**માંગી તો જો**
**એકવાર**
**બધું જ તને અર્પણ છે**
**તું જ**
**મારું જીવન**
**ને**
**તું જ**
**મારું દર્પણ.** (પૃ.૫૦)

આદિ-અનાદિકાળથી મનુષ્ય પ્રકૃતિ સાથે ગાઢ રીતે સંકળાયેલો રહ્યો છે. વિધ વિધ રીતે પ્રકૃતિનું આકંઠ પાન કરતો આવ્યો છે. અનેકવિધ રીતે પ્રકૃતિ સાથેવણાતો રહ્યો છે. કવિએ પ્રકૃતિના તત્વોને રચનામાં કેદ કરીને પોતાની વેદના જતાવી છે:

**દરિયાની**
**જેમ**
**ક્યાં કિનારા હોય છે**
**રણ ને?**
**એતો સતત**
**વધતું રહે છે**
**તમારી વેદનાની જેમ !** (પૃ.૫૬)

*

**વાટ**
**જોશો નહિ હવે**
**ચંદ્રની,**
**ઓ તારલાઓ,**
**પૂનમની રાતે**
**ચંદ્ર તો રોકાયો છે**
**અધવચ્ચે**
**વાદળોની વાતે...(પૃ.૫૭)**

કવિએ સાહિત્યના વિરામચિહ્નોનો પણ રચનામાં મઝાનો વિનિયોગ કર્યો છે, જોઈએ આ રચના:

**અલ્પવિરામ**
**અને**
**પૂર્ણવિરામની**
**વચ્ચે**
**અવતારનોથી**
**બંધાયેલી**
**આ જિંદગીને મારો**
**એક જ પ્રશ્ન છે કે,**
**મારા ઉદગારો**
**તારા સુધી પહોંચશે**
**કે નહીં.?**
**કે પછી મારે આમ જ**
**નાના કૌંસમા પૂરી રહેવાનું. (પૃ. ૬૦)**

માણસના હૃદયની સૌથી મોટી ટ્રેજેડી એ છે કે તેનામાં અનેક ભાવ રહેલા છે. એક સમયે તે જેને ધિક્કારે છે, તેને જ તે બીજી પળે ચાહવા માંડે છે. કવિ સામેના પાત્રને ચેતવતા કહે છે:

**ખોતર નહિ**
**હૃદયના ઘાવને**
**ભેદ ખૂલી જશે**
**તારી બેવફાઈનો.(પૃ.૬૮)**

અત્યારના જમાનામાં કવિને કોઈના પર વિશ્વાસ બેસતો નથી, તે માણસાઈ માટે કહે છે કે:

**થીંગડાં**

**ક્યાં સુધી મારીને**
**ઓઢું?**
**આ માણસાઈની**
**ચાદરને**
**હવે તો ઠંડી ચડે છે**
**માણસને જોઈને...! (પૃ.૬૧)**

*

**માણસોના**
**અડાબીડ**
**જંગલમાં**
**શોધું**
**હું...**
**માણસાઈને.**(પૃ.૪૦)

જેની સાથે તે લડવા ચાહે છે તેની જ ખાતર તે બલિદાન પણ આપે છે. જેનામાં દુર્બળતા છે, સ્વાર્થ છે, સુખી થવાની ભાવના છે, તો સાથે સાથે ઉદારતા, મમતા અને બીજા ખાતર મરી ફીટવાની અપૂર્વ ત્યાગભાવના પણ છે:

**હે...પ્રિયે !**
**કેટલી**
**કેટલી નફરત ભરી છે**
**તારા હૃદયમાં?**
**ને**
**મારું રોમ રોમ**
**તને ચાહે છે.** (પૃ.૩૦)

અને છેલ્લે કવિએ ૯ જેટલાં હાઇકુને પણ સંગ્રહમાં સમાવેશ કર્યો છે. બે ત્રણ જોઈએ :

**સપનું મારું**
**પૂરું ના થયું કેમ ?**
**રાત અધૂરી** (પૃ.૯૪)

**સૂરજ ઊગ્યો**
**શમણું લઈ એક**
**ને સાંજ પડી** (પૃ.૯૪)

**સાગર તટે**
**ડૂબી મારી નાવડી**
**ને જોતો રહ્યો**(પૃ.૯૫)

ઉપસંહાર:

આમ, આ સંગ્રહની રચનાઓમાં વિચારનું સૌંદર્ય, અભિવ્યક્તિમાં કલ્પન, પ્રતિક, અલંકાર જેવા લાક્ષણિક તત્વોનો કવિએ સુંદર વિનિયોગ કર્યો છે જે જોવા મળે છે, સાંપ્રત સમયમાં યુવાકવિઓનું પ્રમાણ ખૂબ જ મોટું જોવા મળે છે, ત્યારે ઢળતી વયે કવિ 'પથ્થર' પોતાના બહોળા અનુભવોના સાગરમાંથી રચનાઓ પીરસે છે, કવિ તરફથી જાણવા મળ્યું છે કે વર્ષ ૨૦૧૯ના ઓગસ્ટ મહિનામાં પોતાનો બીજો સંગ્રહ પ્રકાશિત કરવા જઈ રહ્યા છે.

........................................................................

# ગુજરાતમાં બાળકોનું પોષણસ્તર

દિનેશભાઇ એમ. રોહિત

આસીસ્ટન્ટ પ્રોફેસર

4

શ્રી કિશનદાસ કિકાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધંધુકા.

જિલ્લો : અમદાવાદ

**ટૂંકસાર :**

આજનું બાળક આવતી કાલનું ભવિષ્ય છે. રાષ્ટ્રની સંપત્તિ છે. માટે તેનો ઉછેર પૂરે પૂરી કાળજીથી થાય તે બાબત જરૂરી છે. આજનું રાજ્ય "પોલિસ રાજ્ય" ને બદલે "કલ્યાણરાજ્ય" ની ભાવનાનો સ્વીકાર કરે છે. માટે જ બાળકના જન્મથી શરૂ કરીને તેના મૃત્યુ પર્યંતની ચિંતા રાજ્ય કરે છે. આવનાર બાળક કોઇ પણ પ્રકારની શારિરીક કે માનસિક ખામીનો ભોગ ન બને તે માટે સરકાર દ્વારા સગર્ભા સ્ત્રીઓને વિવિધ રોગ પ્રતિકારક રસીઓ આપવામા આવે છે. જેથી બાળક જન્મથી જ તંદુરસ્ત રહે. તેમ છતા જન્મ પછી કેટલાક બાળકોનું પોષણ સ્તર સામાન્ય હોતું નથી. બાળક પાંચ વર્ષની ઉંમરનું થાય ત્યાં સુધીમા તેનું પોષણનું સ્તર સામાન્ય રહે તેવો પ્રયત્ન કરવામા આવે છે. છતા પણ કેટલાક બાળકો કુપોષણનો ભોગ બની જાય છે. જેથી તેઓ પાંચ વર્ષથી ઓછી ઉંમરમા મૃત્યુ પામે છે. નાના બાળકોમા કુપોષણ ત્રણ સ્વરૂપે જોવા મળે છે. જે બાળક ઉંમરના પ્રમાણમા ઓછી ઉંચાઇ ધરાવતો હોય તેને Height for Age -ઠીંગણાપણું (Stunted), ઉંચાઇના પ્રમાણમા ઓછું વજન ધરાવતો હોય તેને Weight for Height પાતળાપણું (Wasting) અને ઉંમરના પ્રમાણમા ઓછું વજન ધરાવતો હોય તેને Weight for Age-ઓછું વજન (Underweight) બાળક તરીકે ઓળખવામા આવે છે. રાષ્ટ્રિય કૌટુંબિક સર્વેક્ષણ કાર્યક્રમના ચાર તબક્કા પૂર્ણ થયેલા છે. પરન્તુ ગુજરાત રાજ્યની માહિતિ માત્ર NFHS બે, ત્રણ અને ચારની જ ઉપલબ્ધ છે. જે અંતર્ગત ગુજરાત રાજ્યમા પાંચ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા બાળકોમા કુપોષણનું પ્રમાણ જાણવાનો પ્રયત્ન પ્રસ્તુત સંશોધન પત્રમાં કરવામા આવ્યો છે.

ચાવીરૂપ શબ્દો : રાષ્ટ્રિય કૌટુંબિક સર્વેક્ષણ કાર્યક્રમ, પોષણસ્તર, કુપોષણ, ઠીંગણાપણું , પાતળાપણું , ઓછું વજન.

પ્રસ્તાવના :

ભારત દેશ આજે વિશ્વની છઠ્ઠી મહાસત્તા બનવા માટે પ્રયન્તશીલ છે. પરંતુ દેશ ઘર આંગણાની સમસ્યાઓથી ઘેરાયેલો છે. નબળું ખેતીક્ષેત્ર, ગરીબી, બેકારી, બાળ મૃત્યુંદર વગેરે જેવી સમસ્યાઓ વિકરાળ બનતી જાય છે. જે સમગ્ર દેશને લાગુ પડે છે. ગુજરાત રાજ્યને રાષ્ટ્રના વિકાસનું રોલ મોડેલ ગણવામા આવે છે. આર્થિક વિકાસમા અગ્રેસર માનવામા આવતુ ગુજરાત આરોગ્યની બાબતમા ખરેખર અગ્રેસર નથી. ગુજરાતમા પાંચ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા બાળકોમા પોષણનું સ્તર સામાન્ય જોવા મળતુ નથી. અર્થાત કુપોષિત બાળકોનું પ્રમાણ પણ જોવા મળે છે. પોષણસ્તર અંગેના વિવિધ અભ્યાસો ભારતમા થયા છે અને થાય છે. જેમા રાષ્ટ્રિય કૌટુંબિક સર્વેક્ષણ કાર્યક્રમ, રાષ્ટ્રિય પોષણ કાર્યક્રમ, વાર્ષિક આરોગ્ય સર્વેક્ષણ કાર્યક્રમ વગેરે દ્વારા પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમા રહેલું પોષણસ્તર માપવામા આવે છે. જેના દ્વારા બાળકો સામાન્ય છે, કુપોષિત છે કે અતિપોષિત છે તે બાબત જાણવા મળે છે.

**અભ્યાસના હેતુઓ** :

૧. ગુજરાત રાજ્યના પાંચ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા બાળકોમા પોષણનું સ્તર જાણવું.

૨. રાષ્ટ્રિય કૌટુંબિક સર્વેક્ષણ કાર્યક્રમના બીજા, ત્રીજા અને ચોથા તબક્કાઓનો ગુજરાત રાજ્યના સંદર્ભમા બાળકોના કુપોષણનો તુલનાત્મક અભ્યાસ કરવો.

**સંશોધન પધ્ધતિ** :

પ્રસ્તૃત સંશોધન પત્રમાં ઐતિહાસિક સંશોધન પધ્ધતિ તેમજ સર્વેક્ષણ સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરવામા આવ્યો છે. રાષ્ટ્રિય કૌટુંબિક સર્વેક્ષણ કાર્યક્રમના ભૂતકાળના સંશોધનો અંતર્ગત ગુજરાત રાજ્યના પોષણસ્તરની માહિતિનો ઉપયોગ કરવામા આવ્યો છે.

**સંદર્ભ સાહિત્ય** :

1. નિર્માલ્યકુમાર સિંહા અને સમરજીત મૈતિ (૨૦૧૨) : સંશોધન માટે મિદનાપોર (પ.બંગાળ) શહેરને અભ્યાસના કાર્યક્ષેત્ર તરીકે પસંદ કરવામા આવ્યું હતુ. જેમા બે વર્ષથી વધુ અને છ વર્ષથી ઓછુ વયજૂથ ધરાવતા ૬૫૮ બાળકોને નિદર્શ તરીકે પસંદ કરવામા આવ્યા હતા. જેમા ૩૧૫ છોકરાઓ તથા ૩૪૩ છોકરીઓનો સમાવેશ કરવામા આવ્યો હતો. આ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ બાળકોમા રહેલા પોષણસ્તરને જાણવાનો હતો. જેના માટે સંશોધકો દ્વારા માનવમિતિશાસ્ત્ર (Anthropometrics) નો ઉપયોગ કરવામા આવ્યો હતો. જેમા ઉંમરના પ્રમાણમા ઓછું વજન ધરાવતા બાળકોનુ પ્રમાણ ૪૩.૪૭ ટકા (૨૮૮) બાળકો, ઉંમરના પ્રમાણમા ઓછી ઉંચાઇ ધરાવતા બાળકોનું પ્રમાણ ૪૦.૫૮ ટકા (૨૬૭) બાળકો અને ઉંચાઇના પ્રમાણમા ઓછું વજન ધરાવતા બાળકોનું પ્રમાણ ૨૩.૪૦ ટકા (૧૫૪) બાળકોનું હતું.

2. નિર્માલ્યકુમાર સિંહા અને અન્ય.(૨૦૧૨). સંશોધકો દ્વારા કનકબારી ગ્રામ પંચાયત (પશ્ચિમ બંગાળ)ના બંગાળી હિંદુ કુટુંબોના બે થી છ વર્ષના ૪૧૦ બાળકોને ધ્યાનમા રાખીને પોષણસ્તરનો અભ્યાસ કરવામા આવ્યો હતો. જેમા માનવમિતિશાસ્ત્ર દ્વારા પોષણસ્તર માપવામા આવ્યું હતુ. જેમા ઉંમરના પ્રમાણમા ઓછું વજન ધરાવતા બાળકોનુ પ્રમાણ ૪૭.૦૦ ટકા (૧૯૩) બાળકોનું હતુ. ઉંમરના પ્રમાણમા ઓછી ઉંચાઇ ધરાવતા બાળકોનું પ્રમાણ ૪૩.૨૦ ટકા (૧૭૭) બાળકો અને ઉંચાઇના પ્રમાણમા ઓછું વજન ધરાવતા બાળકોનું પ્રમાણ ૨૩.૯૦ ટકા (૯૮) બાળકોનું હતું.

3.સદરૂદ્દિન બિસ્વાસ અને અન્ય. (૨૦૧૧): સંશોધકો દ્વારા પશ્ચિમ બંગાળના નાડિયા જીલ્લાના ચાપરા બ્લોકનો અભ્યાસ કરવામા આવ્યો હતો. એક થી પાંચ વર્ષની ઉંમર ધરાવતા ૬૭૩ બાળકોનો અભ્યાસ કરવામા આવ્યો હતો. જેમા ૩૨૩ છોકરાઓ તથા ૩૫૦ છોકરીઓનો સમાવેશ કરવામા આવ્યો હતો. જેના માટે સંશોધકો દ્વારા માનવશાસ્ત્ર ધરાવતા બાળકોનુ પ્રમાણ ૫૪.૪૦ ટકા (૩૬૬) બાળકોનું હતુ. ઉંમરના પ્રમાણમા ઓછી ઉંચાઇ ધરાવતા બાળકોનું પ્રમાણ ૩૯.૨૦ ટકા (૨૬૪) બાળકો અને ઉંચાઇના પ્રમાણમા ઓછું વજન ધરાવતા બાળકોનું પ્રમાણ ૨૨.૧૦ ટકા (૧૪૯) બાળકોનું હતું.

4.શશી મનહાસ અને અન્નપૂર્ણા ડોગરા (૨૦૧૩) : સંશોધકો દ્વારા જમ્મું જીલ્લાના જમ્મું બ્લોકનો અભ્યાસ કરવામા આવ્યો હતો. જેમા ત્રણ થી છ વર્ષ વચ્ચેની ઉંમર ધરાવતા ૩૦૦ બાળકોનો અભ્યાસ કરવામા આવ્યો હતો. જેમા ૧૫૦ શહેરી તથા ૧૫૦ ગ્રામ્ય બાળકોનો સમાવેશ કરવામા આવ્યો હતો. જેમા ઉંમરના પ્રમાણમા ઓછું વજન ધરાવતા બાળકોનુ પ્રમાણ ૧૮.૯૦ ટકા (૫૭) બાળકોનું હતુ. ઉંમરના પ્રમાણમા ઓછી ઉંચાઇ ધરાવતા બાળકોનું પ્રમાણ ૩૬.૬૦ ટકા (૧૧૦) બાળકો અને ઉંચાઇના પ્રમાણમા ઓછું વજન ધરાવતા બાળકોનું પ્રમાણ ૧૦.૫૦ ટકા (૨૮) બાળકોનું હતું.

* **ગુજરાતમા કુપોષણનું પ્રમાણ** :

ગુજરાત રાજ્ય પાંચ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા બાળકોના કુપોષણની બાબતમા કેટલાક રાજ્યો કરતા પાછળ છે. રાષ્ટ્રિય કૌટુંબિક સર્વેક્ષણ કાર્યક્રમનો બીજો, ત્રીજો અને ચોથો તબક્કો અનુંક્રમે ૧૯૯૮-૯૯, ૨૦૦૫-૦૬ અને ૨૦૧૫-૧૬મા પૂર્ણ થયેલા છે. જ્યારે NFHS-૧ની ગુજરાત રાજ્યની માહિતિ ઉપલબ્ધ નથી. જે અંતર્ગત ગુજરાત રાજ્યમા પાંચ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા બાળકોમા કુપોષણનું પ્રમાણ જાણવા મળેલ છે. કુપોષણની માત્રા/તીવ્રતા ગંભીર હોય તો તેને -3 SD તરીકે અને . કુપોષણની માત્રા/તીવ્રતા મધ્યમ હોય તો તેને -2 SD તરીકે દર્શાવવામા આવે છે. જેને કોષ્ટક નંબર એકમાં દર્શાવેલ છે.

કોષ્ટક નંબર એકમા રાષ્ટ્રિય કૌટુંબિક સર્વેક્ષણ કાર્ય ક્રમના ત્રણ તબક્કા (NFHS ૨,૩ અને ૪) દર્શાવેલા છે. જેમા ગુજરાત રાજ્યના બાળકોનું કુપોષણ દર્શાવેલ છે. રાષ્ટ્રિય કૌટુંબિક સર્વેક્ષણ કાર્યક્રમ (NFHS) ના બીજા તબક્કા(૧૯૯૮-૯૯)મા બાળકોના ચાર વયજૂથ પાડવામા આવ્યા હતા. જેમા મધ્યમ રીતે (-2 SD) ઓછું વજન ધરાવતા સૌથી વધુ બાળકોનું પ્રમાણ ૨૪-૩૫ મહિનાના વય જૂથમા ૫૭.૫ ટકા હતું. મધ્યમ રીતે (-2 SD) ઠીંગણાપણાનું સૌથી વધુ પ્રમાણ ૨૪-૩૫ મહિનાના વય જૂથમા ૫૮.૨ ટકા હતું. તેજ રીતે મધ્યમ રીતે (-2 SD) પાતળાપણાનું સૌથી વધુ પ્રમાણ ૧૨-૨૩ મહિનાના વય જૂથમા ૨૧.૬ ટકા હતું.

**કોષ્ટક નંબર : ૧**

**ગુજરાતમા બાળકોનું પોષણસ્તર**

**રાષ્ટ્રિય કૌટુંબિક સર્વેક્ષણ કાર્યક્રમ (બે, ત્રણ અને ચાર)**

**(૧૯૯૮-૯૯, ૨૦૦૫-૦૬, ૨૦૧૫-૧૬)**

| Age in Months | No. of Children | Weight-for-age | | Height-for-age | | Weight-for-Height | |
|---|---|---|---|---|---|---|---|
| | | -3 SD | -2 SD | -3 SD | -2 SD | -3 SD | -2 SD |
| National Family Health Survey 2 (1998-99) | | | | | | | |
| <6 Months | 183 | 0.0 | 9.4 | 4.4 | 13.2 | 1.7 | 10.9 |
| 6-11 Months | 183 | 10.4 | 41.6 | 12.6 | 30.0 | 2.7 | 14.7 |
| 12-23 Months | 310 | 19.5 | 54.7 | 27.8 | 53.9 | 3.3 | 21.6 |
| 24-35 Months | 335 | 25.0 | 57.5 | 35.3 | 58.2 | 1.8 | 15.0 |
| National Family Health Survey 3 (2005-06) | | | | | | | |
| <6 Months | 121 | 9.9 | 23.1 | 9.9 | 19.8 | 9.1 | 20.7 |
| 6-11 Months | 125 | 11.9 | 36.7 | 13.6 | 35.1 | 8.0 | 20.0 |
| 12-23 Months | 278 | 18.0 | 45.3 | 29.8 | 57.7 | 7.5 | 18.7 |
| 24-35 Months | 262 | 17.1 | 46.9 | 32.4 | 61.0 | 7.2 | 20.2 |
| 36-47 Months | 294 | 20.1 | 51.0 | 28.9 | 55.7 | 4.1 | 17.7 |
| 48-59 Months | 295 | 14.5 | 47.7 | 23.4 | 53.9 | 2.4 | 16.9 |
| National Family Health Survey 4 (2015-16) | | | | | | | |
| <6 Months | 472 | 9.5 | 27.8 | 8.4 | 17.7 | 20.9 | 42.4 |
| 6-8Months | 350 | 4.9 | 23.5 | 6.5 | 15.2 | 14.2 | 33.5 |
| 9-11 Months | 313 | 11.8 | 35.9 | 12.4 | 24.2 | 16.8 | 36.8 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 11-17 Months | 635 | 12.9 | 35.4 | 17.6 | 38.0 | 10.8 | 31.1 |
| 18-23 Months | 600 | 11.2 | 34.9 | 22.0 | 48.0 | 7.6 | 20.4 |
| 24-35 Months | 1268 | 13.3 | 42.8 | 20.4 | 44.0 | 7.8 | 23.9 |
| 36-47 Months | 1438 | 14.3 | 43.4 | 16.9 | 42.5 | 7.5 | 25.1 |
| 48-59 Months | 1371 | 12.9 | 44.3 | 15.9 | 41.1 | 6.7 | 20.9 |

સ્રોત : રાષ્ટ્રિય કૌટુંબિક સર્વેક્ષણ કાર્યક્રમ, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર.

( NFHS ૨ પેજ ૧૬૬).( NFHS ૩.૭૮-૭૯).( NFHS ૪. ૧૦૩-૧૦૬)

રાષ્ટ્રિય કૌટુંબિક સર્વેક્ષણ કાર્યક્રમ (NFHS) નો ત્રીજો તબક્કો ૨૦૦૫-૦૬મા પૂર્ણ કરવામા આવ્યો હતો. જેમા બાળકોના છ વયજૂથ પાડવામા આવ્યા હતા. જેમા મધ્યમ રીતે (-2 SD) ઓછું વજન ધરાવતા સૌથી વધુ પ્રમાણ ૩૬-૪૭ મહિનાના વય જૂથમા ૫૧.૦ ટકા હતું. મધ્યમ રીતે (-2 SD) ઠીંગણાપણાનું સૌથી વધુ પ્રમાણ ૨૪-૩૫ મહિનાના વય જૂથમા ૬૧.૦ ટકા હતું. તેજ રીતે મધ્યમ રીતે (-2 SD) પાતળાપણાનું સૌથી વધુ પ્રમાણ છ મહિનાથી ઓછી ઉંમરના વય જૂથમા ૨૦.૭ ટકા હતું.

રાષ્ટ્રિય કૌટુંબિક સર્વેક્ષણ કાર્યક્રમ (NFHS) નો ચોથો તબક્કો ૨૦૧૫-૧૬મા પૂર્ણ કરવામા આવ્યો હતો. જેમા બાળકોના આઠ વયજૂથ પાડવામા આવ્યા હતા. જેમા મધ્યમ રીતે (-2 SD) ઓછું વજન ધરાવતા સૌથી વધુ પ્રમાણ ૪૮-૫૯ મહિનાના વય જૂથમા ૪૪.૩ ટકા હતું. મધ્યમ રીતે (-2 SD) ઠીંગણાપણાનું સૌથી વધુ પ્રમાણ ૧૮-૨૩ મહિનાના વય જૂથમા ૪૮.૦ ટકા હતું. તેજ રીતે મધ્યમ રીતે (-2 SD) પાતળાપણાનું સૌથી વધુ પ્રમાણ છ મહિનાથી ઓછી ઉંમરના વય જૂથમા ૪૨.૪ ટકા હતું.

અર્થાત રાષ્ટ્રિય કૌટુંબિક સર્વેક્ષણ કાર્યક્રમ (NFHS) ના વિવિધ ત્રણ તબક્કાઓમા એ બાબત જાણવા મળી છે કે ગુજરાત રાજ્યમા પાંચ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા બાળકોમા કુપોષણનું પ્રમાણ ઘટવા પામ્યું છે. તેમ છતાં વિશ્વના સૌથી વધુ કુપોષિત બાળકો ભારતમા જ છે એ બાબતને નકારી શકાય તેમ નથી.

**સંશોધનના તારણો** :

1.NFHS-૨ મા બાળકોમા કુલ કુપોષણનું પ્રમાણ ઘણું વધારે છે.

2.NFHS-૩ મા ગંભીર રીતે ઓછુ વજન ધરાવતા બાળકોનુ પ્રમાણ ઘટ્યું છે.

3.NFHS-૨ કરતા મધ્યમ રીતે ઓછુ વજન ધરાવતા બાળકોનુ NFHS- ૩ અને NFHS- ૪મા પ્રમાણ ઘટ્યું છે.

4.ઠીંગણાપણા(ઉંમરના પ્રમાણમા ઓછી ઉંચાઇ)નું પ્રમાણ ઘટેલું જોવા મળે છે.

5.મધ્યમ અને ગંભીર રીતે પાતળાપણા (ઉંચાઇના પ્રમાણમા ઓછુ વજન)નુ પ્રમાણ વધ્યું છે.

**સંશોધનના સૂચનો** :

1.બાળકોના કુપોષણ બાબતે સામાજીક જાગૃતતા વધારવી પડશે.

2.સગર્ભા સ્ત્રીઓને રસીકરણના લાભાલાભ વિગતે સમજાવવા જોઇએ.

3.દવાખાનામા જ પ્રસુતિ કરાવવાનો આગ્રહ રાખવો જોઇએ.

4.બિમાર કે કુપોષિત બાળકને તાંત્રિક પાસે લઇ જવાને બદલે બાળરોગ નિષ્ણાત ડૉક્ટર પાસે લઇ જવુ જોઇએ.

5.બાળરોગ નિષ્ણાત ડૉક્ટરની સલાહ મુજબ દવાનો કોર્ષ પૂરો કરવો જોઇએ.

6.માતા-પિતાએ વ્યસનોથી દુર રહેવું જોઇએ.

**સંદર્ભ સૂચી** :

1. Manhas and Annpurna Dogra (2013). A comparative study on nutritional status of ICDS preschool children in urban and rural zone of Jammu. Asian journal of home science vol. 8 issue 2 Dec. 2013 page 645-649.

2. Nirmalykumar Sinha, Kartik Maiti, Pradeep Samantha, Dulal Chandradas and Priyanka Benerjee. (2012). National status of 2-6 years old children of kanakbati grampanchayat paschim Medinipur, W.B. Sri lanka journal of child health (2012) 41 (2) page 60-64.

3 Nirmalykumar Sinha and Samarjeet Maiti (2012). Prevalence of undernutrition among underprivileged preschool children (2-6 years) of Midanapore town, India. Malaysian journal of paediactrics and child health. (MJPCH) -06-18-1-2012 page 01-11.

4. National Family Health Survey 1 (1992-93), Ministry of Health and Family Welfare, GOI, Volume 1. Page 281 .

5. National Family Health Survey 3 (1998-99), Ministry of Health and Family Welfare, GOI, Volume 1. Page 166.

6. National Family Health Survey 3 (2005-06), Ministry of Health and Family Welfare,GOI, Volume 1. Page 78 and79.

7. National Family Health Survey 4 (2015-16), Ministry of Health and Family Welfare,GOI, page 103-106

8. Sidhdharth Biswas, Kaushik Bose, Slawomir Koziel (2011). Effect of social factor on nutritional status among rural Bengalee preschool children from estern india. International journal of human sciences. ISSN 1303-5134 Vol.8 Issue 1. (2011) page 289-300

# 'વીર પસલી'ના ગાંધી'

5

પ્રા. ચૈતાલી એન. ઠક્કર
મદદનીશ પ્રાધ્યાપક ગુજરાતી વિભાગ
આર.આર.લાલન કોલેજ,ભુજ.

ગુજરાતીમાં પત્ર સાહિત્યક્ષેત્રે ધ્યાનપાત્ર પ્રદાન રહ્યું છે. જો કે હાલના સમયમાં આ ક્ષેત્રમાં ઓછું ખેડાણ થઇ રહ્યું છે. આજકાલ પત્રલેખન દિવસાદિવસ ઘટી રહ્યું છે. ટેકનોલોજી ને હિસાબે વિચાર અને લાગણીનું પ્રદાન પત્રથી થતું તેને સ્થાને મોબાઈલ સ્ક્રીન અને કોમ્પુટર આવી ગયા છે. ચોક્કસ અંતરે રહેલા બે વ્યક્તિઓ પરસ્પર પત્રો લખે ત્યારે એક જુદો જ સંવાદ રચાતો હોય છે અને તેમાંય જયારે કોઈ વિશિષ્ઠ પ્રતિભા ધરાવતી વિભૂતિએ પત્ર લખ્યો હોય, તો તેમાં ચોક્કસ કશુંક પ્રેરણાદાયી બાબત પ્રાપ્ત થાય છે.

કાન્તે લખેલા પત્રો, ગાંધીજીએ લખેલા પત્રો, સ્વામી આનંદે લખેલા પત્રો કે પછી અન્ય રાજકારણ કે સાહિત્ય કે અન્ય કોઈ ક્ષેત્રની વ્યક્તિના પત્રોમાં વ્યક્તિ અને સમષ્ટિને ઉપયોગી એવું લખાણ મળે છે. વ્યક્તિગત બાબત ઉપરાંત આ પત્ર સર્જકોએ પોતાની સાર્વત્રિક પ્રતિભાને કારણે પત્ર સાહિત્યમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

'ગાંધીની વીરપસલી' પત્ર સાહિત્યક્ષેત્રે આવું જ એક વિશિષ્ટ અને નોખી ભાતનું સંપાદન છે. તેના સંપાદિકા એટલે ભદ્રાબેન સવાઈ કે જેઓ ગુજરાત વિદ્યાપીઠના ગાંધીદર્શન વિભાગના એક નિવૃત અધ્યાપિકા છે. તેમણે આ પુસ્તકમાં ગાંધીજીએ બહેનોને સંબોધીને લખેલા ૫૯૨ પત્રોના અંશોનું સંપાદન કર્યું છે. આ પત્રો તેમણે 'ગાંધીજીનો અક્ષરદેહ'માંથી પસંદ કરેલા છે. ગાંધીજીએ આમ તો અનેક લોકોને કોઈને કોઈ કારણોસર પત્રો લખેલા છે. જેમાંથી સ્ત્રીઓને લખેલા પત્રો – અંશો અહીં સમાવિષ્ટ છે. આ પત્રોમાં ગાંધી ક્યાંક મા સમાન પિતા તો ક્યાંક અંગત સખા તો ક્યાંક માર્ગદર્શક જણાય છે, બહેનોએ વર્ણવેલી તેમની સ્થિતિ, પરિસ્થિતિ, મુંજવણ, જીજ્ઞાસા, ક્રોધ, અભિમાન, વ્યથા, અપેક્ષાની સામે ગાંધીજીએ પ્રતિભાવો આપ્યા છે.

કુલ ૧૪ વિષયોમાં આ પત્રાશો વિભાજીત છે જેના પણ પેટા વિભાગો કરવામાં આવ્યાં છે. ઈશ્વર, દર્શન, ધર્મ, વ્યક્તિગત સાધના, નીતિ, મૂલ્યો, સેવા, ગુણવિકાસ,પારસ્પરિકતા, સમાજ, શિક્ષણ, પોતા વિશે, સૃષ્ટિ, કલા એમ કુલ ૧૪ વિષયોની નારાયણભાઈ દેસાઈ કહે છે તેમ માનવીય પસંદગી થઇ છે. જો કે આ સંપુટમાં ગાંધીજીએ લખેલા પત્રો છે, સામે પક્ષે લખેલા પત્રો નથી તેથી ગાંધીજીએ પ્રત્યુતરરૂપે આપેલ જવાબો પરથી ખ્યાલ આવી શકે કે બહેનોએ તેમને શું લખ્યું હશે. અત્યારે સાંપ્રત સમયમાં બહેનોને લખાયેલા એ પત્રો કે પછી બહેનો માટે લખાયેલા એ પ્રેરણાદાયી પત્રો સહજ સ્વીકાર્ય બાબત ગણાય, જયારે સ્વતંત્રતા મળી ન હતી ત્યારે સ્ત્રીની આજની સ્થિતિ અને આજથી ૧૦૦ વર્ષ પહેલાની સ્થિતિમાં ઘણું અંતર છે, તફાવત છે. સાહિત્ય જગતની વાત આવે ત્યાં સ્પષ્ટ જ છે કે અર્વાચીનકાળના આરંભકાળે નર્મદ, દલપત વગેરેએ સમાજમાં સુધારો આણવા અથાગ પ્રયાસો કર્યા એટલે જ તેઓ સુધારક પહેલાં અને સર્જક પછી કહેવાયા. જે સુધારો સ્ત્રીઓ પક્ષે અપેક્ષિત હતો કે સ્ત્રીઓ માટે જરૂરી હતો તેની શરૂઆત તો થઇ, પણ રૂઢીચુસ્ત સમાજમાં તેના સ્વીકારની સમસ્યા ઉભી થઇ. સાહિત્યમાં સ્ત્રીની સ્થિતિમાં સુધારો આવતો ગયો પણ સમાજમાં આ પ્રકારનું પરિવર્તન મંદ ગતિએ ચાલ્યું. જે સમાજમાં સ્ત્રીઓને માત્ર ઘરકામ કે બાળકો સાચવવાની જવાબદારી મુખ્યત્વે રહેતી તે સમાજમાં સુધારકોએ તેની સ્થિતિ વધુને વધુ સુધરે એવા પ્રયાસો હાથ ધર્યા.

ગાંધીજીએ સ્ત્રીની સ્થિતિ સુધારવાની, સ્ત્રીઓને શિક્ષિત કરવાની, તેમને સ્વાતંત્રયની લડતમાં સીધી જોડવાની વગેરે કામગીરી સુપેરે કરી. આ પ્રયાસોમાં તેમને અનેક વ્યક્તિની વૈચરિક મદદ મળી તો સાથે સાથે એમના વિચારોનો પડઘો સ્ત્રી-પુરુષોએ સહજતાપૂર્વક જીલ્યો અને એને લઇ સૌ પ્રવૃત પણ થયા. જો કે ઘણી મુશ્કીલીઓનો તેમને સામનો પણ કરવો પડ્યો પણ તેઓ સમાજના આ નવતર પરિવર્તન અંગે સજ્જ હતા.

ગાંધીજીએ સ્ત્રીઓની સમાજમાં સ્થિતિ અંગે જે સુધારાવાદી બદલાવ આણ્યા. તેમાં નહી કોઈ આડંબર, કોઈ વસ્તુ પોતે સ્થાપિત કાર્યનું અભિમાન, બસ હતી એક સરળતા. સત્યનું શરણું લઇ મકકમતા અને નિર્ભીકતાથી તેમણે સતત સમાજોદ્ધાર અને એ નિમિતે સ્ત્રીના ઉદ્ધારની કામગીરી કરી. તેમણે આ સંપાદનના પત્રોના જવાબમાં બહેનો પ્રત્યે ચિંતા સેવી છે, ક્યાંક હુકમ ચલાવ્યો છે, તો ક્યાંક ઠપકો પણ આપ્યો છે પણ એ લાગણી અને અધિકારનો સંબંધ સ્થાપ્યાં પછી જ થઇ શકે, એ સમજી શકાય તેવું છે. બહેનોએ ગાંધીજીને ક્યા કારણોસર પત્રો લખ્યા તે પાછળનું કારણ જણાવતા સુદર્શન આયંગર પ્રસ્તાવનામાં નોંધે છે,

““બહેનો ગાંધીજી તરફ મોટે ભાગે તેમના નેતૃત્વના ગુણને લીધે આકર્ષાતી ન હતી, પરંતુ ગાંધીજીમાં તેમને પોતાનું કોઈ નિકટનું હોય; જેમકે, મા સમાન પિતા કે સખીવત સખા દેખાયા હોય તેવું લાગે છે.””૧

(‘બે બોલ’ ‘ગાંધીની વીરપસલી’માંથી)

‘ઈશ્વર’ વિશેના પત્રોમાં તેઓએ સાથે સાથે મૂર્તિપૂજા, સાક્ષાત્કાર, દેવ-ઈશ્વર અને પ્રભુનો પાડ– આ મુદ્દાઓની પણ વાત માંડી છે. બહુ જ સહજ સરળ ઉદાહરણોથી તેમણે આ વાતોને ગળે ઉતરે રીતે સમજાવી છે. તેઓ જયારે પત્રમાં આ અંગેના વિચારો રજૂ કરી જવાબ આપે છે ત્યારે તેમની પણ ઈશ્વર પરની શ્રદ્ધાનો વાચકોને ખ્યાલ આવે છે. આખરે તો ગાંધીજીનું વ્યક્તિત્વ જ નીપજી આવે છે. અને બહેનો પ્રત્યેનો ચિંતાભાવ પ્રગટ થાય છે. આજે પણ તેમના વિચારો અનુસરવા યોગ્ય જણાય છે. તેઓ એક પત્રમાં કહે છે,

““ચિ.પ્રેમા,

..... મૂર્તિપૂજાના હું બે અર્થ કરું છું: એકથી મનુષ્ય મૂર્તિનું ધ્યાન ધરતા ગુણમાં લીન થાય છે ,આ ઇષ્ટપૂજા. બીજામાં ગુણનો વિચાર ન કરતા મૂર્તિને જ મૂળ વસ્તુ માને છે, આ બૂતપરસ્તી અનિષ્ટ......

બાપુના આશીર્વાદ””૨

આ સમગ્ર અંશ જ ગાંધીજીની આધુનિક વિચારસરણીને વ્યક્ત કરી જાય છે. કેટલી સરળતાથી કેટલી મોટી વાત તેમણે જણાવી દીધી!

‘દર્શન’ વિશેના પત્રોમાં શ્રદ્ધા, રામનામ, ભક્તિ, ધ્યાન, વિચાર કર્તવ્ય, જીવન, દેહ, મરણ વગેરે જેવા વિષયોને લાગતું લેખન કર્યું છે.અહીં કેટલેક સ્થાને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભગવતગીતાનો તેમણે આશ્રય લઈને પોતાની વાતને સ્પષ્ટ કરી છે. એક બહેનને તેમનું કોઈએ બૂરું ધાર્યું એનાથી ખિન્નતા અનુભવાઈ, ત્યારે બાપુએ તેમને ઉદાર દિલ રહી ખિન્નતા ધોઈ નાખવા કહ્યું, શક્ય છે તેઓ આમ કહી શક્યા તે પાછળનું કારણ ચોક્કસપણે તેઓ આમ કરી શક્યા હશે એ હોઈ શકે. બાપુએ સ્ત્રીઓની સંવેદનાને જાણી છે, પિછાણી છે, તેઓ સ્પષ્ટ વક્તા પણ રહ્યા છે.

સામાન્ય રીતે સ્ત્રીને અબળા કહી કેટલાક કામોમાંથી તેની બાદબાકી કરવામાં આવે છે. જયારે ગાંધીજીએ સ્ત્રીને પણ સ્વતંત્રતાની લડતમાં ભાગ લેતી કરી છે અને એક સાચા સ્નેહીજનની રૂએ સ્ત્રીઓની

ચિંતા પણ સેવી છે. કોઈ સ્વજનનું અવસાન થયું હોય ત્યારે તેને આશ્વાસન આપતા પત્રો પણ અહીં સમાવિષ્ટ છે. ગાંધીએ સ્ત્રીને પુરુષસમોવડી ગણી છે અને એ જ રીતે તેની સાથે વર્તન વ્યવહાર અને સૂચન પણ કર્યા છે. નારીવાદ કે નારીસંવેદનકેન્દ્રી સાહિત્ય સાહિત્યમાં પછીથી કેન્દ્રમાં આવ્યું, પણ ખરી રીતે સ્ત્રીને આગળ લાવવા, સમાજમાં તેની સ્થિતિ સુધારવાનું કામ તો ક્યારનુંય ગાંધી અને તેમના જેવા વિચારપુરુષોએ કર્યું છે.

આગળ જતાં 'ધર્મ', ગીતા, પવિત્ર ગ્રંથો, જ્ઞાની, કલ્યાણ માર્ગ, શ્રેય-પ્રેય, ચમત્કાર, નિર્વાણ- આ પ્રકારના વિષયોમાં વર્ગીકૃત થયેલા પત્રો મળે છે. આ પત્રોમાં એક તરફ ગાંભીર્ય છે, તો બીજી તરફ હળવાશ પણ છે. રેહાનાબહેનને લખાયેલા પત્રમાં તેઓ ઉર્દૂ ભાષાના શિષ્ય બન્યાં છે,તે અંગેની હળવી રજૂઆત અહીં જોઈ શકાય છે. યોગનો તેઓ જે અર્થ કરે છે તેમાં તેમની કર્મનિષ્ઠા અને જેને તેઓ પત્ર લખી રહ્યાં છે તેને કર્મપ્રતિબદ્ધ થવા કહે છે. નીચેના પત્રમાં તેનું ઉદાહરણ જોઈએ:

"''ચિ. મીરાં,

......ગીતાનો છઠ્ઠો અધ્યાય વાંચજે. યોગનો આરંભ હળવે રહીને કરવો જોઈએ. આપણે જે કામ કરી રહ્યા હોઈએ તે યોગ છે.....

બાપુ"''૩ (પાના નં. ૬૭ )

અહીં જે પત્ર અંશો છે તેમાં લાઘવ સિદ્ધ થયું છે. સંપૂર્ણ પત્ર ન હોતા, એ કહી શકાય નહી કે પત્ર દીર્ઘ છે કે લઘુ. પરંતુ જે મુદ્દાની વાત છે, જે પ્રેરણાદાયી કથન છે, તે થોડામાં ઘણું કહી જાય છે. પોતાના કર્મમાં એકચિત્ત અને એકાગ્ર રહેવું એમ તેઓ અહી કહે છે. ત્યારે સામેની વ્યક્તિનું વ્યક્તિત્વ ઘડનારા તેઓ અનાયાસે થઇ જાય છે. ક્યાંક ને ક્યાંક એક શિક્ષક તરીકેની છબી પણ જોવા મળે છે. એક પત્રમાં તેમણે કહ્યું છે કે શ્રેય છે તેને પ્રેય કરી મુકવું. જે કર્મ આપણે હાથમાં લીધું હોય તેને માટે જાત અર્પી દેવાની વાત તેઓ અધિકારપૂર્વક કરે છે.

વ્યક્તિ સાધના અને એ નિમિત્તે જે જીવનમૂલ્યોની વાત મંડાઈ છે તે ચતુર્થ ભાગમાં જોઈ શકાય છે. 'પ્રાર્થના', 'વ્રત', 'નિયમ', 'સંયમ ', 'ચિંતન', 'પ્રાણાયામ', 'અસંતોષ', 'વિકાર', 'બીમારી', 'ઉપવાસ' વગેરે

જેવા નાના છતાં અગત્યના મુદ્દાઓ અંગે બહેનોને પ્રતિઉત્તર આપી સંતોષ આપ્યો છે. પ્રાર્થના દ્વારા સર્વધર્મ સમભાવની વાત પણ તેમણે સુપેરે સમજાવી છે. તો આત્મનિરીક્ષણ અંગે તેઓ કહે છે કે આપણે જેવા નથી તેવા દેખવાનો ડોળ કદી ન કરીએ, ન થાય તે કરવાનો મનોરથ ન કરીએ. આખરે તે અસત્યથી દૂર રહી સત્યની નજીક જવાની જ વાત અહીં થઈ છે.

નીતિ, મધ્યમ માર્ગ, ઇન્દ્રિયદમન અને વ્યભિચાર – આ મુદ્દાઓની પણ ખુલ્લી રીતે તેમણે ચર્ચા કરી છે. મૂલ્યો વિશે એ જ રીતે તેઓ પોતાના વિચારો પ્રગટ કરે છે. સેવા, ભાવના, સેવાવૃત્તિ, સેવાતક, સત્કાર્ય, નિયમિત કામ, દવા, કાંતણ – ખાદી અંગે બહેનોના સવાલોનું તેઓ નિરાકરણ કરે છે. વિદ્યાભ્યાસ સેવા અર્થે જ છે અને એ સિવાય આનંદ ન મળે એમ જયારે તેઓ કહે છે ત્યારે ‘જીવન ખાતર કલા’નો તેમનો દ્રષ્ટિકોણ સ્પષ્ટ થાય છે અને જે પુસ્તકનું જ્ઞાન છે, તેને કર્મમાં ઉતારવાની વાત અહીં કહેવામાં આવી છે.

ગુણવિકાસના વિભાગમાં જવાબદારી, કર્તવ્ય પરાયણતા, સત્ય- અહિંસા, પ્રેમ, ભય, અભય, હિંમત અને સંતોષ વગેરે જેવા ગુણોને વિકસાવવા અંગેના પત્રોનું સંકલન મળે છે. સુધારાવાદી ગાંધીમાનસ નીચેના પત્રાંશમાં જોવા મળે છે.

“”ચિ.વસુમતી,

........ઘણાં સુધારા કરવાના હોઈ તેમાંથી થાય

એટલા મુખ્ય શોધી તેને વળગી રહીએ તો બીજા તેની મેળે થાય છે......

બાપુના આશીર્વાદ””૪

(પાના નં. ૧૭૦)

કર્મ, પ્રતિબધ્ધતા અને હિંમતપૂર્વક સુધારાને વળગી રહેવાની બાબત સરળતાથી તેમણે જણાવી છે. અને કઈ રીતે કોઈ કામને કરવું. ધરી અસર ઉપજે એમ કરવું તે પણ અહીં વ્યક્ત થાય છે.

પારસ્પરિકતા સંબંધી મુદ્દાઓ –સ્ત્રી- પુરુષ સંબંધ, મહાદેવ-બા, ધ્યેય અને ધ્યેયપુરુષ, કલ્પનાનું સ્વરાજ, દેશપ્રેમ અને સ્વાત્રંત્ર્ય ને માનવીય અભિગમથી સંપાદિકાએ પત્રાંશો સ્વરૂપે અહી મૂકી આપ્યા છે. કશુંકને કશુંક પ્રેરણાદાયી આપતાં આપતાં આગળ જતાં તેઓ સમાજ, સેવિકા, સ્ત્રી-મહિલા, સ્ત્રી-શક્તિ,

દ્રૌપદી, દામ્પત્ય, પરિણીત જીવન, વૈધવ્ય, આશ્રમ, આશ્રમજીવન, શિસ્ત, જેલ, સર્વોદય, અંત્યોદય, અસ્પૃશ્યતા, વર્ગનિરાકરણવાદ, બહુમતી, હિંસા, વિશ્વશાંતિ –ને લગતા પત્રો થયા છે. ‘સ્ત્રીશક્તિ’ની હિમાયત કરતાં તેઓ બહેનોને સંબોધીને કહે છે,

““......સ્ત્રીઓ વિશે ‘અબળા’, ‘ભીરૂ’ વગેરે જે વિશેષણો વપરાય છે તેને તમે ખોટા પદો એમ હું ઈચ્છું છું.””૫ (પાના નં.૧૯૦)

તો વિધવા થયેલ બહેનને એક પત્રમાં સાંત્વના આપે છે અને કંઇક આધુનિક વિચારની જાણે માતા સ્થાને રહી જાણે સૂચન કરે છે,

" "દઢતાપૂર્વક તારો ધર્મ પાળજે. બાળકનો કબજો મળે તો તેને ઉછેરજે. મુંડન કદી ન કરાવતી. તારી રહેણીમાં કશા ફેરફારની આવશ્યકતા હું નથી માનતો, જે સેવા તું આજ કરી રહી છે એ જ કર્યા કર એ મારી દ્રષ્ટિએ તારો ધર્મ છે...."" ૬

(પાના નં. ૧૯૪)

અહીં ખોટા કુરિવાજોથી દૂર રહેવાની વાત તેમણે કરી છે. વિધવા સ્ત્રીએ મુંડન કરાવવું પડે બાપુને તેની આવશ્કતા જણાતી નથી. સમાજમાં જરૂરી પરિવર્તનના હિમાયતી એવા બાપુએ સ્ત્રીઓની સ્થિતિ સુધારવાનો ઉત્તમ પ્રયાસ કર્યો છે. કેટકેટલા મુદ્દાને તેઓએ એક સાથે આવરી લીધા છે. માત્ર દેશ નહી, પણ વિશ્વને પોતાનું માનવા વિશેનો તેમનો વિશદ દ્રષ્ટિકોણ અહીં ધ્યાને ચડે છે. આશ્રમ અંગેના વિચારો વ્યક્ત કરતાં તેઓ કહે છે કે આશ્રમની હસ્તી કેવળ દેશસેવા માટે જ નથી પણ દેશસેવા મારફત જગતસેવા સાધવા માટે છે. આશ્રમવાસીઓના કર્મનો ઉદેશ આખરે ઈશ્વર સુધી તેમને લઇ જવાનો છે. કર્મનો સિદ્ધાંત અને સેવાનું મૂલ્ય તેમણે બતાવ્યું છે. જેલ ભરો આંદોલન સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે થયું, ત્યારે જેલમાં જે દુખો પડે તેને સુખ સમજીને ચાલવાની વાત છે. આ જ વાત કાકાસાહેબના સંદર્ભમાં ખરી પૂરવાર થઈ છે. 'ઓતરાતી દીવાલો'માં જેલજીવનના અનુભવોનું તેમણે જે આલેખન કર્યું છે, તેમાં દુઃખના વર્ણનો હશે એવું વાચકને અપેક્ષિત હોય, પરંતુ અહીં તો જેલના સ્મરણોનું સુખદ આલેખન કર્યુ છે. દુઃખમાંથી સુખ શોધી કાઢવાની એ જ બાબત આ પત્રોમાં બાપુએ કહી છે.

શિક્ષણ, કેળવણી, દેશનું હિત આ મુદ્દાઓને લાઘવપૂર્ણ રીતે પત્રોમાંઅભિવ્યક્ત કર્યા છે. પોતે જયારે આમ કરવું, આમ ન કરવું એ પ્રકારની સલાહ-સૂચન કરે છે, ત્યારે બાપુ ખુદ એ વિષયક પોતે આચરણમાં

ઉતારેલી વાતનો પણ અત્રે ઉલ્લેખ કરે છે. આથી અનાયાસપણે અન્યના આચરણમાં તેમના દ્વારા થયેલા સૂચનો ઉતરે. પિતા સમાન પરેન તેમણે આ પત્રોમાં પીરસ્યો છે. માની ભૂમિકા પણ તેમણે નિભાવી જ છે. બાપુએ તો ફૂલ-જાડ અને વૃક્ષો પ્રત્યેની સંવેદના વ્યક્ત કરી છે. તો લલિતકલાના પણ તેઓ હિમાયતી છે. સ્ત્રીઓને જે સવિશેષ પ્રિય હોય તેવી શણગાર સજવાની બાબતમાં પણ તેઓએ બહેનોને જુદે જુદે સમયે પોતાના વિચારો દ્વારા બાહ્ય શણગારથી ખરા આંતરિક શણગાર સુધી લઇ જવાની વાત કરી છે.

અહીં સંપાદનમાં જે અભિગમ છે તે મહત્વનો છે. ગાંધીસાહિત્યતો અફાટ દરિયામાં ફેલાયેલ પાણી જેવું છે અને તેમાંથી આ પ્રકારે વિષયોને અનુરૂપ ચયન કરવું સરળ નથી. અહીં પસંદગી તે પણ સ્ત્રીઓનેલખાયેલા પત્રો વિશેની તે દાદ માગી લે છે. દરેક વિભાગના પ્રારંભે ગાંધીજીના અક્ષરોમાં એક

પત્ર વાચવા મળે છે. આ રીતની સાંકળના ભાવકને બાપુના સમયમાં લઇ જાય છે. નારાયણ દેસાઈ અને સુદર્શન આયંગરના પ્રારંભિક વચનોથી સંપાદનને આગવી ગરવાઈ પ્રાપ્ત થઈ છે.કુલ ૧૦૦ ઉપરાંત બહેનોને લખાયેલા ૫૯૨ પત્રના અંશો અહીં સંપાદિત કરવામાં આવ્યાં છે. નારીવાદ કે નારીસંવેદનકેન્દ્રી સાહિત્ય તો પછી આવ્યું કે એને લગતાં આંદોલનો પછી થયા, પરંતુ ગાંધીજીએ તો સ્રીને પુરુષ સમકક્ષ જ ગણી છે.તેની સ્થતિમાં સુધારો લાવવાના સફળ અને કઠિન પ્રયાસો કર્યા છે. અહીં કહેવાયલી વાતો માત્ર સ્રીને જ કેન્દ્રમાં લખાઈ છે તે ખરું પણ નૈતિક મૂલ્યોના મુદ્દાઓ તો સર્વને સ્પર્શી જાય છે. એક અનોખાં સંપાદન તરીકે ગુજરાતી પત્રસાહિત્યમાં આ પુસ્તક ધ્યાનપાત્ર બની રહેશે. જે ગાંધીનું અલગ જ પરિમાણ સિદ્ધ કરી જાય છે.

સંદર્ભગ્રંથો: ૧. ગાંધીજીનો અક્ષરદેહ- ગાંધીજી

૨. ઓતરાતી દીવાલો – કાકાસાહેબ

----------------------------

6

# સંસ્કૃત નાટકમાં જીવનદર્શન

:: પ્રસ્તુતકર્તા ::
હીરલ. ડી. પટેલ
પીએચ.ડી વિદ્યાર્થિની

**પ્રસ્તાવના:-**

સંસ્કૃતલલિત સાહિત્યમાં નાટ્યસ્વરૂપ અત્યંત લોકપ્રિય રહ્યું છે. સંસ્કૃતસાહિત્યના મૂર્ધન્યકવિઓ મોટેભાગે નાટકકારહતા.કવિને માટે નાટકની રચના સામાજીક પ્રતિષ્ઠાનો વિષય હતી. સામાજીકમૂલ્યને કારણે સંસ્કૃત સાહિત્યમાં નાનાં-મોટાં અનેક રૂપકોની રચના થઇ છે.આબધા રૂપકોમાં અમુક પ્રકારની સર્વસામાન્ય વિશિષ્ટતાઓ જોવા મળે છે. સાહિત્યકારના નવા વિચારો અને દૂરદર્શી હોવા છતા જે સમાજ એનો ધારક અને પોષક છે તે સમાજથી તે પર થઇ શકે નહી.સાહિત્યકાર હંમેશા સમકાલીન સમાજના ઉર: સંસ્કાર ઝીલતો હોય છે. કોઇ પણ સાહિત્યિક કૃતિને આધારે તત્કાલીન સમાજજીવનના સંકેત પ્રાપ્ત થાય છે.

સંસ્કૃતસાહિત્યમાં સમગ્ર નાટકોનું જીવનદર્શનની રજૂઆત કરવી થોડી અઘરી છે. તેથી વિશાળ ભંડારમાંથી હું માત્ર ત્રણ નાટકોનું જીવનદર્શન વર્ણવીશ.

**<u>1.કાલિદાસરચિતઅભિજ્ઞાનશાકુન્તલ</u>**

શાકુન્તલમાં જીવનદર્શન સારું એવું થાય છે.

**1.બાહ્મણધર્મ:-**

કાલિદાસ બાહ્મણધર્મના જીવનના મહાન ગાયક છે. કાલિદાસની સર્વસ્પર્શી કલ્પના એ બાહ્મણધર્મને ઇષ્ટ એવી સમાજરચનાને અત્યંત મધુર અને તેજસ્વી રીતે સાકાર કરે છે.

**1.પૃથ્વી અને સ્વર્ગને એકમેકની સહાય:-**

હસ્તિનાપુરના ભાવી ચક્રવર્તી રાજાનાં મૂળ એ કણ્વ અને મારીચના આશ્રમોમાં અને રાજર્ષિ વિશ્વામિત્ર અને સ્વર્ગસુંદરી મેનકામાં બતાવે છે તો રાજા દુષ્યંત સ્વર્ગાધિપતિ ઇન્દ્રની મદદે જઇ અસુરોને હરાવે છે.

**2.સાદું આશ્રમ જીવન:-**

કણ્વમુનિના આશ્રમનું જીવન ઊર્ધ્વલોકના મારીચ આશ્રમનું વિપુલ ભોગસામગ્રી વચ્ચે તપસ્વી જીવન વનદેવતા જેવાં અતિપ્રાકૃત સત્વોમાં માન્યતા-આવી બધી પોતાનાથી પૂર્વના જમાનાઓએ ઊભી કરેલી સાંસ્કૃતિક સમગ્રીને કવિએ પોતાને રચનામાં ગૂંથી લીધી છે.

**3.કુટુંબ:-**

સમાજનો પાયો કુટુંબ છે. કુટુંબનો પાયો આદર્શ દામ્પત્યોએ ખ્યાલ કવિ કાલિદાસ આપે છે. આદર્શ રાજાનું કાલિદાસના મનમાં ચિત્ર છે. બીજા અને પાંચમાં અંકમાં એને એ શબ્દબધ્ધ કરવાની તક લે છે. ખાસ કરીને રાજાને અગ્નિશરણ આગળ ન્યાય તોળવા જવાનું થાય છે એ અવસર.

**4.ઉચ્ચ શિક્ષણ:-**

આશ્રમ બાલિકાઓ ઇતિહાસ પ્રબંધો ભણી છે અને વાંચતાં લખતાં જાણે છે તેના પરથી શિક્ષણ ઊંચી કક્ષાનું આપાતું હોય એમ લાગે છે. રાજ પોતે પણ ચિત્રકળામાં ભરે નિપૂણ છે સંગીતશિક્ષણ પણ પ્રચલિત છે.

**5.ન્યાય:-**

રત્નની ચોરી માટે મૃત્યુદંડ સુધીની સજા થતી. કોઇ વારસ મૂક્યા વિના મરી જાય તો એની મિલકત રાજ્યનેજતી, પણ પત્નીને ગર્ભ હોય તો તેને જતી પછીથી ભલે પુત્ર અવતરે કે પુત્રી.

હિમાલય-તળેટી પરનું તપોવન, હસ્તિનાપુરનો રાજમહેલઊર્ધ્વલોકનો મારીચ આશ્રમ અને ઇન્દ્રની સભા- એમ વિવિધ લોકમાં વિસ્તરતો બૃહત્ જીવનપટ શાકુન્તલમાં કવિએ રજૂ કર્યો છે.

**2.શુદ્રક રચિત મૃચ્છકટિક**

મહાકવિ શુદ્રકને યથાર્થવાદી સાહિત્યકાર કહી શકાય એમણે પોતાની કૃતિમાં વિશાળ નગરજીવન અને સામાજીક પરિસ્થિતિનું નિરૂપણ કર્યું છે. જાણે કે શુદ્રકે તત્કાલીન સમાજનું ચિત્ર જ આ નાટકને બહાને કર્યું હોય એમ લાગે છે.

**1.સામાજીક સ્થિતિ:-**

વર્ણવ્યવસ્થા મુજબ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શુદ્ર વગેરેમાં બ્રાહ્મણને શ્રેષ્ઠ માનવામાં આવતો. ઉત્સવ કે વ્રતોના અવસર પર બ્રાહ્મણપૂજન, ભોજન વગેરે કરાવવામાં આવતું. બ્રાહ્મણોમાંવેદવિદ્યા અને જ્ઞાનનું મહત્તવ હતું. બ્રાહ્મણો પણ અન્ય વ્યવસાયમાં સંલગ્ન હતા. ચારુદત બ્રાહ્મણ હોવા છતાં વેપાર કરતો હતો. શર્વિલક વેદના જ્ઞાતા ને ત્યા જન્મ્યો હોવા છતાં

ચોરી કરતો હતો.ચારુદત્ત અને શર્વિલક બન્નેએ વેશ્યાઓ સાથે લગ્ન કર્યાં. ગોપાલપુત્ર આર્યક ભરવાડ હોવા છતાં રાજા બની શકે એવો વિચાર કવિને આવે છે.

**2.રાજકીય સ્થિતિ:-**

'મૃચ્છકટિક'માંથી તત્કાલીન રાજકીય પરિસ્થિતિ ખબર પડે છે તે મુજબ આખો દેશ નાનાં નાનાં રાજ્યોમાં વિભાજીત હશે એમ લાગે છે. રાજાની સત્તા વિશાળ અને અમર્યાદિત તથા નિરંકુશ હતી એનો શબ્દ એ જ કાનૂન ગણાતો. ન્યાયતંત્ર માટે વિશિષ્ટ અધિકારીઓને રાજા નિયુક્ત કરતો હતો પણ એનું કામ માત્ર દોષ નક્કી કરવાનું જ રહેતું. દોષ સિદ્ધ થયા પછી શિક્ષાની સત્તા રાજના હાથમાં જ રહેતી.

નગરમાં રક્ષણ માટે સેના રહેતી, ગુપ્તચરોનો સમુહ પણ રહેતો. રાજાના આ ગુપ્તચરો દ્વારા જ બધી બાબતોથી વાકેફ રહેતો. નગરની સુરક્ષા માટે ચારે તરફ ખાઇઓ તથા કિલ્લાઓ રહેતા અને ચાર મોટા દરવાજા રહેતા.

**3.ગુન્હાઓ:-**

1)જુગારનું દેવું બાકી હોય

2)સ્ત્રીની હત્યા અને રાજદ્રોહ

3)રાજપુરુષની ફરજમાં દખલ ઊભી કરવી

4)રાજાના દુશ્મનને આશરો આપવો કે રાજકીય શત્રુને ગુપ્ત મદદ કરવી

**4.સજા:-**

1)ગુન્હેગારને ગુન્હો કબૂલ કરાવવા ચાબૂકથી મારવાની શિક્ષા

2)વધસ્થંભે ચઢાવવાની

3)માણસને પશુ જેવી સ્થિતિમાં જાહેર સ્થાનોએ લઇ જઇ ગુન્હા અને શિક્ષાની દાંડી પિટાવવામાં આવતી. લોકો ફરી ફરી આવા ગુન્હા ન આચરે તે બતાવવા માટે આમ કરવામાં આવતું

**5.આર્થિક સ્થિતિ:-**

મૃચ્છકટિકના વતાવરણ પરથી એમ લાગે છે કે તત્કાલીન સમાજ આર્થિક રીતે પગભર અને સમૃધ્ધ અને સુખી હતો. વેશ્યાઓ પણ સમૃધ્ધ હતી વેશ્યાલયોનું અસ્તિત્વ સમાજનો વૈભવ અને વિલાસ પ્રગટ કરે છે. જુગાર રમવાનો અત્યંત વ્યાપક શોખ પણ સમાજના મોટા ભાગના માણસોની સુખી સ્થિતિનો નિર્દેશ કરે છે. પરંતુ નાટકનો નાયક દરિદ્રતાના દોષથી પીડિત છે.

અને એણે ગણાવેલ ગરીબાઇની વિષમતા સમાજના એક મોટા પીડીત અને દલિત વર્ગનો નિર્દેશ કરે છે.

વેપાર અને ખેતીના વ્યવસાય ઉપરાંત સમાજમાં અનેક પ્રકારની નોકરીઓ તથા અંગત વ્યવસાયના ઉલ્લેખ પણ છે. વેપારી, વેશ્યાઓ તથા શ્રેષ્ઠીઓ પોતાને ઘેર ગુલામ રાખતા અને એમને મુક્ત કરવા માટે ભારે ધનની જરૂર પડતી. આ ઉપરાંત રાજકીય નોકરીઓએનો ઉલ્લેખ છે.

**6.ધાર્મિક સ્થિતિ:-**

મૃચ્છકટિકનાસમયથી બૌધ્ધ ધર્મનો ઉદય પામતો હતો પણ બ્રહ્મણ ધર્મનું વર્ચસ્વ ઘટ્યું નહોતું. ચરુદત્ત યજ્ઞ, યજ્ઞમંડપ વેદમંત્રો વગેરેનો ઉલ્લેખ કરે છે. યજ્ઞમાં બલિ આપવાની પ્રથા પ્રચલિત હોંય તેમ જણાય છે. કારણ કે વધસ્તંભે લઇ આગે ચારુદત્ત પોતાની જાતને બલિ માટે બાંધેલા બકરા સાથે સરખાવે છે.

કેટલાક માણસો પર ચાર્વાકનો પ્રભાવ પણ જોવા મળે છે. દા.ત. શર્વિલક ધર્મનું તથા સાપ કરડે ત્યારે ઝેર પ્રસરતું રોકવામાં જનોઇનો ઉપયોગ કરે છે. શકાર જેવા ખલસ્વભાવના માણસો રામાયણ, મહાભારત, પુરાણ વગેરેની મશ્કરી ઉડવતા. શકાર બૌધ્ધીનું પ્રમાણની પણ ખુલ્લે ખુલ્લી મજાક તથા પરેશાની આચરે છે.

<u>3.રામકૃષ્ણ શર્મા રચિત બાંગ્લાદેશોદયમ</u>

1971ની ભારત અને પાકિસ્તાનના યુદ્ધની વાત છે. આ નાટકમાં કે જેના કારણે બાંગ્લાદેશનો જન્મ થયો. આ પ્રસંગનું આબેહૂબ ચિત્ર આ નાટકમાં જોવા મળે છે.

**1.આર્થિક પરિસ્થિતિ:-**

1947 માં દેશ આઝાદ થયા પછી બંગાળનો જે ભાગ પાકિસ્તાનમાં જાય છે. તેને પશ્ચિમ પાકિસ્તાન તરીકે ઓળખવામાં આવે છે. પૂર્વ પાકિસ્તાનના લોકો તેને સ્વીકારવાના બદલે તેના પર જુલ્મ અને અત્યાચાર ગુજારે છે. તેની સુવ્યવસ્થા કરવાના બદલે ખાવાના ફાફાં પડે તેવી પરિસ્થિતિ સર્જાય છે. માછીમારી કરી ગુજરાન ચલાવતા લોકોથી જ સરકરને તકલીફ છે. તેના કારણે દરેક વસ્તુ પર ડબલ કરવેરો લાગુ પાડે છે. તેથી ગરીબ માણસની પરિસ્થિતિમાં સુધારો જ નથી આવતો. તેમની આર્થિક સ્થિતિ ખૂબ જ કરુણ હોય છે.

**2.ધાર્મિક પરિસ્થિતિ:-**

પૂર્વ પાકિસ્તાનની પ્રજા પોતાને સાચા મુસ્લિમ ગણે છે. પરંતુ ભારતથી વસેલ મુસલમાનને સાચો મુસ્લિમ ગણવાના બદલે તેમને હિંદુ જ માને છે. તેઓ તેમને ભાષા પણ કાશ્મીરી કે ઉર્દુ બોલવા દબાણ કરે છે. બંગાળી બોલવા પર અત્યાચારો ગુજારે છે. ત્યારની ધાર્મિક પરિસ્થિતિ ખૂબ જ અકડાવનારી છે. માણસપોતાની મરજી મુજબ ધર્મ પાળી ન શકે.

**૩.રાજકીય પરિસ્થિતિ:-**

પશ્ચિમ પાકિસ્તાનની પ્રજાને કોઇ પણ જાતની વાત સાંભળ્યા વગર જ નિર્દોષ હોવા છતા સજા કરવામાં આવતી. દરેક અધિકારી પોતને ગમતી સ્ત્રીને ગમે ત્યારે ઊઠાવી જતો. મજૂરોને કામના બદલામાં વળતર આપવાના બદલે મન ભરીને મારતા. દરેક અધિકારી કે સૈનિક બંગાળીઓને માર મરીને પોતાનો ગુસ્સો ઉતારતા હતા. પાછળથી તો એવી પરિસ્થિતિ આવે છે કે આંતકવાદીઓ આખા પશ્ચિમ પાકિસ્તાનના દરેક વ્યક્તિને જોતાની સાથે જ ઠાર મારે છે અને બધે જ જમીન દેખાવના બદલે લોહીના ખાબોચિંયાં જ દેખાય છે. 1971ની લડાઇ વખતે ખૂબ જ આરાજકતાભરી સ્થિતિ જોવા જોવા મળે છે.

આમ સંસ્કૃત સાહિત્યમાં નાટ્યકાર પોતાના સમકાલીન સમાજને ખૂબ જ સચોટ રીતે રજૂ કરે છે.

# મહાકવિ કાલિદાસની કૃતિઓમાં નિરૂપિત રાષ્ટ્રભાવના.

7

ડૉ. યોગિની એચ.વ્યાસ

અધ્યક્ષ : સંસ્કૃત વિભાગ

ઉમા આર્ટ્સ કોલેજ, ગાંધીનગર

ભારતીય જનજીવન અને સંસ્કૃતિને નવીન દર્શન અને વાચા અર્પનાર મહાકવિ કાલિદાસ બ્રહ્મસંસ્પર્શ પામેલા મહાન ઋષિ છે. ભારતીય સંસ્કૃતિના ત્રણ મહાકવિઓ પૈકી મહર્ષિ વાલ્મીકિ શબ્દની રમણીયતાના સ્વામી, મહર્ષિ વેદવ્યાસ અર્થની ઉદાત્તતાના ઈશ્વર અને મહાકવિ કાલિદાસ શબ્દાર્થની સંપૃક્તિના મહાકવિ છે. માત્ર ભારતના જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વના સાહિત્યરસિકો સૂર્ય સમી પ્રચંડ અને ચન્દ્ર જેવી સ્પૃહણીય પ્રતિભાના સ્વામી ગણાતા કાલિદાસના નામથી ભાગ્યે જ અજાણ્યા હશે. લેખકના જીવન અને દર્શનનું આછું પાતળું પ્રતિબિંબ તેની કૃતિઓમાં ઝીલાતું હોય છે. મહાકવિ કાલિદાસની કૃતિઓના અનુશીલનથી એ વાતની સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે તેઓ ભારતના રાષ્ટ્રકવિ છે, ભારતીય સંસ્કૃતિના કવિ છે. આર્ય સંસ્કૃતિના પ્રતિનિધિ કવિએ આર્યોના તત્ત્વચિન્તન, પ્રકૃતિ અને જીવન પ્રત્યેનો તેમનો મૌલિક અભિગમ, પ્રજાજીવનમાં પ્રચાર પામેલી ધાર્મિક પ્રણાલીઓ, સામાજિક રીતિરિવાજો, ભૌગોલિક વિશિષ્ટતાઓ વગેરેનું પ્રામાણિક જ્ઞાન મેળવવું જોઈએ, જેથી તે સૌનું નિરૂપણ – ચિત્રણ સજીવ અને હૃદયસ્પર્શી બને.

માત્ર 'મેઘદૂત' ના અભ્યાસથી કાલિદાસને આપણે ભારતનો રાષ્ટ્રકવિ કહી શકીએ. કૃષિપ્રધાન ભારત દેશની સંપૂર્ણ મઘમઘતી સંસ્કૃતિનો આધાર આકાશમાં મુક્ત મને ઘૂમી રહેલી રમતિયાળ વાદળી ઉપર છે. મેઘના ઉદ્ભવ સ્થાન ગણાતી નૈઋત્ય દિશાથી હિમાચલની અલકાનગરી સુધીની યાત્રાની સાથે સાથે ભારતના સંસ્કૃતિ સંભારની સૌરભ કવિએ 'મેઘદૂત' માં ગૂંથી લીધી છે. હિંદના પર્વતો, નદીઓ વગેરે પ્રાકૃતિક દૃશ્યોનાં કેટલાંક ચિરસ્થાયી સ્વરૂપ વિશેષોનો પોતે અનુભવેલો સૌંદર્ય પ્રભાવ પણ હંમેશ માટે શબ્દબદ્ધ કરી દીધો છે. ભારતીય સંસ્કૃતિના જનક, પાલક અને પોષક તરીકેની મહત્ત્વપૂર્ણ કામગીરી બજાવનાર હિમાલયને કાલિદાસ 'દેવતાત્મા' કહીને ભવ્ય અંજલિ આપે છે. કવિને મન ભારત એક નિશ્ચેતન ભૌગોલિક એકમ કે સામાન્ય સામાજિક- સાંસ્કૃતિક હસ્તી નથી, પરંતુ જેનો આત્મા દિવ્ય છે, વિશ્વની પૂર્ણતાના ગીતમાં જેનો સ્વર પ્રમુખ છે, તેવું નક્કર સત્ય છે. આ દેશની પ્રાચીન તપોવન – સંસ્કૃતિ તરફ કાલિદાસનો જે અહોભાવ છે તે 'શાકુન્તલમાં' કણ્વ અને મારીચ ઋષિના આશ્રમોના વર્ણનથી, 'મેઘદૂત' માં યક્ષની જન્મભૂમિ અલકાના વર્ણનથી તથા 'વિક્રમોર્વશીય' માં ચ્યવન ઋષિના આશ્રમના વર્ણનથી પ્રગટ થાય છે. આ વર્ણનો કવિ- કલ્પના પર આધારિત નથી, પરંતુ નજરે નિહાળ્યા પછી હૃદયભૂમિમાં ચિરસ્થાયી બનેલાં રમ્ય પ્રદેશોનાં યથાર્થ વર્ણનો છે. 'કુમારસંભવ'(1/5) માં હિમાલય ઉપર જીવાતા જીવનનું એક લાક્ષણિક ચિત્ર જોઈશું.

'હિમાલયની મેખલા (મધ્યપ્રદેશ) સુધી વિચરતા મેઘોની છાયાનું સેવન નીચેના શિખરો પાર કરીને વૃષ્ટિથી કંટાળેલા સિદ્ધ પુરુષો (ઉપર ચઢીને) વાદળોથી ઉપર આવેલાં સૂર્યપ્રકાશની ઉષ્માવાળા શિખરોનો આશ્રય કરે છે.'

પૃથ્વીથી વાદળ સુધી અને તેનાથી પણ ઉપર વાયુમંડળની હૃદયાવર્જક સ્થિતિગતિનું સ્વયં દર્શન કર્યું હોય, માણ્યું હોય એવા વિમાનયાત્રીઓ કાલિદાસના કવનનું હાર્દ પામી શકે.

આર્ય તત્ત્વચિન્તકો સંપૂર્ણ વિશ્વનેબ્રહ્મરૂપ માને છે. પ્રકૃતિના પ્રત્યેક સ્તરમાં ચૈતન્ય વિલસતું જોવા મળે છે. કાલિદાસે પ્રકૃતિને માનવીય કથાનકોમાં જીવંત પાત્ર તરીકે રજૂ કરી છે. જે માનવીના સંવેદનો માટે, ઉદ્દીપન વિભાવનું કાર્ય કરવા

ઉપરાંત સમભાવ ધારણ કરનાર ઉષ્માસભર પાત્રની જેમ તેના સુખ દુઃખના પ્રતિભાવો પણ દર્શાવે છે. ભારતમાં નિયમિત પણે પ્રવર્તતી ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમન્ત, શિશિર અને વસન્ત એ છ ઋતુઓનું જનજીવન સાથે સમરસભાવે વર્ણન પોતાના 'ઋતુસંહાર' નામના પ્રારંભિક કાવ્યમાં કરી, પ્રકૃતિ પ્રેમને પોતાની કાવ્યરચનાના આરંભબિંદુ તરીકે સ્વીકારવામાં કાલિદાસનો દેશપ્રેમ આડકતરી રીતે સૂચિત થાય છે. 'વિક્રમોર્વશીય' નો અભ્યાસ કરતાં જણાય છે કે જે ઉર્વશી પ્રથમ માત્ર એક વિશિષ્ટ આકૃતિમાં જ હતી તેનું દર્શન પ્રથમ તૂટક તૂટક અને છેલ્લે સંપૂર્ણપણે પુરૂરવાએ સમસ્ત પ્રકૃતિમાં કર્યું, અને રીતે તેણે સમગ્ર પ્રકૃતિમાં રહેલા વિશાળ સૌંદર્યનો જ ઉર્વશીમાં સાક્ષાત્કાર કર્યો. માનસિક પરિતાપ વચ્ચે પણ રાજા મોરને नीलकण्ठ, કોયલને कलभाषिणि, રાજહંસને जलविहंगमराजा, ચક્રવાકને रथाङ्गनामन् તથા ભ્રમરને मधुकर આદિ માનપ્રદ સંબોધનોથી વાત્સલ્યપૂર્વક બોલાવે છે. તેનો સમભાવ સમસ્ત સાથે જે રીતે વિસ્તાર પામ્યો છે તે જોતાં પુરૂરવા માત્ર પ્રતિષ્ઠાનપુરનો જ નહિ પણ સમગ્ર પ્રકૃતિનો રાજા બની ગયો છે. જેના ઉપર વાદળો ઝળુંબેલા છે તે આખું ગન્ધમાદન વન જાણે કે વિરહના ઓથાર નીચે રહેલું રાજાનું જ સુંદર અને ભવ્ય માનસ લાગે છે. આમ, આપણા કવિ નૈસર્ગિકી અદ્ભૂત પ્રતિભાથી સંપન્ન કવિ તરીકે પ્રકૃતિના પૂર્ણ વૈવિધ્ય તથા જીવનના સર્વાંગીણ સૌંદર્યનો પારખુ છે તે જણાઇ આવે છે.

ભારતીય સંસ્કૃતિના સાહિત્યશિખર ગણાતા આપણા આ મહાકવિ અનેક સર્જનોને વિશ્વભરના સાહિત્યરસિકોએ હંમેશા ઉમળકાભર્યા સ્નેહથી આવકાર્યા છે, વધાવ્યા છે તથા આકંઠ માણ્યા છે. જે યુગમાં બ્રાહ્મણોચિત તપનું સંવર્ધન થઇ રહ્યું હતું, ક્ષત્રિયોચિત દિગ્વિજયની પ્રસિદ્ધિની કામના કરવામાં આવતી હતી, વૈશ્ય પ્રજાજનો આધિભૌતિક વિલાસની સામગ્રી તૈયાર કરી રહ્યા હતા તથા શેષ વર્ગના પ્રજાજનો પોતાની અદ્ભૂત શિલ્પકલાથી વસુંધરાને સૌંદર્યમય બનાવવા માટે અનુપમ યોગદાન આપી રહ્યા હતા, તેવા ભારતીય ઇતિહાસના સુવર્ણયુગનો સંકેત આપતા પરિવેશમાં મહાકવિએ ભારતવર્ષને ગૌરવશાળી બનાવ્યું. કવિનું સાહિત્યસર્જન વિશ્વસંસ્કૃતિનો શાશ્વત 'માનદંડ' છે. આધિભૌતિક, આધ્યાત્મિક, કલાત્મક કે પછી લોક કલ્યાણત્મક એમ સંસ્કૃતિના તમામ ક્ષેત્રોમાં આપણા કવિની પ્રતિભાના સંસ્પર્શથી 'વ્યષ્ટિ' ની પરિધિ ને 'સમષ્ટિ' માં સમાહિત કરી.

'રઘુવંશ' સંસ્કૃત સાહિત્યમાં કદાચ સર્વપ્રથમ સાંસ્કૃતિક અને રાજનૈતિક મહાકાવ્ય છે. આ મહાકાવ્યનું ઉપજીવ્ય વસ્તુ પ્રાચીન ભારતના આદર્શ સમ્રાટ મર્યાદા પુરુષોત્તમ રામના વંશનું વર્ણન છે. અને કાલિદાસે રાષ્ટ્રીય ચેતનાના પ્રતીકરૂપે તે યુગના ભારતવર્ષનું સર્વસંપૂર્ણ ચિત્ર પ્રસ્તુત કર્યું છે. રઘુવંશની રચના કરીને જાણે કવિએ પૂર્વસૂરિ મહર્ષિવાલ્મીકિ પ્રત્યેનું ઋણ અદા કર્યું. દિલીપ, રઘુ, અજ તથા દશરથના સદાચાર, ન્યાયપરાયણતા અને ઉદાત્ત જીવનનું દર્શન કરાવી કવિએ આ વંશને રામ જેવા કુળરત્નના પ્રાદુર્ભાવ માટે સુયોગ્ય સાબિત કર્યો. રામ- રાજ્યકાળ એ રઘુવંશનો ઉજ્જવલતમ યુગ છે, ઉન્નતિની પરાકાષ્ઠા છે. પરંતુ મધ્યાહ્નનો સૂર્ય જેમ આકાશના ઉચ્ચતમ શિખરને સ્પર્શીને ફરીથી અસ્તાચલ તરફ ઊતરવા લાગે છે. રાજા અગ્નિવર્ણના અસંયમી જીવનદર્શનથી આ મહાકાવ્ય પૂર્ણ થાય છે. કવિએ આ કાવ્યમાં એક ચિરંતન સત્ય સ્થાપિત કર્યું કે પ્રગતિના મૂળમાં એક બળવાન અને પરિશુદ્ધ આદર્શ હોવો જરૂરી છે. કાલિદાસની બધીજ કૃતિઓમાં કવિની વિશિષ્ટ પ્રજ્ઞા તથા પ્રતિભાનો પરિચય મળે છે. પરંતુ આ મહાકાવ્યમાં તો કવિએ ભારતીય સંસ્કૃતિનો ભવ્ય વારસો તથા અખંડ રાષ્ટ્રીય ચૈતન્ય સરસતાથી પ્રદર્શિત કર્યાં છે. રઘુકુળના રાજાઓની કર્તવ્યપરાયણતા સમગ્ર કાવ્યમાં મહનીય મૂલ્ય ધરાવે છે. રઘુવંશના દ્વિતીય સર્ગમાં જ્યારે સિંહ દીક્ષાપૂર્વક નન્દિની ગાયની સેવા કરી રહેલા તથા એક છત્રવાળું જગતનું સ્વામીત્વ, તરુણ વય અને સુંદર શરીરનો ત્યાગ કરી રહેલા રાજા દિલીપને ગાય પોતાના આહાર માટે આપી દેવા સમજાવે છે ત્યારે રાજાએ સ્વદેહાર્પણની તૈયારી બતાવી કર્તવ્યને માટે આત્મવિલોપનની ભાવનાનું ઉત્કૃષ્ટ શિરોબિંદુ દર્શાવ્યું. 'तेन त्यक्तेन भुञ्जीथाः' (ઇશાવાસ્યોપનિષદ્ -1) 'ત્યાગીને ભોગવી જાણો'.આ પ્રસિદ્ધ રત્નકણિકાનું જીવંત ઉદાહરણ કૌત્સ છે. રાજા રઘુ યજ્ઞ પ્રસંગે પોતાની સઘળી

સંપત્તિ દાનમાં આપી, ધનભંડાર ખાલી કરીને બેઠો છે. વરતન્તુ મુનિના શિષ્ય કૌત્સે યજ્ઞ માટે આવશ્યક ધનની યાચના કરતાં રઘુએ કુબેર પાસે સોનામહોરોનો વરસાદ વરસાવ્યો. કૌત્સ ગુરુ માટે આવશ્યક માત્ર ચૌદ કરોડ સોનામહોરો જ લેવાનો આગ્રહ રાખે છે. રાજા કહે છે 'તારે માટે આવી છે. તેથી મારાથી ન લઈ શકાય'. ત્યાગભાવના આ મીઠા ગજગ્રાહને કવિએ સુંદર રીતે (રઘુવંશ- 5 /31) વર્ણવ્યો છે.

ભારતવર્ષને કાલિદાસે પોતાની અપૂર્વ કવિપ્રતિભાના બળે શબ્દસૃષ્ટિમાં એવું ચિરંજીવ સ્વરૂપ આપ્યં છે કે એમાંથી કોઈ કાળે કોઈ સહૃદય દૂર થઈ જ ન શકે. કાલિદાસની રચનાઓનો ઋષિ સમાજ એક દીપસ્તંભ બનીને ઊભેલો દેખાય છે. તેમની કૃતિઓમાં सत्यम्, शिवम् અને सुन्दरम् અદ્‌ભૂત ત્રયીના સ્વરૂપમાં વિદ્યમાન છે. વિશ્વસંવાદિતાના વૈતાલિક મહાકવિ કાલિદાસની નવનવોન્મેષશાલિની પ્રતિભાને વંદન.

# જાહેર પસંદગીનાં સિધ્ધાંતો

8

**Mr. BhardwajbhaiPrahladbhai Vyas**

**Assistant Professor of Economics**

**ShreeR.R.Lalan College-Bhuj**

## 1.પ્રસ્તાવના :

જાહેર પસંદગી (Public Choice)નો ખ્યાલ મૂળભૂત રીતે રાજનીતિ શાસ્ત્રનાં સંદર્ભમાં છે. પરંતુ 20મી સદીમાં થયેલાં જુદાં–જુદાં આર્થિકખ્યાલોનાં વિકાસમાં જાહેર વિત્તવ્યવસ્થાનાં ક્ષેત્રે જાહેર પસંદગીની ચર્ચા અગત્યની ગણી શકાય. જાહેર પસંદગીનાં સિધ્ધાંતો કે જયાં રાજકીય મુદ્દાઓ, સરકારી હસ્તક્ષેપ અને ક્રિયાઓને આર્થિક પરિપેક્ષ્યમાં વિશ્લેષિત કરી શકાય છે. તદ્‌ઉપરાંત, જાહેર ક્ષેત્રનાં અસ્તિત્વનાં કારણો અને સરકારની ક્રિયાશીલતાને લગતાં કેટલાક પ્રશ્નોનું મુલ્યાંકન કરી, તેમાં પ્રારંભિકઆર્થિકખ્યાલોનો ઉપયોગ કરવામાં આવે છે. આમ, રાજકારણ અને આર્થિક પધ્ધતિઓનું મિશ્રણ સામાન્ય રીતે જાહેર પસંદગીનાં સિધ્ધાંતોની એક લાક્ષણિકતા તરીકે બહાર આવે છે.

Public Choice અર્થાત્ *more choices to the public*, જયાં લોકો પાસે વધુમાં વધુ વિકલ્પો અને પોતાની પસંદગીઓ હશે. ખાનગી વસ્તુઓની બાબતમાં બજારમાં તેની ખરીદી દ્વારાં લોકો પોતાની પસંદગી વ્યકત કરતાં હોય છે. પરંતુ જેને જાહેર વસ્તુ ગણવામાં આવે છે તેની જોગવાઈ અંગેના નિર્ણયમાં ગ્રાહકની પસંદગી વ્યકત કરતી બજાર પધ્ધતિ નિષ્ફળ નિવડે છે. આવા સંજોગોમાં જાહેર વસ્તુ અંગેની લોકોની પસંદગી જાણવા બજારતંત્રની અવેજીમાં રાજકીય પ્રક્રિયાનો આશરો લેવામાં આવે છે. બજાર પધ્ધતિ એ નીતી પસંદગીને સમજવાની એક ઉપયોગી રીત હોવા છતાં, આર્થિકવિનિમય બજાર અને રાજકીય વિનિમય બજાર વચ્ચે નોંધપાત્ર તફાવત રહેલો છે. આર્થિકવિનિમય બજાર કે જયાં સાધનોની તાર્કિક અને ઈષ્તમ ફાળવણી થાય છે. જયારેરાજકીય વિનિમય બજાર અન્ય લોકો પર કોઈ એક જૂથની પસંદગીની તરફેણ કરે છે. જયાં લોકોની ક્રિયાઓ અને રાજકીય પ્રવૃત્તિઓ જાહેર હિતોને બદલે સ્વ–હિતથી વધુ પ્રભાવિત થાય છે.

## 2.સૈધ્ધાંત્તિક સ્પષ્ટીકરણ :

સામાન્ય રીતે આપણે એમ માનીએ છીએ કે, રાજકારણીઓ અને અમલદારો જાહેર હિતોને સમર્પિત હોય છે. પરંતુ વાસ્તવમાં તેઓ બજારનાં એજન્ટ હોય તે રીતે જ વિવિધ હેતુઓ પર કાર્ય કરે છે. બુધ્ધિગમ્યરીતે તેનો એ અર્થ છે કે, તેઓ જાહેરહિતને બદલે પોતાની રૂચિઓને મહત્તમમાં મહત્તમ કરવાનો પ્રયાસ કરે છે. જે રીતે એક વ્યાપારી મહત્તમ નફાને ધ્યાનમાં લઈને નિર્ણયો લે છે, તે જ રીતે રાજકારણીઓ એવી નીતિ બનાવશે જે આગામી ચૂંટણી જીતવાની તેઓની તકોને મહત્તમ બનાવે. મૂળભૂત રીતે દેશમાં લાંબાગાળાનાં હિતોને ધ્યાનમાં રાખીને નીતિઓવિકસિત કરવી જોઈએ. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ છે. મોટા ભાગની નીતિઓ વર્તમાન મતદારોને ખુશ કરવાનાં ઉદ્દેશ્ય સાથે ટૂંકાગાળાની હોય છે. ભલે પછી તે લાંબાગાળાની ખોટ બને.

સરકાર મતદારોને અપીલ કરવા માટે નીતિઓ પસંદ કરે છે. જેમાં મજબૂત જૂથોનો પ્રભાવ, પસંદગીઓ અને તેઓની સામુહિક સોદાશકિતદ્વારાં સરકારી નીતિઓને અસર કરશે. અહીં મતદારો તેમના સ્વાર્થ માટે મત આપે છે અને ચૂંટાયેલા સભ્યો સત્તા માટે મતોને મહત્તમ કરે છે. મત–મહત્તમીકરણનાં સિધ્ધાંતો એ સૂચન કરે છે કે, રાજકારણીઓ જો શકય હોય તો આર્થિક

પરીણામોમાં ફેરફાર કરવા પ્રયત્ન કરશે. આમ, જાહેર પસંદગીના સિધ્ધાંતો આર્થિકવિશ્લેષણની એક એવી શાખા છે કે જે રાજકારણીઓ અને અમલદારોના વર્તણુંક સાથે સંબંધિત હોય. તેમાં એવા માર્ગોને પસંદ કરવામાં આવે છે જયાં રાજકીય સમસ્યાઓ અને નીતિઓને બજાર વિનિમય અંતર્ગત એકમલક્ષી પરિપેક્ષ્યમાં લાગુ પાડી શકાય. અહી તમે સમસ્યા તરફ જૂઓ છો અને શ્રેષ્ઠ ઉકેલ સાથે આવો છો.

## 3.જાહેર પસંદગીની વિવિધ પધ્ધતિઓ :

આમ તો જાહેર પસંદગીની ચર્ચા ઘણાં વર્ષો પૂર્વે થયેલી. બે ફ્રેન્ચ ગણિતશાસ્ત્રીઓ Jean-Charles de Borda (1781) અને Marquis de Concordet (1785)માં રજૂ કરેલ સંયુકત સંશોધન *characteristics of the voting rules*માં તેનો ઉલ્લેખ જોવા મળેલો. ત્યારબાદ જો કે 19મી સદી સુધી સામાજિક વિજ્ઞાનીઓએ અર્થશાસ્ત્ર અને રાજનીતિ શાસ્ત્ર વચ્ચેનો ભેદ પારખ્યો ન હતો. જેવન્સ દ્વારાં 1871માં પ્રકાશિત થયેલ તેમનાં પુસ્તક *The Theory of Political Economy*માં આ અંગે કેટલાંક વિચારણીય મુદ્દાઓ રજુ થયેલાં. સમયાંતરે ડંકન બ્લેક, એરો, એન્થોની ડાઉન, બુકાનન અને ટુલોક, વિલિયમ નિસકાનન, પેરેટો, પ્રો.જે.એસ. મિલ તેમજ નટ વિકસેલ વિ. એ જાહેર વસ્તુ અંગેની લોકોની પસંદગી એકત્રિત કરવાની સમસ્યા અંગેના મંતવ્યો રજૂ કર્યા. જેમાંના કેટલાંકની વિગતે ચર્ચા કરીએ.

### 3.1.Duncan Black -*The Theory of Committees and Elections*

પ્રો. બ્લેક જાહેર પસંદગી અંગેની પહેલ કરનારાઓમાનાં એક છે. આર્થિક પધ્ધતિઓની સહાય સાથે રાજકીય વિજ્ઞાનની સમસ્યાઓને ઉકેલવા માટે પ્રો. ડંકન બ્લેકનો અભિગમ મહત્વપૂર્ણ છે. તેઓ જણાવે છે કે, શું સામાજિક પસંદગી અને સામાજિક નિર્ણયીકરણનાં વિધેયમાં વ્યકિતગત પસંદગીઓ સામેલ છે ? જો હા તો, તે પસંદગીઓ કેવી રીતે નક્કી કરવી એ છે. R. A. Newingસાથે પ્રો. બ્લેકનાં સંયુકત પ્રયાસો દ્વારાં લખાયેલ*Committee Decisions with Complementary Valuation*ઘણાં સંપાદકો દ્વારાં નકાર્યા બાદ પ્રકાશિત થયેલી. ત્યારથી તેમના વિચારોને સૈદ્ધાંતિક ઓળખ મળી.પ્રો. બ્લેકે બહુમતી મતદાન નિયમ અંગે મધ્યવર્તી મતદાર સિધ્ધાંત રજૂ કર્યો છે. જયાં અમુક કાર્યક્રમ અંગે મતદારોનાં વિવિધ મંતવ્યો હોય તેવા સંજોગોમાં ચૂંટણી દ્વારાં બહુમતીથી નિર્ણય કરવાનો થાય ત્યારે બહુમતી દ્વારાં જે પરિણામો આવશે તે મધ્યવર્તી મતદારોના સમૂહની પસંદગી પ્રમાણેના હશે. દરેક સ્થળે અન્ય મતદારોને બદલે મધ્યવર્તી મતદારો સંતોષાશે. અન્યશબ્દોમાં કહીએ તો, મોટાભાગે બહુમતી દ્વારાં પ્રાપ્ત પરિણામો જૂથના મધ્યવર્તી મતદારોની પસંદગીઓ સાથે સુસંગત હશે. વ્યવહારમાં જે રાજકીય પક્ષ મધ્યવર્તી મતદારોની પસંદગીને વ્યકત કરશે, તેઓ બહુમતી પ્રાપ્ત કરી ચૂંટણીમાં વિજયી બનશે. પ્રો. બ્લેકનાં જણાવ્યા અનુસાર, મતદાન દ્વારાં વ્યકિતગત નિર્ણયીકરણ સાથે સંબંધિત કોઈ જ આર્થિકસિધ્ધાંત નથી. માત્ર સામૂહિક નિર્ણયીકરણ દ્વારાં જ જાહેર પસંદગીની જોગવાઈ શકય બનશે.

### 3.2.Kenneth Arrow -*Social Choice and Individual Values*

પ્રો. એરો અર્થશાસ્ત્રમાં સૌથી નાની વયે નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર છે. તેઓનો 'અશકયતા પ્રમેય'(Impossibility Theorem) જાણીતો છે. જેમાં તેઓએ સામાજિક પસંદગીની રચના કરવા વ્યકિતગત પસંદગીઓનું એકત્રિકરણ કરવાની, અને જો શકય હોય તો આ પસંદગીઓ કેવી રીતે એકત્રિત કરવી ? – એ પ્રશ્ન પર વિશ્લેષણ કર્યુ છે. એરોએ સામાજિક કલ્યાણ વિધેય (Social Welfare Function)નો ઉપયોગ કરીને તેઓનું વિશ્લેષણ હાથ ધર્યુ છે, જે ચોક્કસ સામાજિક પસંદગીની તુલના કરે છે. તેઓ એવા નિષ્કર્ષ પર આવે છે કે, વ્યકિતગત પસંદગીઓ

એકત્રિત કરીને સામાજિક પસંદગીઓ પ્રાપ્ત કરવાનું અશકય છે. કોઈ કાર્ય, જેમાં વ્યકિતગત પસંદગીઓ એકત્રિત કરવામાં આવશે, તે તાર્કિક રીતે સામાજિક પસંદગીની રચનામાં સમસ્યા ઉભી કરશે. દા.ત. મતદાન દ્વારાં બજેટ આયોજન કરવું. તે સામાજિક પસંદગીની સમસ્યાનું એક વિશિષ્ટ સ્વરૂપ છે.

## 3.3.Buchanan and Tullock-*The Calculus of Consent*

પ્રો. બુકાનને કેટલાંક વર્ષો ઈટાલીમાં વિતાવ્યા. જયાં તેઓ ઈટાલીયન જાહેર વિતવ્યવસ્થાથી પરિચિત થયાં. ત્યાંની કેટલીક પધ્ધતિઓ અને અભિગમોએ પ્રો. બુકાનનને નવા આર્થિક પરિપેક્ષ્યમાં વિચારવા પ્રોત્સાહિત કર્યા. તે સમયગાળા દરમ્યાન બહુમતી મતદાન પધ્ધતિ પ્રચલિત હતી. પરંતુ તેઓ માનતા કે, વ્યવહારમાં બહુમતી મતદાન પધ્ધતિ અમલમાં મૂકવી યોગ્ય નથી. કારણ છે તે વધુ પડતા જાહેર ખર્ચનાં વલણો દર્શાવે છે.તદ્ઉપરાંત, આ પ્રકારની રાજકીય પ્રક્રિયામાં જે મતદારોનો સમૂહ ઉચ્ચ સોદાશકિત ધરાવે તેઓ પોતાના હિતને ધ્યાનમાં કાર્યક્રમ મંજૂર કરાવી શકે છે. જયાં ખાનગી ક્ષેત્રની જેમ ખર્ચ–લાભનાં વિશિષ્ટ મૂલ્યાંકન દ્વારા પસંદગીક્રમનિર્ધારીત થશે.

## 3.4.William Niskanen–*Budget-maximizing Model*

પ્રો. વિલિયમનિસકાનને જાહેર સેવાઓનો પુરવઠો અને બજેટ વર્તણુકનાં આધારે અમલદારોનાં વ્યવહારને ધ્યાનમાં લીધો છે. તેઓ જણાવે છે કે, સરકારી અમલદારો જાહેર હિતને 'સ્વ–હિત' ને ધ્યાનમાં રાખી કાર્ય કરતાં હોય છે. તેઓ પોતાનાં હિતને ધ્યાનમાં રાખી ઈચ્છાપૂર્વક એ જે ખાતામાં હોય એ ખાતાનો વિસ્તાર કરી, પોતાના બજેટને મહત્તમ કરવાનાં પ્રયાસો કરશે. પરીણામે જાહેર ખર્ચમાં વૃધ્ધિ થશે અને દેશમાં મર્યાદિતસાધનોનો બગાડ થશે. આમ, તેઓએ માનવીય વર્તણુક સ્વ–હિતથી પ્રભાવિત છે એમ દર્શાવ્યું. છેવટે તો દરેક જાહેર સંસ્થાઓ મૂળભૂત રીતે વ્યકિતગત સક્રિયતાનો સમૂહ છે.

વધુમાં તેઓ જણાવે છે કે, અમલદારોની સત્તાને મર્યાદિત કરી, રાજયની પ્રવૃત્તિઓમાં ઘટાડો કરવો એ અંતિમ હેતુ છે.

## References :


- Arrow, K. J. (1950). “A difficulty in the concept of social welfare.” Journal of Political Economy,58: 328–346.
- Arrow, K. J. (1951). Social Choice and Individual Values. New York: Wiley.
- Black, D. (1948). “The decisions of a committee using a special majority.” Econometrica, 16: 245–261.
- Black, D. (1958). The Theory of Committees and Elections. Cambridge: Cambridge UniversityPress.
- Buchanan, J. M. (1949). “The pure theory of government finance: A suggested approach.” Journalof Political Economy, 57: 496–506.
- Buchanan, J. M. and Tullock, G. (1962). The Calculus of Consent. Logical Foundations ofConstitutional Democracy. Ann Arbor: University of Michigan Press.

- de Borda, J. C. (1781). Memoire sur les Elections au Scrutin. Paris: Histoire de l'Academie Royaledes Sciences.
- de Condorcet, M. (1785). Essai sur l'Application de L'Analyse a` la Probabilite´ des De´cisionsRendues a` la Pluraliste des Voix. Paris.
- Downs, A. (1957). An Economic Theory of Democracy. New York: Harper & Row.
- Downs, A. (1998). Political Theory and Public Choice. Edward Elgar, ABD.
- Mill, J. S. (1861). Considerations on Representative Government. New York: Bobbs-Merrill, 1958.
- Niskanen, W. A., Jr. (1971). Bureaucracy and Representative Government. Chicago: Aldine-Atherton.
- Niskanen, W. A. (1998). Policy Analysis and Public Choice, Edward Elgar.
- Wicksell, K. (1958). "A New Principle of Just Taxation." In R.A. Musgrave and A.T. Peacock, eds., Classics in the Theory of Public Finance, London: Macmillan, pp. 72-118.

9

# "सूत्रात्मको मन्त्रांशः" ।

अंकितः जे. रावलः
दर्शनम् संस्कृत संस्थानम्, SGVP,एस.जी. राजमार्गः,कर्णावतीनगरम्,३८२४८१.

"दुर्लभंभारतेजन्म" इति कथनस्य मूलं तु भारतदेशोऽयं विश्वप्राचीनदेशेषु अन्यतमः ।भारतवर्षस्य मूले उत भारतीयसंस्कृतेः मूले नैकानि तत्त्वानि सन्ति ।तद्यथा मन्त्रदृष्टारःऋषयः, नैकानि तीर्थस्थानानि, मन्दिराणितथा च वैश्विकसाहित्ये आदर्शभूतं प्राचीनतममस्माकं वैदिकसाहित्यम् ।

वैदिकसाहित्यकारणादेव अस्माकमियं संस्कृतिः प्राचीनसंस्कृतिषु अग्रिमा प्राचीनतमा च । अस्माकम् ऋग्वेदः प्राचीनसाहित्यस्य विश्वस्य वा प्रथमः ग्रन्थः ।वैदिकसाहित्यकारणदेव अस्माकमियं संस्कृतिः शिरच्छत्ररूपेण राराजते । वैदिकसाहित्यकारणादेव वयमिदानीं वैश्विकप्राचीनसंस्कृतिप्रचारकरूपेण गौरनमनुभवामः । श्रीमतः वेदव्यासस्य योगदानेन सम्पूर्णः भारतः उन्नतशिरो भूत्वा विश्वं पश्यति । तादृशमतुल्यं वैदिकसाहित्यमुपलब्भ्य गौरवान्विताः वयम् ।

एतादृशस्य वैदिकसाहित्यस्योपरि आदिकालादारभ्य अद्यापि पर्यन्तं बहुविधं चिन्तनंलेखनञ्च जातम् । समये-समये च विविध आचार्याःपवित्रां भारतभूमिं स्वजीवनमर्पयित्वा वैदिकसाहित्यरक्षणाय कृतभूरिपरिश्रमाः । एतादृशानां महापुरूषाणां बलिदानेन वेदोपनिषत्साहित्यम् अद्यापि पर्यन्तं सुरक्षितं सुलब्धञ्च । भिन्नैः आचार्यैः मन्त्राणामेकैकस्य शब्दस्य रक्षणाय बहुप्रयासः कृतो दृश्यते । कृतज्ञाः वयं यत् एतादृशस्य वैदिकसाहित्यरक्षणाय इदानीं चिन्त्यमानाः स्मः ।

गौरवस्य विषयोऽयम् एतावद् पर्यन्तं वेदानां मन्त्रोपरि,वैदिकसूक्तानामुपरितथा च वेदनिहितानां सामाजिकधार्मिकविषयाणामुपरि बहुविधं चिन्तनं लेखनं च जातं परंतु इदानीं किञ्चत् नूतनप्रकल्पत्वेन वेदानां सूत्रात्मकवाक्यस्योपरि वयं चिन्त्यमानाः ।

व्याकरणशास्त्ररचयितृणा पाणिनिना व्याकरणस्याद्भूतो ग्रन्थः "अष्टाध्यायी" सूत्रशैल्या निर्मितः । सूत्रशैल्यां रचितोऽयम्"अष्टाध्यायी" ग्रन्थः नकेवलव्याकरणशास्त्रे अपि तु सूत्रशैल्यां रचितैःबहुविधग्रन्थैः कृत ग्रन्थमणिमालायां सुमेरुरिव विराजते । कारणं तु अष्टाध्यायां पाणिनिमुनिना चतुस्सहस्रसूत्राणि रचितानियैः सम्पूर्णं व्याकरणं सुदृढतरं ग्रथितम् । अत एव नैकेषु सूत्रग्रन्थेषु अष्टाध्यायी अप्रतिमा । यतो हि पारम्परिक-परम्परया प्राप्तं सूत्रलक्षणं सम्यकतया सुबद्धं भवति ।वेदेषु प्राप्तानि सूक्तिवचनानि मन्त्रांशान् स्वीकृत्य सूत्रदृष्टया विचारविमर्शः किञ्चत्भिन्नरूपेण विचार्यमाणो प्रकल्पः ।प्रायः अनेनैव कारणेन **व्याकरणं वेदस्य मुखं स्मृतम्** ।वेदमुखकारणादेव वेदेऽपि सूत्रात्मकाः मन्त्रांशाः वरिवर्तते ।

पाणिनिना रचितानि सूत्राणि प्रसिद्धलक्षणेषु निबद्धानि । लक्षणं च उक्तं काव्यमीमांसाकारेण यायावरीयराजशेखरेण द्वितीये अध्याये उक्तं – '**सूत्रणात् सूत्रम्**'इति ।

अपरञ्च प्रसिद्धं सूत्रलक्षणं यथा-

**अल्पाक्षरमसन्दिग्धं सारवद्विश्वतोमुखम् ।**

**अस्तोभमनवद्यञ्च सूत्रं सूत्रकृतो विदुः ।।**

वस्तुतः प्रसिद्धमिदं सूत्रलक्षणम् अल्पाक्षरमिति महर्षिणा वेदव्यासेन अग्निपुराणेवायुपुराणे च कथितम् । सूत्ररचयितारः बहवः सन्ति किन्तु सूत्रलक्षणरचयिता तु महर्षिवेदव्यासएकएव । स एवभगवान् वेदव्यासः वेदविभागकर्ता । अतः

वेदमन्त्रांशान् स्वीकृत्य सूत्ररूपेण उपस्थापनं सम्यक्तया भवितुमर्हति। सूत्रलक्षणरचयिता तथा वेदानां भागकर्ता तुल्यत्वात् वेदमन्त्रांशान् स्वीकृत्य सूत्ररूपेण उपस्थापनं नूतनपथप्रदर्शको मार्गश्च।

सूत्रं किदृशं भवेदिति चेत् अल्पाक्षरम् अर्थात् स्वल्पवर्णकम्, असन्देहम् अर्थात् सन्देहरहितम्, सारवत् अर्थात् बहूनां लक्ष्याणां साधुत्वादर्थगाम्भीर्यात्मकसारसहितम् , क्वच्चिचापकर्षात् पूर्वत्र परत्र च अनुग्राहकत्वाद् विश्वतोमुखं नाम सर्वत्र च सुलभान्वयम्, अस्तोभं स्तम्भनरहितम्, अर्थप्रतीतिप्रतिबन्धकविरहितं निरर्थकशब्दशून्यं वा, अनवद्यं नाम अवद्यो दोषः तद् रहितंनिर्दोषं सूत्रं भवति।

सरलया भाषया यथा स्वल्पवर्णयुक्तं, सन्देहरहितम् , सारयुक्तम् , अनावश्यकशब्दरहितम् तथा च शुभार्थस्य प्रकाशकरं सूत्रं भवति। एतादृशैः सूत्रयुक्तैरेव शास्त्रं भवति अत एवोच्यते।

**"सरितामिव प्रवाहास्तुच्छाः प्रथमं यथोत्तरं विपुलाः।**

**ये शास्त्रसमारम्भा भवन्ति लोकस्य ते वन्द्याः॥"**

पाणिनेः चतुस्सहस्त्रसूत्राणि, षडङ्गेष्वपि निरुक्तं विहाय प्रायः अन्याङ्गानि सूत्रशैल्यामेव लिखितानि। एतादृशाणां सूत्रग्रथितानां मन्त्राणां संग्रह एव वेदः। वेदे एतादृशाः बहवः मन्त्राः सन्ति यत्र मन्त्रांशो सूत्रत्वेन दृश्यते। तस्मात् चितमेकं सूत्रं "स्वस्ति पन्थामनुचरेम" इति। ऋग्वेदस्य पञ्चममण्डलस्य एकपञ्चाशत्तमसूक्तस्य पञ्चदशतममन्त्रात् चितः मन्त्रांशोऽयम्। सम्पूर्णो मन्त्रः यथा–

**स्वस्ति पन्थामनुचरेम सूर्याचन्द्रमसाविव।**

**पुनर्ददताघ्नता जानत सं गमेमहि॥[1]-ऋग्वेदः**

**•मन्त्रस्य विषयः**

मनुष्यैः दानकर्ता, अहिंसकेन, विदुषा च संगेन धर्ममार्गेण गन्तव्यमित्याह।

**•मन्त्रस्यान्वयः**

(वयं) सूर्याचन्द्रमसाविव स्वस्ति पन्थामनुचरेम पुनर्ददताघ्नता जानता (सह) सं गमेमहि॥

**•मन्त्रपदार्थः**

स्वस्ति – सुखम् पन्थाम् – वर्त्मानम्

अनुचरेम – अनुगच्छेम पुनःददता – दानकर्त्रा

अघ्नता – अहिंसकेन जानता – विदुषा

सं गमेमहि – सङ्गच्छेमहि (सूर्योचन्द्रमसौ इव)

**•मन्त्रभावार्थः**

हे मनुष्य !यथा सूर्यः चन्द्रमा च नियमेन अहर्निशं गच्छतः तथा न्यायमार्गं गच्छत सज्जनैः सह समागमं कुरूतेति॥

"स्वस्ति पन्थामनुचरेम" इति मन्त्रांशे सूत्रलक्षणस्य समन्वयः भवति वा नेति विचारः प्रदर्श्यते। सूत्रलक्षणानुसारं सूत्रे षड् धर्माः यथा –

1.अल्पाक्षरत्वम्। 2. असन्दिग्धत्वम्।

---

[1]ऋग्वेदः मण्डलविभागः५-५१-१५
ऋग्वेदः अष्टकविभागः ४-३-७-५

3.सारवत्वम् । 4. विश्वतोमुखत्वम् ।

5. अस्तोभत्वम् । 6.अनवद्यत्वम् ।

**•अल्पाक्षरत्वम् ।**

सम्पूर्णस्य मन्त्रस्य विवक्षितार्थस्य च प्रतिपादनं केवलं मन्त्रांशेनैव जायते तेनास्य मन्त्रांशस्य अल्पाक्षरत्वं सिद्ध्यति । सम्पूर्णस्य मन्त्रस्य गलितार्थकत्वम् अस्मिन् मन्त्रांशे दृश्यते ।

**•असन्दिग्धत्वम् ।**

मन्त्रांशे शब्दगतसन्देहाभाववत्वमर्थगतसन्देहाभाववत्वं चेत्युभावपि विद्यते । सन्देहेन कार्यत्यागस्य नास्माकं परम्परा मन्त्रांशो असन्दिग्धात्वात् । विघ्नशङ्कया पथत्यागो अनुचितः इति वदन्ति सुभाषितानि अपि ।

**अनुवर्तुं सतां वर्त्म कृत्स्नं यदि न शक्यते ।**

**स्वल्पमप्यनुगन्तव्यं मार्गस्थो नावसीदति ।।[2] - सुभाषितम्**

**न हि कल्याणकृत कश्चित्**

**दुर्गतिं तात गच्छति ।।[3]श्रीमद् भ.गीता**

**•सारवत्वम् ।**

“स्वस्ति पन्थामनुचरेम” इत्यत्र बहूनां लक्ष्यानां साधुत्वात् अर्थगाम्भीर्यात्मकं सारग्रहीतत्त्वं सारवत्वंचास्ति ।

**“ सारो बले दृढांशे च ” इत्यमरः ।[4]**

”स्वस्ति न इन्द्रः“, “भद्रं कर्णेभिः श्रुणुयामः”, “असतो मा सद्गमय” इत्यादयः मन्त्राः सारवत्वं यथा प्रतिपादयति तथैव “स्वस्ति पन्थामनुचरेम” इत्यपि ।।

**•विश्वतोमुखत्वम्**

मन्त्रांशेऽस्मिन् बहूविषयव्यापित्वम् विश्वतोमुखत्वमस्ति । मन्त्रांशे वक्तव्यविषयाः यथा –

कल्याणमार्गस्य अनुसरणं कर्तव्यम् ।

विदुषासह सङ्गः कर्तव्यः ।

अहिंसकेन साकं वर्तितव्यम् ।

दानकर्त्रा सह सङ्गः कर्तव्यः ।

एतद्विहाय अपि बहूमूल्यानां सारगर्भितोपदेशः मन्त्रांशेऽस्मिन् ”स्वस्ति पन्थामनुचरेम“ इत्यत्र सत्वात् मन्त्रांशस्य व्यापकता, विश्वतोमुखत्वञ्च सिद्ध्यति ।

**•अस्तोभत्वम् ।**

मन्त्रांशे स्तम्भनराहित्ये नास्ति सन्देहः । नैकोऽपि शब्दः वर्णो वा यः स्वस्य चारितार्थ्यं न द्योतयति । प्रत्येकमप्यक्षरं स्वं स्वं गाम्भीर्यार्थं प्रकटयति ।

**•अनवद्यत्वम् ।**

अर्थदोषराहित्यम् अनवद्यत्वम् । बह्यर्थकाः वर्णाः शब्दाः वा भवन्ति अत अर्थदोषेन दूषितो मन्त्रांशो न भवेत् । मन्त्रांशात्मकं सूत्रं च वेदमूलकत्वात् स्वाभाविकतया अपौरूषेयत्वात् आप्तोक्तत्वात् शब्दचारितर्थ्यत्वात् अवद्यदोषरहितम् ।

---

[2]सुभाषितरत्नभाण्डागारः
[3]श्रीमद्भगवद्गीता अ.६ श्लोक.४०
[4]अमरकोषः

इत्थं "स्वस्ति पन्थामनुचरेम" इति मन्त्रांशस्य अल्पाक्षरत्वात् , असन्दिग्धत्वाम्, सारवत्वात्, विश्वतोमुखत्वात् , अस्तोभत्वाम्, अनवद्यत्वात् इत्यादि सूत्रलक्षणसमन्वयात् सूत्ररूपेण च प्रतिप्रादनात् सर्वार्थतया सूत्रत्वं सिद्धयति । वेदे च बहूनि एतादृशानि सूत्राणि इति दिक् ।

**•सन्दर्भग्रंन्थसूचिः।**


1.व्याकरणशास्त्रस्येतिहासः – डो. ब्रह्मानंद त्रिपाठी, चौखम्बा सुरभारती प्रकाशन.

2.ऋग्वेद संहिता –प्रो.रूपकिशोरः शास्त्री, महर्षिसांदिपनिराष्ट्रीयवेदविद्याप्रतिष्ठानम्, उज्जैन.

3.अमरकोषः – पंडित शिवदत्तदाधिमथः, चौखम्बा संस्कृत प्रतिष्ठानम्.

4.श्रीमद् भगवद्गीता – गीताप्रेस,गोरखपुर

5.सुभाषितरत्नभाण्डागारः

6.काव्यमीमांसा – डो. कृष्णमणि त्रिपाठी,चौखम्बा सुरभारती प्रकाशन.

# शैक्षणिकविज्ञानदृष्ट्या परिभाषेन्दुशेखरग्रन्थः

10

प्रस्तोता
**उदितः जितेन्द्रः शर्मा**
शोधच्छात्रः
श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालयः वेरावलम्

शिक्षणं विकासकारिणीप्रक्रियायाम् अन्तर्निहितं ज्ञानमेव कालानुगुणं विशेषपरिस्थितौ प्रस्फुटितं जायते । इति धिया वैज्ञानिकशिक्षणं पारम्परिकशिक्षातः एव प्रस्फुटितं जायते इति निश्चितं तत् व्याकरणग्रन्थेषु वर्तते इति आचार्यकक्षायां अध्ययनशीलः आसीत् तदानीमेव मदियो विचारः आगतः। अतः विषयोऽयं चितः। एतेन शोधपत्रेण पाश्चात्यानां भ्रान्तिः यत्प्राचीनशास्त्रेषु शिक्षणम् नास्ति इति निर्मूलनम् । तेनैव कारणेन "शैक्षणिकविज्ञानदृष्ट्या नागेशभट्टेन कृतः परिभाषेन्दुशेखरः ग्रन्थः कथम् उपयोगी" इति अस्मिन् शोधपत्रे अल्पः प्रयासः कृतः अस्ति ।

अद्यतनकाले शिक्षायाः ह्रासः स्नातकोत्तरकक्षायां गत्वाऽपि छात्राः प्रायेण माध्यमिकस्तरीयाः भवन्ति तेषु तज्ज्ञानं स्तरानुगुणं कथम् स्यात् बुद्धिविकासः रूचेरुत्पादनं तेषु आवश्यकम्, तदर्थमेव वैज्ञानिकप्रक्रियया शिक्षणं तेषु भवेद् इति हेतोः एतत्परिशीलनम् आवश्यकम् आसीत् ।

शिक्षाशास्त्रमेकं ज्ञानशास्त्रम्, उच्चारणशास्त्रमिति, व्यवस्थापनम् तत्तत्स्थानीयाः वर्णाः, विभिन्नार्थस्य द्योतकाः, यथा शषसहाः, वर्णव्यवस्था, संश्लेषणम्, विश्लेषणम्, संयोजनम्, विच्छेदश्च, अर्थकथनम्, आख्यानम्, लक्ष्ये नियोजनम्, सिद्धान्ताख्यानम् इत्यादि सर्वं विदुषा भट्टेन कृतम् तत्र एका नूतना दृष्टिरावश्यकी ।

यन्नूतनं साहित्यं तदेव रुचिकरं रमणीयञ्च अतः प्रथाभेदेन तदेवसिद्धान्ताः पुनराख्यापनीयाः बोधस्य नूतना आयामाः स्युरिति कृत्वा शिक्षणमेकं विज्ञानम्, शिक्षाशब्दार्थः भारतीयदार्शनिकानां पाश्चात्यानां दृष्टिः शिक्षणस्य विविधाः अर्थाः, तस्य व्यापकत्वम् न्यूनत्वम्, औपचारिकमनौपचारिकम् उभयं परिशील्य शिक्षणस्य प्रक्रिया हेतवः, जीवनस्य पूर्णं लक्ष्यम्, शिक्षणस्य तत्त्वज्ञानम्, शिक्षणस्य विविधाः सिद्धान्ताः, अपेक्षावृत्तिः, जिज्ञासाप्रवृत्तिः, स्वभावः समर्पणं, शिक्षणसूत्राणि, परिभाषेन्दुशेखरे बहुमुखीस्वतन्त्रताविज्ञानम्, परिभाषासु शिक्षणसिद्धान्ताः इति बहवः शीर्षकाः भवितुं शक्नुवन्ति । अतः

**शिक्षणविज्ञानम्**

शिक्षणम् एकं विज्ञानं वर्तते । शिक्षणं क्रमशः प्रदीयते । एकस्य उपरि अपरस्य आधारशीलता, क्रमबद्धता च भवति । क्रमबद्धता परिभाषेन्दुशेखरे वर्तते । एकस्याः परिभाषायाः अपरेण सह सम्बन्धः बाध्यबाधकभावश्च दृश्यते । द्वयोः तुल्यदेशता तुल्यबलत्वमेव बाध्यबाधकं बीजम् ।

सामान्यतया सूत्राणां प्रवृत्तिर्विधानं, विधाने च निषेधः, निषेधस्य च विधानं दृश्यते। तत्र काश्चित् परिभाषाः, कानिचन वार्तिकानि च वर्तन्ते । परिभाषया विधिसूत्राणां सहयोगः सहायता साध्यते । अतः उभयोः उपकार्योपकारकभावः सम्बन्धो जायते । लोकोपकारितायाः सिद्धान्तो विकसत्यनेन । परस्परसाहाय्यमेव गुणत्वस्य वर्धनेन वृद्धिः यथा रासायनिकप्रक्रियायां मिश्रणं नूतनं द्रव्यं जनयति तद्वत्

विधिपरिभाषयोः सम्मेलनेन कश्चन नूतनार्थः लक्ष्यसाधकः यथा[1] व्यवहिताव्यवहितयोरेकोऽव्यवहितस्य यजादेशः ।

सूत्रात्मकतया लक्षणं दृष्ट्वा लाक्षणिकत्वात् एकमेवसूत्रे सप्तम्यन्तं पदं यत्र यत्र भवति तत्र तत्र लक्षणं लक्ष्यं दृष्ट्वा निर्मीयिते लक्षणं सर्वोपक्रान्तं भवति समग्रग्राही, न तु एकदेशी । यत्र कुत्रापि एकदेशीयता तत्र कश्चन निषेधकः भवति, उभयोः व्यवस्था व्याकरणे शास्त्रेऽस्मिन् दृश्यते ।

शिक्षणं प्रामाणिकं भवति । प्रमाणतया सिद्धं यत्किमपि तल्लक्ष्यं न अतिक्राम्यति । यथा अनुबन्धाः बोधकस्यावयवाः भवन्ति । अवयवः बोधके सहयोगं यच्छति यथा उक् ठञ् इत्यादिषु प्रत्ययेषु ञित्वात् कित्वात् च "तद्धितेष्वचामादेः[2]" इत्यनेन वृद्धौ जायते तत्फलं - मासिकम् इत्यादि प्रयोगाः सम्भवन्ति । अनुबन्धाः कुत्रचिद् गृह्यन्ते क्वचित् न, समन्वयः बालकस्य शिक्षणाय सर्वोपकारकरणाय सदार्द्रचित्ता इति आगमसिद्धान्तानुगुणं सर्वोपकरणानि भवन्ति । किन्तु तानि साधनानि न साध्यानि इदं सर्वं साध्यसाधकविचारे साध्यमेव लक्ष्यं, साध्यं, ज्ञानं बालकस्य योग्यता, संसाधनानि तु अनुबन्धानि अनुबन्धाः प्रतिबन्धकाः अतः तेषु अधिकः कालो न व्ययः कर्त्तव्यः । अयमेव सिद्धान्तः ।

"गौणमुख्ययोः मुख्ये कार्यसम्प्रत्ययः[3]" इति परिभाषया मुख्ये एव प्रत्ययः प्रधानं कल्पितं समाजे शिक्षणे च प्रधानता प्राथमिकता कल्प्यते । प्रथमोपस्थितिः इति ज्ञानार्थं निर्दिश्यमान इति शब्दः प्रयुज्यते ।

निर्दिष्यमानः निर् उपसर्गपूर्वकः दिश् धातोरर्थः उच्चारणम् उच्चारणेनानुरूपं श्रवणं कार्यं सम्पद्यते । क्वचिच्छ्रवणे भिन्नः कार्यं भिन्नं तद्बोद्धुं बोधकयोः प्रत्ययाभावः प्रत्ययः नूतनोत्पत्तिः ।

**परिभाषेन्दुशेखरस्य परिचयः**

संस्कृतजगति व्याकरणशास्त्रस्य महत्त्वपूर्णं स्थानं वर्तते । "मुखं व्याकरणं स्मृतम्" इत्युक्त्यनुसारम् अस्य पुष्टिः जायते । व्याकरणानां वैविध्ये सत्यपि पाणिनीयव्याकरणम् एव सर्वमान्यम् अस्ति । महर्षिपाणिनिना "अष्टाध्यायी" ग्रन्थः रचितः । अयं ग्रन्थः विश्वव्याप्तः अस्ति । अस्य ग्रन्थस्य विस्तृतं गभीरं च स्वरूपं पतञ्जलेः महाभाष्ये दृश्यते । पातञ्जलमहाभाष्यस्य प्रौढस्वरूपं दृष्ट्वा कैयटनागेशभट्टाभ्यां सूक्ष्मरहस्यानां प्रतिपादनं कृतम्। वैयाकरणजगति तयोः महद्योगदानम् अस्ति ।

यद्यपि पाणिनेः अष्टाध्यायी-ग्रन्थस्याधारेण काशिकादयः ग्रन्थाः अपि रचिताः, तथापि तेषाम् आधारेण भट्टोजिदीक्षितेन, नागेशभट्टेन च इत्यादिभिः विद्वद्भिः प्रचालितानां परम्पराणां साम्प्रतमपि संस्कृतजगति विशिष्टं स्थानमस्ति । नागेशभट्टेन स्वप्रतिभया इयं परम्परा प्रकाशिता । तस्याधारेण बहूनां वैयाकरणग्रन्थाः निर्मिताः । ताः ग्रन्थाः व्याकरणशास्त्रस्य मानदण्डस्वरूपे विद्वज्जगति प्रसिद्धाः सन्ति । तेषु ग्रन्थेषु **"परिभाषेन्दुशेखरः"** अपि अन्यतमः ग्रन्थः अस्ति ।

**शैक्षणिकविज्ञानदृष्ट्या परिभाषेन्दुशेखरग्रन्थः**

---

[1] तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य ।

[2] अष्टाध्यायी सूत्रपाठः ७/२/११७ ।

[3] परिभाषेन्दुशेखरः, शास्त्रत्वसम्पादनोद्देशप्रकरणम्, परिभाषा – १५ ।

परिभाषेन्दुशेखरः इति नामश्रवणेन एव व्यापकस्य अर्थस्य प्रतीतिर्जायते । यद्व्यापकं तदेव उपकारकं, सर्वशिक्षादायकं च । यावती व्यापकता तावती एव सफलता । यथा व्याकरणस्य अस्य पाणिनीयस्य लोपः शाकल्यस्य ओतो गार्ग्यस्य ईचाक्रमवर्णस्य इत्यादीनि सूत्राणि तत्तन्महर्षीणां मतानां सङ्ग्रहं विधाय पाणिनेः व्याकरणस्य उपयोगिताम् अधिकाधिकं करयन्ति । तत्पाणिनेः व्याकरणस्य व्यापकतायाः सिद्धान्तः । परिभाषाणामपि तावदेव व्यापकताम् आदाय एषः ग्रन्थः नागेशभट्टेन विरचितः । यत्र प्राचीनवैयाकरणानां व्याकरणशास्त्रे याः परिभाषाः ताः वचनरूपेण पठिताः । पाणिनीयशास्त्रे ज्ञापिकाः परिभाषाः लौकिकन्यायसिद्धाः परिभाषाः, भाष्यकारानुमोदिताः, वार्त्तिककृदभिप्सिताः च परिभाषाः अत्र समाविष्टाः । तादृशी व्यापकता दृष्टिः यत्र यत्र शिक्षणे दृश्यते, तत्र तत्र शिक्षायाः क्षेत्रम् आधारश्च दृढतरो जायते [4]। व्यापकतायाः विज्ञानम् एव मनुष्यस्य सार्वभौमं लक्ष्यं प्रापयति ।

यत्र व्यापकता तत्र मुखं सङ्कुचितं सीमितं च भवति । अतः परिभाषाशास्त्रे प्रवेशाय प्रथमतः शास्त्रस्य परिभाषा तदुद्देश्यं पुनश्च व्याख्यानस्य शैली इत्येतत् सर्वमपि विज्ञानस्य कोटौ आयान्ति । तदेव कोषकारेण अमरसिंहेन विज्ञानपदेनाभिहितं यत् - "मोक्षे धीर्ज्ञानमन्यत्र विज्ञानं शिल्पशास्त्रयोः"[5] । शास्त्रस्य शिल्पस्य च ज्ञानं विज्ञानमिति उच्यते । अत्र क्रमपूर्विकाः परिभाषाः तत्र एकापि अपरया सह सम्बद्धाः लक्ष्यसाधनतत्पराः । पदच्छेदः पदार्थोक्तिः विग्रहसहिताः प्रतिपादिताः । अत एव सर्वाः पद्धतयः, प्रतिपादनशैली अपि विज्ञानपूर्णा । तत्कारणादेवायं ग्रन्थः, ग्रन्थकारस्य विविधविद्यालयेषु पाठ्यक्रमेषु इदनीमपि निर्धारितो वर्तते । तदस्य ग्रन्थकारस्य विज्ञानकारणादेव ।

शास्त्रत्वमपि विज्ञानशब्देनैवाभिहितमत एव अर्वाचीनाः शैक्षणिकतकनीकिशब्दाः प्रयुक्ताः तत्र तकनीकिपदवाच्याः केवलं साधनभूतं संगणकादियंत्रमेव न अपितु अन्तर्ब्राह्य विचाराणामालोडनेन सर्वग्राही प्रक्रिया या चेतनतायाः स्पन्दनस्य च पोषिका येन आन्तरिकं जगत् बाह्यजगच्च प्रभावितं जायते, लक्ष्यसाधकत्वमपि तत्र भवतु लक्ष्यधर्मिता, परार्थविचारः, शास्त्रीयप्रक्रिया ज्येष्ठानुमोदितं व्यवहारोपयोगिलोकहितावहस्तद् वैज्ञानिकमिति उच्यते । लक्ष्यस्यालक्ष्यं यथा केनचित् क्रियते तदानीमेव शंसनात् शासनात् च शास्त्रस्य अस्य विज्ञानत्वं सिद्ध्यति । त एव पक्षा अत्र प्रकाशमानीताः ।

**परिभाषेन्दुशेखरे शिक्षणसर्वाङ्गीणविकासस्य सम्भावना वर्तते न वा ?**

व्याकरणस्य प्रयोजनं छात्रेषु शब्दज्ञानं तत्सम्बद्धार्थज्ञानं तथा च नूतनशब्दानां संरचना स्वयमेव भवेत् तदर्थं परिस्थित्युत्पादनमपि वर्तते । तत्र महत्त्वपूर्णांशः स्वानुभवजन्यं ज्ञानमेव वास्तविकं ज्ञानं प्रापयितुं शक्नुयात् । तेषु प्रयोजनविधौ विविधसिद्धान्ताः वर्तन्ते ।

**१ स्वभाविकतासिद्धान्तः**
**२मनोवैज्ञानिकसिद्धान्तः**
**३क्रियाशीलसिद्धान्तः**

---

[4] प्राचीनवैयाकरणतन्त्रे वाचनिकान्यत्र पाणिनीयतन्त्रे ज्ञापकन्यायसिद्धानि भाष्यवार्त्तिकयोरुपनिबद्धानि यानि परिभाषारूपाणि तानि व्याख्यायन्ते । (परिभाषेन्दुशेखरः – मङ्गलाचरणे पृष्ठ २, )

[5] अमरकोशः

**४नियोजनसिद्धान्तः**
**५उद्देश्यसिद्धान्तः रुचेः सिद्धान्तः**
**६वास्तविकतासिद्धान्तः**
**७सामाजिकतासिद्धान्तः**
**८स्वतन्त्रतासिद्धान्तः**
**९उपयोगसिद्धान्तः**

एतानि आधारीकृत्यानि सिद्धान्तानि प्रयोजनविधेः परिकल्पितानि वर्तन्ते । तेषु प्रयोजनविधेः प्रयोगक्रमात् तस्मिन् पञ्चपदानि वर्तन्ते । येषु प्रप्रथमः परिस्थित्युत्पादनम् । अत्र अध्यापकः छात्रेषु कार्यमारोपयति । छात्राः परिस्थित्यनुगुणं स्वयमेव वातावरणं परिकल्प्य आकर्षयन्ति । तत्र विविधपरिकल्पनासु स्वरुच्यनुसारं छात्राः रुचिं प्रदर्शयन्ति। एतेन तेषु रुचेः सिद्धान्तः विकसितो जायते । अनेन प्रकारेण नागेशभट्टस्य परिभाषेन्दुशेखरे शैक्षणिकविज्ञानं समाहितम् अस्ति इति ।

...Published by...
http://www.shantiejournal.com/

SHANTI PRAKASHAN

HQ. : 1780, Sector-1, Delhi By pass,
ROHTAK-124001 (HARYANA)

OTHER CONTACT

D-19/220, Nandanvan Apartment, Nr. Bhavsar Hostel,
New Vadaj, AHMEDABAD-380013.